સત્યમેવ જયતે

ગુજરાત સરકાર

શિક્ષણ નિયામકની કચેરી

શિક્ષણ ખાતાનો

# વાર્ષિક વહીવટી હેવાલ

## ૧૯૬૯-૭૦.

*

૧૯૭૨
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

[ કિંમત ૦.૯૫ પૈસા ]

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | | (iii-iv) |
| સામાન્ય માહિતી | | |
| ૧ | સામાન્ય પ્રગતિ ... ... ... ... | ૧ |
| ૨ | શૈક્ષણિક કર્મચારી તથા સંઘટન ... ... ... ... | ૮ |
| ૩ | પ્રાથમિક શિક્ષણ ... ... ... ... | ૯ |
| ૪ | માધ્યમિક શિક્ષણ ... ... ... ... | ૧૫ |
| ૫ | ઉચ્ચ શિક્ષણ ... ... ... ... | ૨૦ |
| ૬ | શિક્ષકોની તાલીમ ... ... ... ... | ૨૫ |
| ૭ | વ્યવસાયિક અને ખાસ શિક્ષણ ... ... ... ... | ૨૮ |
| ૮ | સમાજ શિક્ષણ ... ... ... ... | ૨૯ |
| ૯ | વ્યાયામ શિક્ષણ ... ... ... ... | ૩૦ |
| ૧૦ | કન્યા કેળવણી ... ... ... ... | ૩૨ |
| ૧૧ | અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ ... ... ... ... | ૩૩ |
| ૧૨ | ટેકનિકલ શિક્ષણ ... ... ... ... | ૪૮ |

## સામાન્ય માહિતી

૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજ્યની વસ્તી ૨૦૬૩૩૩૫૦ હતી. હેવાલ હેઠળના વર્ષમાં રાજ્યની અંદાજી વસ્તી ૨૬૪ લાખ હતી. રાજ્યમાં ૧૮૧ નગરો અને ૧૯૦૧૭ ગામડાં હતા. રાજ્યમાં ૧૯૬૯-૭૦માં ૧૯ જિલ્લા હતા. ગુજરાત રાજ્યનું કુલ ક્ષેત્રફળ ૧૮૭૦૯૧ ચો. કી. મી. હતું.

હેવાલ હેઠળના વર્ષ દરમિયાન શ્રી પ્રા. રા. ચૌહાણ શિક્ષણ નિયામક હતા. તેમને રોજબરોજના વહીવટી કામમાં મદદ કરવા એક સંયુકત શિક્ષણ નિયામક અને ત્રણ નાયબ શિક્ષણ નિયામક હતા. રાજ્યમાં પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીની સરકારી શૈક્ષણિક નીતિના અમલ અંગેની વહીવટી જવાબદારી શિક્ષણ નિયામક સંભાળે છે. શિક્ષણના જુદા જુદા તબકકાઓની જવાબદારી અંગેની વિગત નીચેના ફકરાઓમાં આપવામાં આવેલ છે.

### પ્રાથમિક શિક્ષણ

પંચાયત રાજ્યના અમલથી અધિકૃત નગરપાલિકા સિવાયના વિસ્તારોમાં જિલ્લા પંચાયતો પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી તેમની શિક્ષણ સમિતિની મારફતે બજાવે છે. જિલ્લા પંચાયતમાં શિક્ષણ ખાતા તરફથી શાસનાધિકારીઓને નિયુકત કરેલા હોય છે. શિક્ષણ નિયામક જિલ્લા પંચાયતને પ્રાથમિક શિક્ષકના પગાર અને ભથ્થાઓ ઉપર ભાષાઓના શિક્ષણની વ્યવસ્થા પાછળના ખર્ચ ઉપર ૧૦૦ ટકા અનુદાન આપે છે. ઉપરાંત વિદ્યાર્થી દીઠ રૂા. ૨.૬૩ ગ્રાન્ટ બિન શૈક્ષણિક ખર્ચ પેટે આપે છે. શિક્ષણ નિયામક સરકારના શૈક્ષણિક નીતિના અમલ માટે જરૂરી, સૂચનાઓ શિક્ષણ સમિતિઓને આપે છે. શહેરી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી અધિકૃત નગરપાલિકાઓ સંભાળે છે. અને તેમને પણ નિયમાનુસાર ગ્રાન્ટ આપવામાં આવે છે.

### માધ્યમિક શિક્ષણ

રાજ્યમાં હેવાલના વર્ષ દરમ્યાન ૨૦૯૨ માધ્યમિક શાળાઓ પૈકી ૭૮ શાળાઓ સરકાર હસ્તક હતી. રાજ્યમાં મોટા ભાગની માધ્યમિક શાળાઓનું સંચાલન બીન સરકારી સંસ્થાઓ હસ્તક છે. બીન સરકારી માધ્યમિક શાળાઓને ૧૯૬૯-૭૦ના વર્ષથી ઈશ્વરભાઈ કમીટીની ભલામણો પ્રમાણે સુધારેલ ધોરણે ગ્રાન્ટ આપવામાં આવે છે. આ સુધારેલા ધોરણ અનુસાર માધ્યમિક શિક્ષકોનાં પગાર અને ભથ્થા તથા સંસ્થાના પ્રો. ફંડ ફાળા સહિતના ખર્ચ પર ૧૦૦ ટકા અનુદાન આપવામાં આવે છે. જ્યારે શાળાના મકાન રમત ગમતના મેદાન માટે કુલ પગાર ખર્ચના ૧૫ ટકા જેટલી રકમ ગ્રાન્ટ તરીકે આપવામાં આવે છે. તે ઉપરાંત અન્ય શૈક્ષણિક સવલતો જેવી કે પુસ્તકાલય, પ્રયોગશાળા માટેના સાધનો માટે તેમજ અન્ય શૈક્ષણિક ખર્ચ માટે પગાર બીલના ૨૦ ટકા સુધીની મર્યાદામાં ગ્રાન્ટ આપવામાં આવે છે. શાળાની ફીની ઊપજ આવક તરીકે ગણવામાં આવે છે. શાળાઓની વાર્ષિક તપાસણી અને દેખરેખનું કાર્ય ખાતાના જિલ્લા શિક્ષણાધિકારીના હસ્તક છે. માધ્યમિક શાળાના પાઠય પુસ્તકો અને અભ્યાસક્રમ ખાતાએ મંજૂર કરેલ હોય છે.

હેવાલના વર્ષ દરમિયાન માધ્યમિક શાળાઓમાં ૮ અને ૯ ધોરણમાં અભ્યાસ કરતી કન્યાઓને રાજ્ય સરકાર તરફથી મફત શિક્ષણ આપવામાં આવ્યું હતું. જે ક્રમે ક્રમે દર વર્ષે મફત કરતાં ૧૯૭૧-૭૨થી માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતી બધીજ કન્યાઓને મફત શિક્ષણ આપવાની જોગવાઈ છે.

### ઉચ્ચ શિક્ષણ

રાજ્યમાં હેવાલના વર્ષ અંતે પાંચ યુનિવર્સિટીઓ હતી. આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ યુનિ. ગ્રાન્ટ કમિશન એકટ પ્રમાણે માન્ય યુનિવર્સિટી ગણાય છે. ત્રણ જૂની યુનિવર્સિટીઓનાં નિભાવ માટે બ્લોક ગ્રાન્ટ આપવામાં આવે છે. જ્યારે બે નવી યુનિવર્સિટીઓને નિભાવ માટે એડહોક ગ્રાન્ટ આપવામાં આવે છે. યુનિ. ની ભલામણને આધારે રાજ્ય સરકાર કોલેજોને જોડાણ આપે છે. આવી સંસ્થાઓને શિક્ષણ નિયામકશ્રી વિદ્યાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને ગણત્રી કરીને કુલ પગાર-બીલ Total Pay Pocketની રકમ ધ્યાનમાં રાખીને પાત્ર થતી ગ્રાન્ટ જે તે કોલેજને નિભાવ ગ્રાન્ટ તરીકે આપે છે. ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે ૧૫ ટકાથી ૫૦ ટકા સુધી ગ્રાન્ટ અપાય છે. ગ્રાન્ટનું ધોરણ સંસ્થાના કદ અને તેમાં શીખવાડાતા વિષય ઉપર અવલંબે છે. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ઉપર ખાતાનો કોઈ સીધેસીધો અંકુશ હોતો નથી. યુનિ. ના અંકુશ હેઠળ આ સંસ્થાઓ કામ કરે છે.

### ઇતર પ્રવૃત્તિઓ

શિક્ષણ નિયામક પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ અંગેની જવાબદારી ઉપરાંત અન્ય કામગીરીઓ જેવી કે પુસ્તકાલયો, ચિત્ર, અને હુન્નરકલા, વાણિજ્ય શિક્ષણ, શારીરિક શિક્ષણ, વગેરે સંભાળે છે. આ માટે શિક્ષણ નિયામકની નીચે રાજ્ય કક્ષાએ વિશિષ્ટ અધિકારીઓ કામ કરે છે. જેની યાદી મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

૧. ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી.

૨. ચિત્રકામ અને હુન્નરકળા નિરીક્ષક.

૩. વાણિજ્ય શાળાઓના નિરીક્ષક.

૪. શારીરિક શિક્ષણ નિરીક્ષક.

૫. વ્યવસાયી માર્ગદર્શન અધિકારી.

૬. સમાજ શિક્ષણ અધિકારી.

૭. આશ્રમ શાળાઓના નિરીક્ષક.

શિક્ષણ ખાતા મારફત લેવાતી પરીક્ષાઓનું સંચાલન રાજ્ય પરીક્ષા બોર્ડ કરે છે.

**શિક્ષક તાલીમ**

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટે ૬૬ અધ્યાપન મંદિરો હતા. આ પૈકી ૨૬ સરકાર હસ્તક હતા. બાકીના ખાનગી સંસ્થાઓ સંચાલિત હતા. બીન સરકારી અધ્યાપન મંદિરોને માન્ય ખર્ચના ૬૬.૬ ટકા લેખે અનુદાન આપવામાં આવ્યું હતું.

**પાઠ્ય પુસ્તકો**

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે નિયત કરેલ અભ્યાસક્રમને અનુલક્ષીને રાજ્ય કક્ષાએ પાઠ્ય પુસ્તકો તૈયાર કરવા એક શાળા પાઠ્ય પુસ્તક મંડળ અસ્તિત્વમાં આવ્યું છે. જે તે વિષયોના પુસ્તકોની નિષ્ણાતો દ્વારા ચકાસણી થયા પછી આ પાઠ્ય-પુસ્તક મંડળ દ્વારા પ્રગટ થાય છે. ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષથી આ મંડળે તૈયાર કરેલ પાઠ્યપુસ્તક સુધારેલા અભ્યાસક્રમ મુજબનું મંજૂર કરવામાં આવેલ છે.

શૈક્ષણિક નીતિ સંબંધિ રાજ્ય સરકારને સલાહ આપવા માટે શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય શિક્ષણ સલાહકાર પરિષદ છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે અલગ સમિતિ અને પ્રાથમિક શિક્ષણ માટેનું વૈધાનિક મંડળ અસ્તિત્વમાં છે.

**ટેકનિકલ શિક્ષણ**

ટેકનિકલ શિક્ષણ અંગેની નીતિના અમલની વહીવટી જવાબદારી ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી સંભાળે છે. અને હેવાલના વર્ષ દરમ્યાન શ્રી ફી. સા. કલવચવાલા ટેકનીકલ શિક્ષણ નિયામક હતા. તેમને રોજબરોજના વહીવટી કામમાં મદદ કરવા નાયબ ટેકનિકલ શિક્ષણ નિયામક હતા.

# પ્રકરણ—૧

## સામાન્ય પ્રગતિ

### શૈક્ષણિક સંસ્થાઓ

૧ (૧) હેવાલના વર્ષ દરમિયાન રાજ્યમાં ઘણે ખરે તબક્કે શૈક્ષણિક સંસ્થાઓમાં વધારો થયો હતો. ૧૯૬૯-૭૦માં કુલ ૨૫૬૯૭ સંસ્થાઓ પૈકી ગ્રામ વિસ્તારમાં ૨૧૧૨૫ (૮૨.૨ ટકા) હતી. કુલ સંસ્થાઓમાંથી ૯૮.૬ ટકા સંસ્થાઓ બીન સરકારી હતી. આ અંગેની વિગતવાર માહિતી કોઠા નં. ૧ (૧), ૧ (૬) અને ૧ (૨) માં બતાવી છે.

### વિદ્યાર્થીઓ

૧ (૨) કોઠા નં. ૧ (૩) અને ૧ (૬) ઉપરથી જણાય છે કે રાજ્યમાં ૧૯૬૯-૭૦માં શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૯૯,૭૬૯ વધારો થયો હતો. હેવાલના વર્ષને અંતે કુલ ૪૩,૨૭,૫૦૦ વિદ્યાર્થીઓમાંથી ૨૬૩૧૭૮૫ વિદ્યાર્થીઓ ગ્રામ વિસ્તારના હતા.

### શિક્ષકો

૧ (૩) ૧૯૬૮-૬૯માં શિક્ષકોની સંખ્યા ૧૨૩૩૯૧ હતી તે વધીને ૧૯૬૯-૭૦માં ૧૨૬૧૪૩ હતી. ૧૯૬૮-૬૯માં સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા ૩૪૬૦૧ હતી તે વધીને હેવાલના વર્ષને અંતે ૩૫,૮૬૩ થઈ હતી. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકોની સંખ્યામાં સારો એવો વધારો નોંધાયો હતો. વિગતવાર માહિતી કોઠા નં. ૧(૪)માં આપેલી છે.

### ખર્ચ

કોઠો નં. ૧ (૫) જોતાં જણાશે કે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ ઉપર ૧૯૬૮-૬૯માં કુલ ખર્ચ ૪૩,૦૬,૭૫,૬૯૨ થયું હતું તે વધીને હેવાલના વર્ષને અંતે ૪૮,૫૬,૦૫,૩૮૧ થયું હતું. કુલ ખર્ચના ૬૧.૩ ટકા સરકારશ્રીનો ફાળો હતો.

## કોઠા નં. ૧ (૧)

### પ્રકારવાર શિક્ષણ સંસ્થાઓ

| સંસ્થાનો પ્રકાર | ૧૯૬૮--૬૯ | | | ૧૯૬૯--૭૦ | | | વધારો + ઘટાડો − | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | બન્ને માટે | | | બન્ને માટે | | | | | |
| યુનિવર્સિટીઓ ... | ૫ | ... | ૫ | ૫ | ... | ૫ | ... | ... | ... |
| સંશોધન સંસ્થાઓ ... | ૧૦ | ... | ૧૦ | ૧૦ | ... | ૧૦ | ... | ... | ... |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો ... | ૧૧૩ | ૧૩ | ૧૨૬ | ૧૧૯ | ૧૪ | ૧૩૩ | +૬ | +૧ | +૭ |
| વ્યવસાયિક અને ખાસ કોલેજો ... | ૭૨ | ... | ૭૨ | ૮૩ | ... | ૮૩ | +૧૧ | ... | +૧૧ |
| માધ્યમિક શાળાઓ ... | ૧૭૫૫ | ૧૮૮ | ૧૯૪૩ | ૧૮૯૦ | ૨૦૨ | ૨૦૯૨ | +૧૩૫ | +૧૪ | +૧૪૯ |
| પ્રાથમિક શાળાઓ ... | ૨૦૦૮૬ | ૧૦૧૭ | ૨૧૧૦૩ | ૨૦૧૧૪ | ૧૦૦૬ | ૨૧૧૨૦ | +૨૮ | −૧૧ | +૧૭ |
| સમાજ શિક્ષણ વર્ગો ... | ૧૫૬૬ | ૭૩૮ | ૨૩૦૪ | ૮૧૪ | ૩૭૫ | ૧૧૮૯ | −૭૫૨ | −૩૬૩ | −૧૧૧૫ |
| બીજી શાળાઓ ... | ૯૭૦ | ૧૪૯ | ૧૧૧૯ | ૮૯૩ | ૧૭૨ | ૧૦૬૫ | −૭૭ | +૨૩ | −૫૪ |
| કુલ ... | ૨૪૫૭૭ | ૨૧૦૫ | ૨૬૬૮૨ | ૨૩૯૨૮ | ૧૭૬૯ | ૨૫૬૯૭ | −૬૪૯ | −૩૩૬ | −૯૮૫ |

નોંધઃ— કુમારો માટેની શાળામાં મિશ્ર શાળાઓનો સમાવેશ થાય છે. આવી શાળાઓમાં કન્યાઓની સંખ્યા કુમારો કરતાં ઓછી હોય છે.

## કોઠા નં. ૧ (૨)

### સંચાલન વ્યવસ્થાના પ્રકાર પ્રમાણે શિક્ષણ સંસ્થાઓ ૧૯૬૯-૭૦

| સંસ્થાનો પ્રકાર | સરકાર | સ્થાનિક સંસ્થા | યુનિવર્સિટી | અનુદાન મેળવતી | અનુદાન ન મેળવતી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| યુનિવર્સિટીઓ | ... | ... | ૫ | ... | ... | ૫ |
| સંશોધન સંસ્થાઓ | ૧ | ૧ | ... | ૭ | ૧ | ૧૦ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૮ | ... | ૭ | ૧૧૪ | ૪ | ૧૩૩ |
| વ્યવસાયિક અને ખાસ કોલેજો | ૮ | ... | ૧૦ | ૪૨ | ૨૩ | ૮૩ |
| માધ્યમિક શાળાઓ | ૭૮ | ૧૯૬ | ... | ૧૭૮૫ | ૩૩ | ૨૦૯૨ |
| પ્રાથમિક શાળાઓ | ૧૭૪ | ૧૯૫૯૮ | ... | ૬૪૭ | ૭૦૧ | ૨૧૧૨૦ |
| સમાજ શિક્ષણ વર્ગો | ... | ૧૧૮૯ | ... | ... | ... | ૧૧૮૯ |
| બીજી શાળાઓ | ૬૬ | ૨૧૯ | ... | ૫૩૯ | ૨૪૧ | ૧૦૬૫ |
| કુલ | ૩૩૫ | ૨૧૨૦૩ | ૨૨ | ૩૧૩૪ | ૧૦૦૩ | ૨૫૬૯૭ |

## કોઠા નં. ૧ (૩)

## બધી શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ

| સંસ્થાના પ્રકાર | ૧૯૬૮-૬૯ | | | ૧૯૬૯-૭૦ | | | વધારો + કે ઘટાડો − | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | છોકરાઓ | છોકરીઓ | કુલ | છોકરાઓ | છોકરીઓ | કુલ | છોકરાઓ | છોકરીઓ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| યુનિવર્સિટીઓ | ૧૭૬૭ | ૩૫૧ | ૨૧૧૮ | ૨૦૧૨ | ૬૬૧ | ૨૬૭૩ | +૨૪૫ | +૩૧૦ | +૫૫૫ |
| સંશોધન સંસ્થાઓ | ૧૮૯ | ૧૦૦ | ૨૮૯ | ૧૬૭ | ૯૪ | ૨૬૧ | −૨૨ | −૬ | −૨૮ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૬૦૦૬૮ | ૨૬૦૬૪ | ૮૬૧૩૨ | ૬૩૫૭૦ | ૨૯૦૪૧ | ૯૨૬૧૧ | +૩૫૦૨ | +૨૯૭૭ | +૬૪૭૯ |
| વ્યવસાયિક અને ખાસ કોલેજો | ૩૧૯૨૨ | ૨૭૬૭ | ૩૪૬૮૯ | ૩૮૬૪૦ | ૩૭૫૮ | ૪૨૩૯૮ | +૬૭૧૮ | +૯૯૧ | +૭૭૦૯ |
| માધ્યમિક શાળાઓ | ૪૯૩૨૪૧ | ૨૨૨૭૧૯ | ૭૧૫૯૬૦ | ૫૦૮૪૩૦ | ૨૩૮૫૯૫ | ૭૪૭૦૨૫ | +૧૫૧૮૯ | +૧૫૮૭૬ | +૩૧૦૬૫ |
| પ્રાથમિક શાળાઓ | ૨૦૬૦૭૧૭ | ૧૨૦૧૬૦૫ | ૩૨૬૨૩૨૨ | ૨૦૯૬૧૪૯ | ૧૨૩૨૧૨૨ | ૩૩૨૮૨૭૧ | +૩૫૪૩૨ | +૩૦૫૧૭ | +૬૫૯૪૯ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૨૭૪૫૩ | ૧૫૭૮૦ | ૪૩૨૩૩ | ૧૮૫૪૪ | ૯૯૬૦ | ૨૮૫૦૪ | −૮૯૦૯ | −૫૮૨૦ | −૧૪૭૨૯ |
| બીજી શાળાઓ | ૪૭૧૧૧ | ૩૫૮૭૭ | ૮૨૯૮૮ | ૪૭૩૦૯ | ૩૮૪૪૮ | ૮૫૭૫૭ | +૧૯૮ | +૨૫૭૧ | +૨૭૬૯ |
| કુલ | ૨૭૨૨૪૬૮ | ૧૫૦૫૨૬૩ | ૪૨૨૭૭૩૧ | ૨૭૭૪૮૨૧ | ૧૫૫૨૬૭૯ | ૪૩૨૭૫૦૦ | +૫૨૩૫૩ | +૪૭૪૧૬ | +૯૯૭૬૯ |

Na—90—2

## કોઠા નં. ૧ (૪)

### શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષકો

| સંસ્થાનો પ્રકાર | ૧૯૬૮-૬૯ | | | ૧૯૬૯-૭૦ | | | વધારો + કે ઘટાડો − | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્રી | કુલ | પુરૂષ | સ્રી | કુલ | પુરૂષ | સ્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| યુનિવર્સિટીઓ | ૧૨૧ | ૧૦ | ૧૩૧ | ૧૬૧ | ૧૦ | ૧૭૧ | +૪૦ | ... | +૪૦ |
| સંશોધન સંસ્થાઓ | ૮૮ | ૨ | ૯૦ | ૯૯ | ૧૩ | ૧૧૨ | +૧૧ | +૧૧ | +૨૨ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૩૭૬૬ | ૫૬૪ | ૪૩૩૦ | ૩૮૮૪ | ૬૫૦ | ૪૫૩૪ | +૧૧૮ | +૮૬ | +૨૦૪ |
| વ્યવસાયિક અને ખાસ કોલેજો | ૧૫૧૫ | ૧૦૦ | ૧૬૧૫ | ૧૭૫૫ | ૧૩૪ | ૧૮૮૯ | +૨૪૦ | +૩૪ | +૨૭૪ |
| માધ્યમિક શાળાઓ | ૨૧૫૭૨ | ૪૭૩૮ | ૨૬૩૧૦ | ૨૨૩૨૬ | ૫૧૧૦ | ૨૭૪૩૬ | +૭૫૪ | +૩૭૨ | +૧૧૨૬ |
| પ્રાથમિક શાળાઓ | ૫૮૧૬૫ | ૨૭૦૯૪ | ૮૫૨૫૯ | ૫૯૨૭૯ | ૨૮૦૭૭ | ૮૭૩૫૬ | +૧૧૧૪ | +૯૮૩ | +૨૦૯૭ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૧૫૯૨ | ૫૧૪ | ૨૧૦૬ | ૭૯૮ | ૨૦૨ | ૧૦૦૦ | −૭૯૪ | −૩૧૨ | −૧૧૦૬ |
| બીજી શાળાઓ | ૧૯૭૧ | ૧૫૭૯ | ૩૫૫૦ | ૧૯૭૮ | ૧૬૬૭ | ૩૬૪૫ | +૭ | +૮૮ | +૯૫ |
| કુલ | ૮૮૭૯૦ | ૩૪૬૦૧ | ૧૨૩૩૯૧ | ૯૦૨૮૦ | ૩૫૮૬૩ | ૧૨૬૧૪૩ | +૧૪૯૦ | +૧૨૬૨ | +૨૭૫૨ |

કોઠા નં. ૧ (૫)

આવકના સાધનો પ્રમાણે શિક્ષણ પર થતું સીધું ખર્ચ

| આવકનું સાધન | ૧૯૬૮--૬૯ | કુલ ખર્ચની ટકાવારી | ૧૯૬૯--૭૦ | કુલ ખર્ચની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | રૂપિયા | | રૂપિયા | |
| સરકાર | ૨૫,૧૪,૫૩,૨૭૪ | ૫૮.૪ | ૨૯,૭૫,૭૦,૫૩૭ | ૬૧.૩ |
| જિલ્લા શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શાળા મંડળો. | ૩,૧૩,૩૧,૫૯૨ | ૭.૩ | ૨,૧૦,૧૫,૦૫૮ | ૪.૩ |
| ફી | ૯,૮૭,૨૫,૨૭૩ | ૨૨.૯ | ૧૧,૬૬,૦૫,૩૫૮ | ૨૪.૦ |
| બીજા સાધનો | ૪,૯૧,૬૫,૫૫૩ | ૧૧.૪ | ૫,૦૪,૧૪,૪૨૮ | ૧૦.૪ |
| કુલ | ૪૩,૦૬,૭૫,૬૯૨ | ૧૦૦.૦ | ૪૮,૫૬,૦૫,૩૮૧ | ૧૦૦.૦ |

## કોઠા નં. ૧(૬)

### ગ્રામ વિસ્તારની શિક્ષણ અંગેની માહિતી ૧૯૬૯–૭૦.

| સંસ્થાનો પ્રકાર | સંસ્થાની સંખ્યા | | | તમામ સંસ્થામાં નોંધાયેલ ગ્રામ વિસ્તારનાં વિદ્યાર્થીઓ | | | સંસ્થાઓ અંગે થયેલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમાર | કન્યાઓ | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| યુનિવર્સિટીઓ | ૧ | ... | ૧ | ૪૮૦ | ૮૯ | ૫૬૯ | ૨૯૨૬૬૬૬ |
| સંશોધન સંસ્થાઓ | ૨ | ... | ૨ | ૨૭ | ૧૧ | ૩૮ | ૪૦૮૮૧ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો | ૧૨ | ... | ૧૨ | ૨૪૮૧૩ | ૬૧૧૩ | ૩૦૯૨૬ | ૩૮૭૬૬૭૫ |
| વ્યવસાયિક અને ખાસ કોલેજો | ૯ | ... | ૯ | ૧૨૧૦૯ | ૮૩૭ | ૧૨૯૪૬ | ૨૨૮૯૯૬૭ |
| માધ્યમિક શાળાઓ | ૧૧૮૬ | ૨૮ | ૧૨૧૪ | ૨૪૧૪૩૬ | ૭૧૪૨૪ | ૩૧૨૮૬૦ | ૫૦૭૧૮૧૬૫ |
| પ્રાથમિક શાળાઓ | ૧૮૦૦૫ | ૫૬૮ | ૧૮૫૭૩ | ૧૪૭૮૪૫૯ | ૭૪૮૧૩૬ | ૨૨૨૬૫૯૫ | ૧૩૩૬૫૪૦૮૯ |
| સમાજ શિક્ષણ વર્ગો | ૭૪૬ | ૧૭૨ | ૯૧૮ | ૧૭૮૨૧ | ૫૭૨૪ | ૨૩૫૪૫ | ૧૮૦૫૭૧ |
| બીજી શાળાઓ | ૩૬૯ | ૨૭ | ૩૯૬ | ૧૩૩૩૫ | ૧૦૯૭૧ | ૨૪૩૦૬ | ૩૨૦૮૭૧૩ |
| કુલ | ૨૦૩૩૦ | ૭૯૫ | ૨૧૧૨૫ | ૧૭૮૮૪૮૦ | ૮૪૩૩૦૫ | ૨૬૩૧૭૮૫ | ૧૯૬૮૯૫૭૨૭ |

## પ્રકરણ ૨

## શૈક્ષણિક કર્મચારીઓ તથા સંઘટન

શિક્ષણ સેવાઓ માટેની જુદા જુદા પ્રકારની જગ્યાનું ૧૯૬૯-૭૦ના વર્ષ દરમ્યાન સંખ્યાબળ દર્શાવતું પત્રક.

| | | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| **ગુજરાત રાજ્ય શિક્ષણ સેવા વર્ગ–૧** | | |
| ૧ | ડાયરેકશન ... ... ... ... | ૭ |
| ૨ | ઈન્સ્પેકશન ... ... ... ... | ૧૬ |
| ૩ | તાલીમી સંસ્થા અને બીજી જગ્યા ... ... ... | ૧૧ |
| ૪ | કોલેજીયટ કેડર ... ... ... ... | ૧૭ |
| | કુલ જગ્યા ... | ૫૧ |
| **ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૨ વહીવટી શાખા** | | |
| ૧ | ડાયરેકશન ... ... ... ... | ૧૪ |
| ૨ | ટીચીંગ ... ... ... ... | ૯૭ |
| ૩ | ઈન્સ્પેકટીંગ ... ... ... ... | ૩૬ |
| ૪ | સામાન્ય ... ... ... ... ... | ૨૦ |
| ૫ | કોલેજીયટ બ્રાન્ચ ... ... ... ... | ૩૦૦ |
| | કુલ જગ્યા ... | ૪૬૭ |
| **ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૩** | | |
| ૧ | ઈન્સ્પેકટીંગ ... ... ... ... | ૧૧૩ |
| ૨ | ટીચીંગ કોલેજીયટ ... ... ... ... | ૪૭૭ |
| ૩ | ટીચીંગ સેકન્ડરી સ્કૂલ એન્ડ ટ્રે. કો. ... ... ... | ૧૮૩૫ |
| ૪ | ક્લાર્ક ... ... ... ... | ૬૨૪ |
| ૫ | બીજી ... ... ... ... | ૧૫ |
| ૬ | કોલેજીયટ ... ... ... ... | ૧૦૦ |
| | કુલ ... | ૩૧૬૪ |
| **મીસેલેનીયસ એપોઈન્ટમેન્ટ આઉટ સાઈડ રેગ્યુલર કેડર** | | |
| ૧ | રાજ્યપત્રિત ... ... ... ... | ૯ |
| ૨ | બિન રાજ્યપત્રિત ... ... ... ... | ૧૧ |
| | કુલ ... | ૨૦ |
| | બધી જગ્યાઓનો કુલ સરવાળો... | ૩૭૦૨ |

સને ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન શ્રી પી. આર. ચૌહાણ આઈ. એ. એસ. શિક્ષણ નિયામકની કામગીરી બજાવી રહ્યા હતા. તેમજ શ્રી વી. એચ. ભણોત સંયુક્ત શિક્ષણ નિયામક અને બીજા નાયબ શિક્ષણ નિયામકો હતા. ઉપરાંત હિસાબી બજેટ તથા સ્કોલરશીપ અને ઓડિટના કામ માટે બે હિસાબનીશ અધિકારીઓ શિક્ષણ નિયામકશ્રીને મદદ કરતા હતા. વળી સંશોધન અધિકારી સંશોધનને લગતા કામ અંગે શિક્ષણ નિયામકશ્રીને મદદ કરતા હતા.

ધીરૂભાઈ દેસાઈએ તારીખ ૩જી એપ્રિલ, ૧૯૭૦ના રોજ વિજ્ઞાન એકમના વડા તરીકેનો ચાર્જ સંભાળેલ છે.

## પ્રકરણ—૩

## પ્રાથમિક શિક્ષણ

### પ્રાથમિક શાળાઓ

૩.૧. કોઠા નં. ૩. ૧ ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ના વર્ષમાં રાજ્યમાં જુદી જુદી વ્યવસ્થા દ્વારા ચલાવવામાં આવતી પ્રાથમિક શાળાઓની સંખ્યા દર્શાવે છે.

આ કોઠો જોતાં દેખાશે કે પ્રાથમિક શાળાની કુલ સંખ્યા ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ માં અનુક્રમે ૨૧૧૦૩, અને ૨૧૧૨૦ હતી. ૧૯૬૯-૭૦માં કચ્છ જિલ્લામાં ૯૫ શાળા દુષ્કાળને કારણે બંધ થઇ હતી. આથી કુલ શાળાઓની સંખ્યામાં જુજ વધારો દેખાય છે. ગુજરાત રાજ્યમાં હવે પ્રાથમિક શિક્ષણની સુવિધા ઠેરઠેર કરવામાં આવેલી છે.

સને ૧૯૬૯-૭૦ના વર્ષમાં ગુજરાતી માધ્યમ દ્વારા શિક્ષણ આપતી પ્રાથમિક શાળાઓની સંખ્યા ૨૦૭૦૩ હતી. તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ના રોજ ભાષાવાર જે શાળાઓ હતી, તેનું વર્ગીકરણ કોઠા નં. ૩:૨ માં આપ્યું છે.

૩.૨. સને ૧૯૬૯-૭૦ના વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા કોઠા નં. ૩:૩ માં દર્શાવી છે. આ કોઠો જોતાં જણાશે કે પ્રાથમિક શાળાઓમાં, વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧મી માર્ચ, ૧૯૬૯ ના રોજ ૩૨૬૨૩૨૨ હતી તે વધીને હેવાલના વર્ષ અંતે ૩૩૨૮૨૭૧ થઇ છે. આ વધારો વિશેષ કરીને જિલ્લા શિક્ષણ સમિતિ અને નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં થયેલો છે.

૩.૩. સને ૧૯૬૯-૭૦ના વર્ષમાં ધોરણવાર નોંધાયેલ વિદ્યાર્થી સંખ્યા કોઠા ૩:૪માં આપી છે.

## ફરજિયાત શિક્ષણ

૩.૪. જૂના મુંબઈ રાજ્યના ડાંગ જિલ્લા સિવાયના બધા જ જિલ્લામાં ફરજીયાત શિક્ષણ તબકકાવાર દાખલ કરવામાં આવેલ. હાલ સમગ્ર રાજ્યમાં ૭—૧૧ વય જુથના બાળકોને ફરજિયાત શિક્ષણ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

### પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા

૩.૫. પ્રાથમિક શાળાઓમાં સાત વર્ષનો અભ્યાસક્રમ દર વર્ષે પૂરો કરનાર બાળકો માટે મરજિયાત ધોરણે પ્રાથમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા લેવામાં આવે છે. વર્ષ દરમિયાન ૩૬૧૩૯ વિદ્યાર્થીઓ શાળાની પરીક્ષામાં બેઠા હતા. તે પૈકી ૧૨૨૮૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

૩.૬. પ્રાથમિક શિક્ષણ પર કુલ સીધું ખર્ચ ૧૯૬૮-૬૯માં રૂા. ૧૯,૬૧,૯૪,૩૨૧ થયું હતું. તે વધીને ૧૯૬૯-૭૦ના વર્ષમાં રૂા. ૨૦,૮૯,૧૪,૮૫૯ થયું હતું. એટલે રૂા. ૧૨,૭૨,૦૫,૩૮ નો વધારો થયો હતો, કુલ ખર્ચના ૮૪.૨૬ ટકા ખર્ચ રાજ્ય સરકારની તિજોરીમાંથી કરવામાં આવ્યું હતું. આ માહિતી કોઠા નં. ૩.૫ માં આપવામાં આવી છે.

### શિક્ષકો

૩.૭ કોઠા નં. ૩:૬ માં સળંગ બે વર્ષ દરમિયાન પ્રાથમિક શાળાઓના તાલીમબધ્ધ અને બિનતાલીમી શિક્ષકોના તુલનાત્મક આંકડા આપ્યા છે. શિક્ષકોની કુલ સંખ્યા ૧૯૬૮-૬૯માં ૮૫૨૫૯ હતી. તે વધીને ૧૯૬૯-૭૦માં ૮૭૩૫૬ થઇ હતી. તાલીમ પામેલ શિક્ષકોની સંખ્યા ૧૯૬૯-૭૦માં ૭૫૯૬૭ હતી. જે કુલ શિક્ષકોના ૮૭.૦૦ ટકા હતા.

### બુનિયાદી શિક્ષણ

૩.૮. ૧૯૬૯-૭૦માં ૨૧૧૨૦ પ્રાથમિક શાળાઓ હતી જે પૈકી ૫૯૦૮ બુનિયાદી શાળાઓ હતી. બુનિયાદી શાળામાં ૧૪૯૭૭૮૧ વિદ્યાર્થીઓ ભણતા હતા. અને તે શાળાઓ માટે વર્ષ દરમ્યાન રૂા. ૯,૨૬,૩૯,૫૭૬ ખર્ચ થયું હતું.

કોઠા નં. ૩ (૧)

**સંચાલન વ્યવસ્થા પ્રમાણે પ્રાથમિક શાળાઓ:- ૧૯૬૯–૭૦**

| સંચાલન વ્યવસ્થા | ૧૯૬૮--૬૯માં પ્રાથમિક શાળાઓની સંખ્યા | | | ૧૯૬૯--૭૦માં પ્રાથમિક શાળાઓની સંખ્યા | | | વધારો + ઘટાડો – | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારોની શાળામાં | કન્યાની શાળામાં | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સરકાર | ૧૫૩ | ૧૪ | ૧૬૭ | ૧૬૦ | ૧૪ | ૧૭૪ | +૭ | ... | +૭ |
| શિક્ષણ સમિતિ/નગરપાલિકા | ૧૮૬૮૫ | ૯૧૮ | ૧૯૬૦૩ | ૧૮૬૮૭ | ૯૧૧ | ૧૯૫૯૮ | +૨ | –૭ | –૫ |
| સહાય મેળવતી ખાનગી | ૬૫૦ | ૪૬ | ૬૯૬ | ૬૦૮ | ૩૯ | ૬૪૭ | –૪૨ | –૭ | –૪૯ |
| સહાય ન મેળવતી ખાનગી | ૫૯૮ | ૩૯ | ૬૩૭ | ૬૫૯ | ૪૨ | ૭૦૧ | +૬૧ | +૩ | +૬૪ |
| કુલ | ૨૦૦૮૬ | ૧૦૧૭ | ૨૧૧૦૩ | ૨૦૧૧૪ | ૧૦૦૬ | ૨૧૧૨૦ | +૨૮ | –૧૧ | +૧૭ |

કોઠા નં. ૩ (૨)

**પ્રાથમિક શાળાઓની ભાષાવાર વહેંચણી ૧૯૬૯–૭૦**

| | ભાષા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ગુજરાતી (૧) | મરાઠી (૨) | ઉર્દુ (૩) | હિંદી (૪) | સિંધી (૫) | અન્ય (૬) | કુલ (૭) |
| શાળાઓની સંખ્યા | ૨૦૭૦૪ | ૭૦ | ૧૩૦ | ૬૮ | ૮૦ | ૬૮ | ૨૧૧૨૦ |

કોઠા નં. ૩ (૩)

## પ્રાથમિક શાળામાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૬૯–૭૦

| સંચાલન વ્યવસ્થા | ૧૯૬૮-૬૯માં વિદ્યાર્થીઓની સંખ્યા | | | ૧૯૬૯-૭૦માં વિદ્યાર્થીઓની સંખ્યા | | | વધારો(+)કે ઘટાડો (–) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર શાળામાં | કન્યા શાળામાં | કુલ | કુમાર શાળામાં | કન્યા શાળામાં | કુલ | કુમાર શાળામાં | કન્યા શાળામાં | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સરકાર | ૩૦૫૮૨ | ૩૭૧૫ | ૩૪૨૯૭ | ૩૩૦૧૪ | ૩૯૬૬ | ૩૬૯૮૦ | +૨૪૩૨ | +૨૫૧ | +૨૬૮૩ |
| શિક્ષણ સમિતિ/નગરપાલિકા | ૨૬૦૮૩૦૮ | ૩૪૨૪૮૧ | ૨૯૫૦૭૮૯ | ૨૬૫૯૮૭૦ | ૩૪૮૪૫૨ | ૩૦૦૮૩૨૨ | +૫૧૫૬૨ | +૫૯૭૧ | +૫૭૫૩૩ |
| સહાય મેળવતી ખાનગી | ૧૨૯૨૬૯ | ૯૪૫૧ | ૧૩૮૭૨૦ | ૧૨૩૫૩૯ | ૯૭૨૬ | ૧૩૩૨૬૫ | –૫૭૩૦ | +૨૭૫ | –૫૪૫૫ |
| સહાય ન મેળવતી ખાનગી | ૧૨૭૪૨૨ | ૧૧૦૯૪ | ૧૩૮૫૧૬ | ૧૪૦૦૯૦ | ૯૬૧૪ | ૧૪૯૭૦૪ | +૧૨૬૬૮ | –૧૪૮૦ | +૧૧૧૮૮ |
| કુલ | ૨૮૯૫૫૮૧ | ૩૬૬૭૪૧ | ૩૨૬૨૩૨૨ | ૨૯૫૬૫૧૩ | ૩૭૧૭૫૮ | ૩૩૨૮૨૭૧ | +૬૦૯૩૨ | +૫૦૧૭ | +૬૫૯૪૯ |

## કોઠા નં. ૩ (૪)

### પ્રાથમિક શાળામાં ધોરણ પ્રમાણે નોંધણી ૧૯૬૯–૭૦

| ધોરણ | નોંધણી | | | કુલ પ્રવેશ સંખ્યા સાથે ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૭,૧૦,૫૪૭ | ૪,૫૮,૭૭૧ | ૧૧,૬૯,૩૧૮ | ૩૩.૯ | ૩૭.૨ | ૩૫.૧ |
| ૨. | ૩,૭૬,૯૯૦ | ૨,૨૫,૧૩૦ | ૬,૦૨,૧૨૦ | ૧૭.૯ | ૧૮.૩ | ૧૮.૧ |
| ૩. | ૨,૯૨,૭૨૭ | ૧,૬૯,૭૪૧ | ૪,૬૨,૪૬૮ | ૧૩.૯ | ૧૩.૮ | ૧૩.૯ |
| ૪. | ૨,૬૪,૨૩૪ | ૧,૪૫,૫૮૩ | ૪,૦૯,૮૧૭ | ૧૨.૭ | ૧૧.૮ | ૧૨.૩ |
| ૫. | ૧,૯૫,૨૬૧ | ૧,૦૨,૪૫૦ | ૨,૯૭,૭૧૧ | ૯.૪ | ૮.૩ | ૮.૯ |
| ૬. | ૧,૪૩,૧૧૬ | ૭૩,૫૫૨ | ૨,૧૬,૬૬૮ | ૬.૮ | ૬.૦ | ૬.૫ |
| ૭. | ૧,૧૩,૨૭૪ | ૫૬,૮૯૫ | ૧,૭૦,૧૬૯ | ૫.૪ | ૪.૬ | ૫.૨ |
| કુલ | ૨૦,૯૬,૧૪૯ | ૧૨,૩૨,૧૨૨ | ૩૩,૨૮,૨૭૧ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

## કોઠા નં. ૩ (૫)

### પ્રાથમિક શિક્ષણ માટે કુલ સીધુ ખર્ચ ૧૯૬૯–૭૦

| | ૧૯૬૮–૬૯ | ૧૯૬૯–૭૦ |
|---|---|---|
| સરકારી ફંડમાંથી | ૧૫,૪૪,૨૭,૯૪૧ | ૧૭,૬૦,૫૧,૨૪૫ |
| લોકલ બોર્ડનાં ફંડમાંથી | ૨,૮૪,૪૦,૫૮૨ | ૧,૭૪,૫૬,૯૨૭ |
| ફીમાંથી | ૯૨,૬૮,૫૪૮ | ૧,૧૦,૯૦,૮૯૫ |
| અન્ય | ૪૦,૫૭,૨૫૦ | ૪૩,૧૫,૭૯૨ |
| કુલ | ૧૯,૬૧,૯૪,૩૨૧ | ૨૦,૮૯,૧૪,૮૫૯ |

Na—90—4

## કોઠા નં. ૩ (૬)

### પ્રાથમિક શાળામાં શિક્ષકો ૧૯૬૯–૭૦

| વર્ષ | તાલિમ બધ્ધ શિક્ષકો | | | બિન તાલિમ શિક્ષકો | | | કુલ શિક્ષકો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૯૬૮–૬૯ | ૪૮૧૬૨ | ૨૧૪૦૮ | ૬૯૫૭૦ | ૧૦૦૦૩ | ૫૬૮૬ | ૧૫૬૮૯ | ૫૮૧૬૫ | ૨૭૦૯૪ | ૮૫૨૫૯ |
| ૧૯૬૯–૭૦ | ૫૨૭૫૭ | ૨૩૨૧૦ | ૭૫૯૬૭ | ૬૫૫૨ | ૪૮૬૭ | ૧૧૩૮૯ | ૫૯૨૭૯ | ૨૮૦૭૭ | ૮૭૩૫૬ |

**પ્રાથમિક શિક્ષણ ૧૯૬૯–૭૦**

| અનુ. | નામ | સંસ્થાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | અમદાવાદ | ૧૬૧૪ | ૩૯૮૫૧૪ | ૧૧૨૧૪ |
| ૨. | અમરેલી | ૬૭૭ | ૧૨૪૪૦૬ | ૨૯૬૨ |
| ૩. | કચ્છ | ૭૩૯ | ૮૩૯૦૪ | ૨૨૭૬ |
| ૪. | ખેડા | ૧૭૧૯ | ૩૨૨૯૯૫ | ૮૩૧૧ |
| ૫. | જામનગર | ૮૩૩ | ૧૩૪૭૫૫ | ૩૫૬૬ |
| ૬. | જૂનાગઢ | ૧૦૮૦ | ૧૯૫૪૦૭ | ૫૦૦૪ |
| ૭. | ડાંગ | ૩૧૧ | ૧૪૬૪૪ | ૪૨૬ |
| ૮. | પંચમહાલ | ૧૮૮૯ | ૧૮૯૨૯૩ | ૫૨૫૪ |
| ૯. | બનાસકાંઠા | ૧૩૨૩ | ૧૦૦૯૩૦ | ૨૭૪૪ |
| ૧૦. | ભરૂચ | ૧૧૬૬ | ૧૬૩૦૪૨ | ૪૨૨૨ |
| ૧૧. | ભાવનગર | ૧૦૯૬ | ૧૬૫૫૩૯ | ૪૪૩૮ |
| ૧૨. | મહેસાણા | ૧૩૨૨ | ૨૬૩૩૧૧ | ૬૪૧૪ |
| ૧૩. | રાજકોટ | ૧૦૭૮ | ૨૨૫૩૪૧ | ૫૮૬૦ |
| ૧૪. | વડોદરા | ૧૬૧૬ | ૨૩૭૩૪૧ | ૬૩૯૪ |
| ૧૫. | વલસાડ | ૧૨૨૦ | ૨૦૨૩૩૭ | ૫૦૬૧ |
| ૧૬. | સાબરકાંઠા | ૧૩૬૭ | ૧૫૩૯૮૨ | ૪૧૨૧ |
| ૧૭. | સુરત | ૧૨૯૭ | ૨૨૮૦૪૭ | ૫૯૫૯ |
| ૧૮. | સુરેન્દ્રનગર | ૬૬૬ | ૯૯૭૫૩ | ૨૪૩૦ |
| ૧૯. | ગાંધીનગર | ૧૦૭ | ૨૪૭૩૦ | ૭૦૦ |
| | કુલ ... | ૨૧૧૨૦ | ૩૩૨૮૨૭૧ | ૮૭૩૫૬ |

## પ્રકરણ–૪

## માધ્યમિક શિક્ષણ

૪.૧. કોઠા ૪.૧માં સને ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ના વર્ષમાં વ્યવસ્થાપક મંડળો પ્રમાણે વર્ગીકૃત માધ્યમિક શાળાઓની સંખ્યાની તુલના કરવામાં આવી છે.

કોઠા નં. ૪ (૧)

માધ્યમિક શાળાઓ

૧૯૬૯–૭૦

—ઘટાડો +વધારો

| સંચાલન | ૧૯૬૮-૬૯ | | | ૧૯૬૯-૭૦ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ | કુમારો માટે | કન્યાઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સરકારી | ૬૮ | ૧૧ | ૭૯ | ૬૭ | ૧૧ | ૭૮ | —૧ | — | —૧ |
| સ્થાનિક સંસ્થા | ૧૫૧ | ૨૦ | ૧૭૧ | ૧૭૬ | ૨૦ | ૧૯૬ | +૨૫ | — | +૨૫ |
| અનુદાન લેતી ખાનગી | ૧૫૧૬ | ૧૫૧ | ૧૬૬૭ | ૧૬૨૧ | ૧૬૪ | ૧૭૮૫ | +૧૦૫ | +૧૩ | +૧૧૮ |
| અનુદાન ન મેળવતી ખાનગી | ૨૦ | ૬ | ૨૬ | ૨૬ | ૭ | ૩૩ | +૬ | +૧ | +૭ |
| કુલ | ૧૭૫૫ | ૧૮૮ | ૧૯૪૩ | ૧૮૯૦ | ૨૦૨ | ૨૦૯૨ | +૧૩૫ | +૧૪ | +૧૪૯ |

ઉપરોક્ત કોઠા પરથી જણાશે કે માધ્યમિક શાળાઓની કુલ સંખ્યા ૧૯૬૮-૬૯માં ૧૯૪૩ હતી તે વધીને ૧૯૬૯-૭૦માં ૨૦૯૨ થઈ. આ પ્રમાણે માધ્યમિક શાળાઓની કુલ સંખ્યામાં ૧૪૯નો વધારો નોંધાયો હતો. પરંતુ સરકારી શાળાઓની વ્યવસ્થા ખાનગી વ્યવસ્થાપક મંડળો અગર બોર્ડને સોંપવાની સરકારી નીતિ હોતાં સરકારી શાળાની સંખ્યામાં ઘટાડો થયો છે. ૨૦૯૨ માધ્યમિક શાળાઓ પૈકી ૧૨૮ વિવિધલક્ષી શાળાઓ હતી. આ શાળાઓમાં સામાન્ય શિક્ષણ ઉપરાંત જુદા જુદા અભ્યાસક્રમો જેવાં કે ખેતીવાડી, ગૃહવિજ્ઞાન, વાણિજ્ય તેમજ તાંત્રિક વિષયો શીખવાડવામાં આવે છે.

### માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ

૪.૨. કોઠા નં. ૪.૨ હેવાલના વર્ષના ૩૧મી માર્ચના રોજ માધ્યમિક શાળાઓમાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાની સરખામણી આગલા વર્ષની તે તારીખે રહેલી સંખ્યા સાથે બતાવે છે.

આ ઉપરથી જણાશે કે હેવાલના વર્ષ દરમિયાન માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા જે ૧૯૬૮-૬૯માં ૭,૧૫,૯૬૦ હતી તે વધીને ૭,૪૭,૦૨૫ થઈ એટલે ૩૧,૦૬૫નો વધારો થવા પામ્યો હતો.

કોઠા નં. ૪ (૩)

ગ્રામ વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓ:- ૧૯૬૯–૭૦

| માધ્યમિક શાળાઓની સંખ્યા | | | માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા | | | શાળા દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર ૧ | ગ્રામ વિસ્તાર ૨ | કુલ ૩ | શહેરી વિસ્તાર ૪ | ગ્રામ વિસ્તાર ૫ | કુલ ૬ | શહેરી વિસ્તાર ૭ | ગ્રામ વિસ્તાર ૮ |
| ૮૭૮ | ૧૨૧૪ | ૨૦૯૨ | ૪૩૪૧૬૫ | ૩૧૨૮૬૦ | ૭૪૭૦૨૫ | ૪૯૪ | ૨૫૮ |

૪.૩. હેવાલના વર્ષ દરમિયાન કુલ ૨૦૯૨ માધ્યમિક શાળાઓ પૈકી ૮૭૮ શાળાઓ શહેરી વિસ્તારમાં હતી. શહેરી વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષમાં ૪૩૭૦૨૬ હતી તે હેવાલના વર્ષને અંતે ૪૩૪૧૬૫ થઈ. ગ્રામ વિસ્તારમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭૮૯૩૪થી વધીને ૧૯૬૯-૭૦ના અંતે ૩૧૨૮૬૦ થઈ. આ પ્રમાણે વર્ષ દરમિયાન ૩૩૯૨૬ વિદ્યાર્થીઓનો વધારો નોંધાયો હતો. ગ્રામ વિસ્તારમાં પણ શિક્ષણ માટે જાગૃત્તિ આવી છે. કારણ કે વર્ષ દરમિયાન ગ્રામ વિસ્તારમાં મોટા ભાગની નવી શાળાઓ ઉઘાડવામાં આવી હતી. વર્ષ દરમિયાન શહેરી અને ગ્રામ વિસ્તારમાં માધ્યમિક શાળાઓમાં જતાં વિદ્યાર્થીઓની સરાસરી સંખ્યા ૪૯૪ અને ૨૫૮ અનુક્રમે રહી હતી.

### માધ્યમિક શાળાઓમાં શિક્ષકો:—

૪.૪. કોઠા નં. ૪.૪ માં માધ્યમિક શાળાઓના શિક્ષકોની માહિતી આપી છે.

આ ઉપરથી જણાશે કે ૧૯૬૮-૬૯માં માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની કુલ સંખ્યા ૨૬૩૧૦ હતી તે વધીને ૨૭૪૩૬ થતાં ૧૧૨૬નો વધારો થયો હતો. વર્ષ દરમિયાન શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સરાસરી સંખ્યા ૨૭ હતી. ૨૭૪૩૬ શિક્ષકો પૈકી ૨૧૧૫૮ શિક્ષકો તાલીમ પામેલા હતા. આમ ૧૯૬૮-૬૯માં તાલીમ પામેલ શિક્ષકો ૧૯૩૩૬ હતા. તે વધીને હેવાલ હેઠળના વર્ષમાં ૨૧૧૫૮ થયા.

### માધ્યમિક શિક્ષણનું ખર્ચ:—

૪.૫ નીચેના કોઠામાં ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન માધ્યમિક શિક્ષણ પર થયેલું ખર્ચ સાધનવાર દર્શાવાયું છે.

કોઠા નં. ૪.૫

માધ્યમિક શિક્ષણ પર ખર્ચ ૧૯૬૯—૭૦

| સાધન | ખર્ચ | કુલ ખર્ચની ટકાવારી |
|---|---|---|
| | રૂા. | |
| સરકારી ફંડ | ૭,૧૪,૦૧,૧૫૩ | ૫૨.૦ |
| સ્થાનિક સંસ્થા ફંડ | ૧૯,૪૫,૯૮૮ | ૧.૪ |
| ફી | ૪,૫૯,૮૪,૯૬૦ | ૩૩.૫ |
| બીજા સાધનો | ૧,૭૯,૫૬,૧૫૫ | ૧૩.૧ |
| કુલ ... | ૧૩,૭૨,૮૮,૨૫૬ | ૧૦૦.૦ |

### કન્યા કેળવણી:—

શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ નં. એસ. એસ. એન. ૩૪૬૯-જી તા. ૨જી ઓગસ્ટ, ૧૯૬૯થી કન્યાઓ માટે મફત કેળવણી કરવા અંગેના હુકમો કરવામાં આવ્યા છે. જે પ્રમાણે તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૯થી માધ્યમિક શાળાઓના ધોરણ ૮ અને ૯માં કન્યાઓ માટેની શિક્ષણ ફી સરકારે નિયત કરેલ દરોએ આપવી. આ ફીના દરો નીચે પ્રમાણે છે.

| | ધોરણ ૮ | ધોરણ ૯ | ધોરણ ૧૦ | ધોરણ ૧૧ |
|---|---|---|---|---|
| | રૂા. | રૂા. | રૂા. | રૂા. |
| ૧. અમદાવાદ શહેર | ૭—૦૦ | ૭—૫૦ | ૮—૦૦ | ૮—૫૦ |
| ૨. ૧ લાખથી વધુ વસ્તીવાળા શહેરો માટે | ૬—૦૦ | ૬—૫૦ | ૭—૦૦ | ૭—૫૦ |
| ૩. અન્ય વિસ્તારો માટે | ૫—૦૦ | ૫—૫૦ | ૬.-૦૦ | ૬—૫૦ |

ઉપર જણાવેલ દરોની કન્યાઓ માટેની શિક્ષણ ફી સરકાર તરફથી ત્રિમાસિક હપ્તામાં અગાઉથી આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૧૯૭૦-૭૧થી ધો. ૧૦અને શૈક્ષણિક વર્ષ ૧૯૭૧-૭૨થી ધો. ૧૧માં કન્યાઓ માટે મફત શિક્ષણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. એટલે ૧૯૭૧-૭૨માં અસ. એસ. સી. સુધીનું કન્યાઓ માટેનું શિક્ષણ મફત થશે.

### (૨) બિનસરકારી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટ આપવાની પધ્ધતિમાં ફેરફાર:

શાળાને જે વર્ષમાં ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. તેજ વર્ષ માટેની ગ્રાન્ટ હોય છે અને તે આગલા વર્ષ દરમિયાન કરેલા ખર્ચ પર આધારિત હોય છે. શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ નં. એસ. એસ. એન.-૧૦૬૯-૮૦૭૧૯-જી, તા. ૨૬મી માર્ચ, ૧૯૭૦થી સરકારશ્રીએ ઠરાવ્યું છે, કે ૧૯૭૦-૭૧ની બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેજ વર્ષના અંદાજી ખર્ચ અને આવક ઉપર નિભાવ ગ્રાંટ ચૂકવવી. આ હુકમોને અનુસરીને ૧૯૭૦-૭૧થી જે તે વર્ષના અંદાજી ખર્ચ અને આવક ઉપર નિભાવ ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. અને પછીના વર્ષે તેનું એડજેસ્ટમેન્ટ કરવામાં આવે છે.

## કોઠા નં. ૪ (૨)

### માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૬૯–૭૦

| સંચાલન | ૧૯૬૮-૬૯ | | | ૧૯૬૯-૭૦ | | | માધ્યમિક શાળાઓની વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો(+) (–)ઘટાડો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમારો | કન્યાઓ | કુલ | કુમારો | કન્યાઓ | કુલ | કુમારો | કન્યાઓ | કુલ |
| સરકાર | ૩૧.૧૩૯ | ૮.૦૨૨ | ૩૯.૧૬૧ | ૩૦.૪૪૧ | ૮.૪૫૮ | ૩૮.૮૯૯ | –૬૯૮ | +૪૩૬ | –૨૬૨ |
| સ્થાનિક સંસ્થા | ૪૩.૪૮૬ | ૮.૭૪૧ | ૫૨.૨૨૭ | ૪૬.૪૪૨ | ૯.૦૯૮ | ૫૫.૫૪૦ | +૨૯૫૬ | +૩૫૭ | +૩૩૧૩ |
| સહાય મેળવતી ખાનગી | ૫૪૪.૦૧૦ | ૭૫.૨૨૨ | ૬.૧૯.૨૩૨ | ૫.૬૯.૫૬૯ | ૭૫.૭૪૪ | ૬.૪૫.૩૧૩ | +૨૫૫૫૯ | +૫૨૨ | +૨૬૦૮૧ |
| સહાય ન મેળવતી ખાનગી | ૩.૭૦૮ | ૧.૬૩૨ | ૫.૩૪૦ | ૫.૦૪૮ | ૨.૨૨૫ | ૭.૨૭૩ | +૧૩૪૦ | +૫૯૩ | +૧૯૩૩ |
| કુલ | ૬.૨૨.૩૪૩ | ૯૩.૬૧૭ | ૭.૧૫.૯૬૦ | ૬.૫૧.૫૦૦ | ૯૫.૫૨૫ | ૭.૪૭.૦૨૫ | +૨૯.૧૫૭ | +૧૯૦૮ | +૩૧૦૬૫ |

કોઠા નં. ૪ (૪)

માધ્યમિક શાળાના શિક્ષકો ૧૯૬૯–૭૦

| સંચાલન | શિક્ષકોની કુલ સંખ્યા | | | તાલીમબધ્ધ શિક્ષકોની કુલ સંખ્યા | | | શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષો | સ્ત્રીઓ | કુલ | પુરૂષો | સ્ત્રીઓ | કુલ | |
| સરકાર | ૧૨૧૦ | ૨૮૩ | ૧૪૯૩ | ૧૦૫૬ | ૨૫૩ | ૧૩૦૯ | ૨૬.૦ |
| સ્થાનિક સંસ્થા | ૧૭૭૭ | ૩૧૬ | ૨૦૯૩ | ૧૦૮૬ | ૧૯૫ | ૧૨૮૧ | ૨૬.૫ |
| સહાય મેળવતી ખાનગી | ૧૯૧૦૧ | ૪૩૬૬ | ૨૩૪૬૭ | ૧૫૦૨૦ | ૩૩૨૦ | ૧૮૩૪૦ | ૨૭.૫ |
| સહાય ન મેળવતી ખાનગી | ૨૩૮ | ૧૪૫ | ૩૮૩ | ૧૪૪ | ૮૪ | ૨૨૮ | ૧૯.૦ |
| એકંદર કુલ ૧૯૬૯–૭૦ | ૨૨૩૨૬ | ૫૧૧૦ | ૨૭૪૩૬ | ૧૭૩૦૬ | ૩૮૫૨ | ૨૧૧૫૮ | ૨૭. |
| એકંદર કુલ ૧૯૬૮–૬૯ | ૨૧૫૭૨ | ૪૭૩૮ | ૨૬૩૧૦ | ૧૬૦૧૫ | ૩૩૨૧ | ૧૯૩૩૬ | ૨૭. |
| વધારો+ કે ઘટાડો– | +૭૫૪ | +૩૭૨ | +૧૧૨૬ | +૧૨૯૧ | +૫૩૧ | +૧૮૨૨ | – |

## ૧૯૬૯–૭૦

### માધ્યમિક શિક્ષણ

| જિલ્લાનું નામ | સંસ્થાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. અમદાવાદ | ૨૭૨ | ૧,૩૭,૮૬૭ | ૪,૪૮૫ |
| ૨. અમરેલી | ૩૭ | ૧૨,૨૩૦ | ૪૫૬ |
| ૩. કચ્છ | ૪૮ | ૧૨,૭૦૫ | ૪૯૪ |
| ૪. ખેડા | ૨૪૬ | ૧,૦૨,૧૪૪ | ૩,૬૭૫ |
| ૫. જામનગર | ૭૦ | ૨૦,૩૯૬ | ૮૦૧ |
| ૬. જૂનાગઢ | ૧૦૦ | ૨૭,૩૭૭ | ૧,૦૨૪ |
| ૭. ડાંગ | ૨ | ૩૩૧ | ૧૭ |
| ૮. પંચમહાલ | ૧૧૫ | ૩૬,૦૩૦ | ૧,૩૯૪ |
| ૯. બનાસકાંઠા | ૪૪ | ૧૦,૯૦૯ | ૪૫૮ |
| ૧૦. ભરૂચ | ૧૧૦ | ૩૦,૯૫૨ | ૧,૨૪૪ |
| ૧૧. ભાવનગર | ૮૮ | ૨૮,૯૭૫ | ૧,૧૦૧ |
| ૧૨. મહેસાણા | ૨૧૨ | ૭૧,૫૫૨ | ૨,૬૯૧ |
| ૧૩. રાજકોટ | ૧૨૦ | ૪૪,૨૨૪ | ૧,૬૧૨ |
| ૧૪. વડોદરા | ૧૮૫ | ૬૮,૬૧૮ | ૨,૫૯૪ |
| ૧૫. વલસાડ | ૧૧૫ | ૪૩,૬૩૧ | ૧,૬૦૮ |
| ૧૬. સાબરકાંઠા | ૧૩૪ | ૩૫,૧૫૧ | ૧,૩૧૦ |
| ૧૭. સુરત | ૧૨૩ | ૪૬,૩૫૮ | ૧,૭૯૨ |
| ૧૮. સુરેન્દ્રનગર | ૫૧ | ૧૩,૨૦૮ | ૫૦૦ |
| ૧૯. ગાંધીનગર | ૨૦ | ૪,૩૬૭ | ૧૮૦ |
| કુલ | ૨૦૯૨ | ૭,૪૭,૦૨૫ | ૨૭,૪૩૬ |

## પ્રકરણ–૫

## ઉચ્ચ શિક્ષણ

યુનિવર્સિટીઓ.

૫.૧ સને ૧૯૬૯–૭૦માં (૧) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ (૨) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા (૩) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર (૪) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (૫) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. રાજકોટ એમ પાંચ વૈધાનિક યુનિવર્સિટી કામ કરતી હતી. રાજ્યમાં મહિલા કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારે એસ. એન. ડી. ટી. મહિલા યુનિવર્સિટીને માન્ય રાખી છે. વળી અહેવાલના વર્ષ દરમિયાન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ માની લીધેલ (ડીમ્ડ) યુનિ. તરીકે કામ કરતી હતી.

હેવાલના વર્ષ દરમિયાન રાજ્યમાં આવેલી નીચે જણાવ્યા મુજબ કુલ્લે રૂા. ૧,૦૮,૬૦,૬૦૦ ની બ્લોક ગ્રાન્ટ અને એડીશનલ બ્લોક ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલી.

| યુનિવર્સિટીનું નામ | બ્લોક ગ્રાન્ટ અને એડીશનલ ગ્રાન્ટ રૂા. |
|---|---|
| ૧. એમ. એસ. યુ.નિ. વડોદરા | ૬૭,૮૨,૯૧૮–૦૦ |
| ૨. સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર | ૧૩,૯૦,૧૨૮–૦૦ |
| ૩. ગુજરાત યુનિ. અમદાવાદ | ૭,૦૨,૫૫૪–૦૦ |
| ૪. સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ | ૧૫,૮૨,૫૦૦–૦૦ |
| ૫. દક્ષિણ ગુજરાત યુનિ. સુરત. | ૪,૦૨,૫૦૦–૦૦ |
| | ૧,૦૮,૬૦,૬૦૦–૦૦ |

જ્યારે સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટને ભાવનગરની ત્રણ સરકારી કોલેજોના સંચાલન અંગે તદર્થ ગ્રાન્ટ રૂા. ૪,૪૮,૦૦૦ મંજુર કરવામાં આવેલ છે. આ ઉપરાંત હેવાલ હેઠળના વર્ષ દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ કિમતને માન્ય રાખી હોય તેવી તેની વિકાસ યોજનાઓ પરત્વે યુનિ.ઓને આવર્તક ખર્ચ અને અનાવર્તક ખર્ચ ઉપર રૂા. ૧૦,૨૦,૫૭૧/- મેચીંગ ગ્રાન્ટ ચૂકવવામાં આવી હતી.

હેવાલ નીચેના અને તે પહેલાના વર્ષ દરમિયાન વૈધાનિક યુનિ.ઓનું સીધું કુલ ખર્ચ સાધન પ્રમાણે નીચેના કોઠામાં દર્શાવ્યું છે.

કોઠા નં. ૫ (૨)

| વર્ષ | સાધન ૧ | સરકારનું ફંડ ૨ | ફીની આવક ૩ | અન્ય સાધાનો ૪ | કુલ ૫ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૮–૬૯ | | રૂા. ૧,૨૭,૪૩,૬૧૫ | ૧,૧૬,૪૫,૩૭૦ | ૧,૩૪,૫૯,૭૪૪ | ૩,૭૮,૪૮,૭૨૯ |
| ૧૯૬૯–૭૦ | | રૂ. ૧,૦૧,૦૭,૧૪૨ | ૧,૧૮,૪૬,૨૪૫ | ૧,૧૧,૧૯,૮૫૩ | ૩,૩૦,૭૩,૨૪૦ |

**૫.૨ સંશોધન સંસ્થાઓ.**

૧૯૬૯–૭૦ના વર્ષ દરમિયાન કુલ દસ સંશોધન સંસ્થાઓ હતી. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬૧ હતી (૧૬૭ પુરૂષ અને ૯૪ સ્ત્રી).

હેવાલના વર્ષ દરમિયાન સંશોધન સંસ્થાઓનું સીધું ખર્ચ નીચેના કોઠામાં દર્શાવ્યું છે.

કોઠા નં ૫ : ૩.

| વર્ષ | સાધન | સરકારનું ફંડ | લોકલ ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૮--૬૯ | રૂ. | ૨૩,૬૬,૯૨૬ | ૪,૩૩,૭૮૦ | ૯૫,૦૮૦ | ૪,૧૭,૮૮૬ | ૩૩,૧૩,૬૭૨ |
| ૧૯૬૯-૭૦ | | ૨૫,૦૦,૨૭૨ | ૪,૫૫,૪૬૩ | ૧,૪૩,૯૫૮ | ૪,૫૪,૧૧૩ | ૩૫,૫૩,૮૦૬ |

સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ:—

કોઠા નં. ૫ (૧) માં ૧૯૬૮--૬૯ અને ૧૯૬૯--૭૦ના વર્ષ દરમિયાન ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાઓની સંખ્યાના અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાના તુલનાત્મક આંકડા આપ્યા છે.

સામાન્ય શિક્ષણ માટેની કોલેજો:-

વિનયન અને વિજ્ઞાનની કોલેજો:—

૫. ૩. વિનિયન અને વિજ્ઞાનની કોલેજોની સંખ્યા જે આગળના વર્ષમાં ૧૨૬ હતી અને તે વધીને હેવાલના વર્ષમાં ૧૩૩ થઇ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૮૬,૧૩૨ હતી તે વધીને ૯૨,૬૧૧ થઇ છે. આ કોલેજોમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૯,૦૪૧ હતી જે કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૩૧.૪ ટકા થાય છે.

હેવાલના વર્ષ દરમિયાન વિનિયન અને વિજ્ઞાન કોલેજોના ખર્ચના આંકડા નીચે કોઠા નં. ૫(૪)માં આપ્યા છે.

કોઠા નં. ૫ (૪)

| વર્ષ | સાધન | સરકારી ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૮--૬૯ | રૂ. | ૮૩,૯૫,૩૯૫ | ૨,૨૯,૩૬,૩૮૦ | ૮૮,૮૬,૨૭૦ | ૪,૦૨,૧૮,૦૪૫ |
| ૧૯૬૯--૭૦ | રૂ. | ૧,૦૭,૪૭,૨૪૬ | ૨,૫૩,૭૯,૫૫૫ | ૭૭,૬૦,૫૫૭ | ૪,૩૮,૮૭,૩૫૮ |

કુલ ખર્ચના ૫૭.૮ ટકા જેટલી ફીની આવક હતી.

વ્યવસાયિક અને ખાસ કોલેજો:

૧૯૬૮--૬૯માં વ્યવસાયિક અને ખાસ કોલેજોની સંખ્યા ૭૨ હતી તે વધીને હેવાલના વર્ષ અંતે ૮૩ થઇ. આ પૈકી ૭ એન્જીનીયરીંગ કોલેજો હતી. ૧૯૬૯--૭૦ના વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યા ૪૨૩૯૮ થઇ. કોઠા નં. ૫ :(૫)માં કોલેજો અંગેની વિગત દર્શાવી છે.

કોઠા નં. ૫ (૫)

| વર્ષ | શિક્ષણની કોલેજો | | વાણિજ્ય કોલેજો | | કાયદાની કોલેજો | | એન્જીનીયરીંગ | | બીજી વ્યવસાયિક | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંસ્થા | વિદ્યાર્થીઓ | સંસ્થા | વિદ્યાર્થીઓ | સંસ્થા | વિદ્યાર્થીઓ | સંસ્થા | વિદ્યાર્થીઓ | સંસ્થા | વિદ્યાર્થીઓ | સંસ્થા | વિદ્યાર્થીઓ |
| ૧૯૬૯--૭૦ | ૨૨ | ૩૦૩૮ | ૨૭ | ૨૫૧૦૯ | ૧૫ | ૪૬૬૨ | ૭ | ૭૪૯૭ | ૭ | ૨૬૩૦ | ૭૮ | ૪૧૯૩૬ |

હેવાલના વર્ષ દરમ્યાન બધી વ્યવસાયિક કોલેજોના ખર્ચના આંકડા નીચે મુજબ છે.

વ્યવસાયિક કોલેજનું ખર્ચ

કોઠા નં. ૫:૬.

| વર્ષ | સાધનો | સરકારનું ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૮–૬૯ | | રૂ. ૫૫,૧૬,૯૭૧ | ૭૮,૨૭,૨૬૮ | ૩૮,૦૯,૪૪૮ | ૧,૭૧,૫૩,૬૮૭ |
| ૧૯૬૯–૭૦ | | રૂ. ૧,૧૯,૧૮,૭૩૭ | ૯,૨,૫૦,૦૪૮ | ૪૨,૧૪,૯૦૨ | ૨,૫૩,૮૩,૬૮૭ |

વીશીષ્ટ સંસ્થાઓ

૫.૫ સને ૧૯૬૯–૭૦માં વિશિષ્ટ શિક્ષણ માટેની પાંચ સંસ્થાઓ હતી જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૬૨ હતી. જેની વિગત કોઠા ૫:૭ માં આપી છે. હેવાલ નીચેના વર્ષ દરમિયાન સંસ્થાઓનું સાધનવાર ખર્ચ કોઠા નં. ૫:૮માં આપ્યું છે.

કોઠા નં. ૫:૭

વિશિષ્ટ શિક્ષણ માટેની નોંધણી

| ક્રમ | કોલેજ | નોંધણી | |
|---|---|---|---|
| ૧. | ઓરીએન્ટ ઇન્સ્ટી, વડોદરા | ૧૦૭ | આ વિદ્યાર્થી ફેકલ્ટી ઓફ આર્ટસ વડોદરા સામે નોંધાયેલ છે. |
| ૨. | સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા | | |
| ૩. | લોક ભારતી સણોસરા | ૧૪૭ | |
| ૪. | ગાંધી વિદ્યાપીઠ વેડછી ( જી. સુરત ) | ૧૨૪ | |
| ૫. | સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડા (જી. મહેસાણા) | ૮૪ | |
| | | કુલ ૪૬૨ | |

કોઠા નં ૫:૮

ખાસ શિક્ષણ માટેની સંસ્થા પર ખર્ચ

| વર્ષ | સાધનો | સરકારનું ફંડ | ફી | અન્ય સાધનો | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૮–૬૯ | | રૂા. ૧,૦૨,૫૭૮ | ... | ૨,૫૮,૩૪૮ | ૩,૬૦,૯૨૬ |
| ૧૯૬૯–૭૦ | | રૂા. ૧,૪૩,૦૦૦ | ... | ૪,૨૭,૬૯૮ | ૫,૭૦,૬૯૮ |

## કોઠા નં. ૫ (૧)

### ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સને ૧૯૬૯–૭૦

| સંસ્થાનો પ્રકાર | સંસ્થાઓની સંખ્યા | | | વિદ્યાર્થીઓની સંખ્યા. | | | | | | +વધારો અથવા –ઘટાડો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૯-૬૮-૬૯. | ૬૯-૭૦. | (+)વધારો(–)ઘટાડો | ૧૯૬૮-૬૯ | | | ૧૯૬૯-૭૦ | | | | | |
| | | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| યુનિવર્સિટી | ૫ | ૫ | – | ૧૭૬૭ | ૩૫૧ | ૨૧૧૮ | ૨૦૧૨ | ૬૬૧ | ૨૬૭૩ | +૨૪૫ | +૩૧૦ | +૫૫૫ |
| સંશોધન –સંસ્થા | ૧૦ | ૧૦ | – | ૧૮૯ | ૧૦૦ | ૨૮૯ | ૧૬૭ | ૯૪ | ૨૬૧ | –૨૨ | –૬ | –૨૮ |
| વિનયન અને વિજ્ઞાન (સામાન્ય શિક્ષણ) | ૧૨૬ | ૧૩૩ | +૭ | ૬૦૦૬૮ | ૨૬૦૬૪ | ૮૬૧૩૨ | ૬૩૫૭૦ | ૨૯૦૪૧ | ૯૨૬૧૧ | +૩૫૦૨ | +૨૯૭૭ | +૬૪૭૯ |
| વ્યવસાય અને ખાસ કોલેજો | ૭૨ | ૮૩ | +૧૧ | ૩૧૯૨૨ | ૨૭૬૭ | ૩૪૬૮૯ | ૩૮૬૪૦ | ૩૭૫૮ | ૪૨૩૯૮ | +૬૭૧૮ | +૯૯૧ | +૭૭૦૯ |
| કુલ. | ૨૧૩ | ૨૩૧ | +૧૮ | ૯૩૯૪૬ | ૨૯૨૮૨ | ૧૨૩૨૨૮ | ૧૦૪૩૮૯ | ૩૩૫૫૪ | ૧૩૭૯૪૩ | +૧૦૩૪૩ | +૪૨૭૨ | +૧૪૭૧૫ |

## ઉચ્ચ શિક્ષણ
### ૧૯૬૯–૭૦

| જિલ્લાનું નામ | | | | સંસ્થાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો |
|---|---|---|---|---|---|---|
| ૧. અમદાવાદ. | ... | ... | ... | ૬૩ | ૪૪૯૩૩ | ૨૧૩૪ |
| ૨. અમરેલી. | ... | ... | ... | ૨ | ૧૦૮૬ | ૪૯ |
| ૩. કચ્છ. | ... | ... | ... | ૪ | ૧૨૫૧ | ૮૯ |
| ૪. ખેડા. | ... | ... | ... | ૩૨ | ૧૯૦૯૦ | ૯૩૪ |
| ૫. જામનગર. | ... | ... | ... | ૫ | ૨૮૩૫ | ૧૨૦ |
| ૬. જૂનાગઢ. | ... | ... | ... | ૮ | ૩૮૨૯ | ૧૯૪ |
| ૭. ડાંગ. | ... | ... | ... | ... | ... | ... |
| ૮. પંચમહાલ. | ... | ... | ... | ૪ | ૨૧૪૯ | ૧૦૭ |
| ૯. બનાસકાંઠા. | ... | ... | ... | ૨ | ૫૬૨ | ૪૧ |
| ૧૦. ભરૂચ. | ... | ... | ... | ૭ | ૩૦૩૭ | ૧૪૯ |
| ૧૧. ભાવનગર. | ... | ... | ... | ૧૧ | ૪૯૮૪ | ૨૫૯ |
| ૧૨. મહેસાણા. | ... | ... | ... | ૧૯ | ૭૩૩૪ | ૪૧૭ |
| ૧૩. રાજકોટ. | ... | ... | . | ૧૬ | ૯૮૫૮ | ૪૨૭ |
| ૧૪. વડોદરા. | ... | ... | ... | ૨૩ | ૧૬૯૪૭ | ૮૪૬ |
| ૧૫. વલસાડ. | ... | ... | ... | ૯ | ૬૫૦૪ | ૨૬૧ |
| ૧૬. સાબરકાંઠા. | ... | ... | ... | ૫ | ૨૪૯૪ | ૧૨૬ |
| ૧૭. સુરત. | ... | ... | ... | ૧૬ | ૮૫૩૭ | ૪૪૨ |
| ૧૮. સુરેન્દ્રનગર. | ... | ... | ... | ૫ | ૨૫૧૩ | ૧૧૧ |
| ૧૯. ગાંધીનગર | ... | ... | ... | ... | ... | ... |
| | | | કુલ | ૨૩૧ | ૧૩૭૯૪૩ | ૬૭૦૬ |

## પ્રકરણ–૬

## શિક્ષકોની તાલીમ

૬.૧ આ પ્રકરણના ત્રણ વિભાગો છે.

અ. માધ્યમિક શાળાના શિક્ષકોની તાલીમ.

બ. પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ.

ક. અન્ય શિક્ષકોની તાલીમ.

**(અ.) માધ્યમિક શાળાના શિક્ષકોની તાલીમ સંસ્થાઓ :—**

નીચેનો કોઠો યુનિ. સાથે જોડાયેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોની તાલીમ સંસ્થાઓની સંખ્યા અને હેવાલ હેઠળના વર્ષ દરમ્યાન તેમાં તાલીમ હેઠળના શિક્ષકોની સંખ્યા દર્શાવે છે. આ કોઠામાં સ્નાતકો માટેની ત્રણ બુનિયાદી સંસ્થાઓની વિગતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

**૬.૨ ૧૯૬૯-૭૦માં માધ્યમિક શાળાઓના શિક્ષકો માટેની તાલીમ સંસ્થાઓ.**

કોઠા નં. ૬ (૧)

| સંચાલન | સંસ્થાઓની સંખ્યા | તાલીમ હેઠળના શિક્ષકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સરકારી | ૩ | ૧૫૪ | ૫૯ | ૨૧૩ |
| અનુદાન મેળવતી | ૧૯ | ૧૯૭૧ | ૮૫૪ | ૨૮૨૫ |
| કુલ. | ૨૨ | ૨૦૪૫ | ૯૧૩ | ૩૦૩૮ |

૬.૩ હેવાલ હેઠળના વર્ષ દરમ્યાન તાલીમ સંસ્થાઓની સંખ્યા ૨૨ રહી હતી. આ પૈકી ૩ સરકારી અને ૧૯ અનુદાન મેળવતી ખાનગી સંસ્થાઓ હતી. આ સંસ્થાઓમાં તાલીમાર્થીઓની સંખ્યા ૨૪૯૮થી વધીને ૩૦૩૮ થઇ હતી.

**૬.૪ શિક્ષકોની વ્યવસાયી તાલીમની ઉચ્ચતર પરીક્ષા :**

એમ. એડ. પરીક્ષા અંશતઃ પ્રશ્નપત્રો દ્વારા અને અંશતઃ સંશોધન દ્વારા યુનિ.ઓ લે છે પી. એચ. ડી. ડીગ્રી ફક્ત સંશોધન દ્વારા મળે છે. વર્ષ દરમ્યાન ૯૦ વિદ્યાર્થીઓ પૈકી ૭૩ વિદ્યાર્થીઓને એમ. એડ. ડીગ્રી મળી હતી.

**શિક્ષણનો ડિપ્લોમા :**

સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યાનગર, એમ. એસ. યુનિ. વડોદરા અને ગુજરાત યુનિ., અમદાવાદ સાથે સંકળાયેલ શિક્ષણની કોલેજોમાં શિક્ષણના ડિપ્લોમાના વર્ગો ચલાવવાની જોગવાઇ હતી.

**બ. પ્રાથમિક શિક્ષકોની તાલીમ સંસ્થાઓ અને તાલીમાર્થીઓ :—**

૬.૬ સને ૧૯૬૯--૭૦માં રાજ્યમાં સરકારી બુનિયાદી અધ્યાપન મંદિરો ૨૬ હતા. તેમાં પુરૂષો માટેના ૧૯ અને સ્ત્રીઓ માટેના ૭ હતા. હેવાલના વર્ષે ખાનગી સંસ્થાઓ દ્વારા સંચાલિત માન્ય અધ્યાપન મંદિરોની સંખ્યા ૪૦ હતી.

૬.૭ નીચેના કોઠામાં અધ્યાપન મંદિરો અને તેમાં તાલીમી લેતા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી છે.

કોઠા નં. ૬ (૨)

પ્રાથમિક શિક્ષકો માટેની તાલીમ શાળાઓ ૬૯–૭૦

| સંચાલન | સંસ્થાઓની સંખ્યા. | | | સંસ્થાના વિદ્યાર્થીઓની સંખ્યા. | | |
|---|---|---|---|---|---|---|
| | પુરૂષો માટે | સ્ત્રીઓ માટે | કુલ | પુરૂષો માટે | સ્ત્રીઓ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| સરકારી. | ૧૯ | ૭ | ૨૬ | ૩૨૫૭ | ૯૬૫ | ૪૨૨૨ |
| ખાનગી અનુદાન લેતી | ૧૪ | ૨૬ | ૪૦ | ૧૮૯૦ | ૩૨૨૬ | ૫૧૧૬ |
| કુલ.... | ૩૩ | ૩૩ | ૬૬ | ૫૧૪૭ | ૪૧૯૧ | ૯૩૩૮ |

પુરૂષ અને સ્ત્રી અધ્યાપન મંદિરો અંગેની જુદી જુદી માહિતી નીચેના ફકરાઓમાં આપેલ છે.

સંસ્થાઓ અને તાલીમાર્થીઓ : ( પુરૂષો માટે )

કોઠા નં. ૬.૩ સને ૧૯૬૮--૬૯ અને ૧૯૬૯--૭૦માં પુરૂષ અધ્યાપન મંદિરો અંગેની તુલનાત્મક માહિતી દર્શાવે છે.

કોઠા નં. ૬ (૩)

પ્રાથમિક શિક્ષકો : પુરૂષો માટેની તાલીમ શાળાઓ (૧૯૬૯--૭૦)

| વર્ષ | સંસ્થાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સંસ્થાદીઠ વિદ્યાર્થીઓની સરેરાસ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૯૬૮--૬૯ | ૩૩ | ૪૭૭૨ | ૧૪૫ |
| ૧૯૬૯--૭૦ | ૩૩ | ૫૧૪૭ | ૧૫૬ |

ખર્ચ.

૬.૮. રાજયમાં સને ૧૯૬૮--૬૯માં પુરૂષ અધ્યાપન મંદિરો ઉપર કુલ ખર્ચ રૂા. ૨૧૭૭૪૮૪ થયું હતું જે વધીને ૧૯૬૯--૭૦માં રૂા. ૨૫૪૬૪૯૯ થયું હેવાલના વર્ષ દરમ્યાન સરકારશ્રીએ પુરૂષ અધ્યાપન મંદિરો ઉપર રૂા. ૧૫૨૮૯૮૧નું ખર્ચ કર્યું હતું જે કુલ ખર્ચના ૬૦ ટકા હતું.

નીચેના કોઠા નં. ૬.૪માં બંને વર્ષના પુરૂષ અધ્યાપન મંદિરો માટેના ખર્ચના આંકડાઓ આપ્યા છે.

કોઠા નં. ૬ (૪)

| વર્ષ : | સરકારી ફંડમાંથી | | અન્ય સાધનોમાંથી | | કુલ |
|---|---|---|---|---|---|
| | સરકારી સંસ્થાઓ અંગે | બિનસરકારી સંસ્થાઓ અંગે | સરકારી સંસ્થાઓ અંગે | બિનસરાકરી સંસ્થાઓ અંગે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| રૂા. | રૂા. | રૂા. | રૂા. | રૂા. | રૂા |
| ૧૯૬૮--૬૯ | ૧૨,૭૧,૨૪૬ | ૪,૨૯,૦૩૭ | ૧,૪૧,૦૨૮ | ૩,૩૬,૧૭૩ | ૨૧,૭૭,૪૮૪ |
| ટકા | (૫૮.૩૮) | (૧૯.૭૦) | (૬.૪૮) | (૧૫.૪૪) | (૧૦૦) |
| ૧૯૬૯--૭૦ | ૧૫,૨૮,૯૮૧ | ૫,૬૦,૬૬૯ | ૧,૫૭,૭૬૮ | ૨૯,૯૦,૮૧૧ | ૨૫,૪૬,૪૯૯ |
| ટકા | (૬૦) | (૨૩) | (૬) | (૧૧) | (૧૦૦) |

૬.૯ સંસ્થાઓ અને તાલીમાર્થીઓ (સ્ત્રીઓ માટે) સને ૧૯૬૯--૭૦માં અધ્યાપન મંદિરોની સંખ્યા ૩૩ હતી. આ સંસ્થાઓમાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૫૧૮ હતી. કોઠા ૬.૫માં સ્ત્રી અધ્યાપન મંદિરોની ૧૯૬૮--૬૯ અને ૧૯૬૯--૭૦ના વર્ષની માહિતી આપી છે.

કોઠા નં. ૬ (૫)

પ્રાથમિક શિક્ષકો(સ્ત્રીઓ) માટેની તાલીમી શાળાઓ.

૧૯૬૯—૭૦.

| વર્ષ | સંસ્થાઓની સંખ્યા. | વિદ્યાર્થીઓની સંખ્યા. | સંસ્થા દીઠ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|
| ૧૯૬૮--૬૯ | ૩૨ | ૪૦૯૩ | ૧૨૮ |
| ૧૯૬૯—૭૦ | ૩૩ | ૪૧૯૧ | ૧૨૭ |

૬.૯ ખર્ચ—૧૯૬૮—૬૯માં સ્ત્રી અધ્યાપન મંદિરો ઉપર રૂા. ૧૭,૨૫,૯૧૮નું ખર્ચ થયું તે વધીને ૧૯૬૯--૭૦માં રૂા. ૧૭૫૪૨૮૭/- થવા પામેલ છે.

આમાં સરકારી સંસ્થાઓ અંગે સરકારશ્રીનો હીસ્સો રૂા. ૪૧૮૨૨૪ જેટલો છે. તે કુલ ખર્ચના ૨૪ ટકા થાય છે. કોઠા ૬.૬ માં બંને વર્ષના આંકડા આપ્યા છે.

કોઠા નં. ૬ (૬)

પ્રાથમિક શિક્ષકો (સ્ત્રીઓ) માટેની તાલીમ શાળાઓ અંગેનું ખર્ચ (૧૯૬૯–૭૦)

| વર્ષ | સરકારી ફંડમાંથી | | અન્ય સાધનોમાંથી | | કુલ |
|---|---|---|---|---|---|
| | સરકારી સંસ્થાઓ અંગે | બિનસરકારી સંસ્થાઓ અંગે | સરકારી સંસ્થાઓ અંગે | બિનસરકારી સંસ્થાઓ અંગે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | રૂા. | રૂા. | રૂા | રૂા. | રૂા. |
| ૧૯૬૮--૬૯ | ૫,૦૯,૬૨૭ | ૬,૬૨,૫૭૫ | ૫૩,૦૬૦ | ૫,૦૦,૬૫૬ | ૧૭,૨૫,૯૧૮ |
| ટકા | (૨૯.૫૩) | (૩૮.૩૯) | (૩.૦૭) | (૨૯.૦૧) | (૧૦૦) |
| ૧૯૬૯--૭૦ | ૪,૧૮,૨૨૪ | ૮,૬૩,૩૫૧ | ૮૯,૭૪૫ | ૩,૮૨,૯૬૭ | ૧૭,૫૪,૨૮૭ |
| ટકા | (૨૪) | (૪૮) | (૬) | (૨૨) | (૧૦૦) |

**ક. અન્ય શિક્ષકોની તાલીમ**

**હિન્દી શિક્ષકો**

૬.૧૦ બિન-હિન્દી ભાષી રાજ્યોમાં હિન્દીના શિક્ષણ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના અનુસાર ગુજરાત રાજ્યે ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ મારફતે એક હિન્દી શિક્ષકો માટેની તાલીમ મહાવિદ્યાલય જૂન ૧૯૬૨થી શરૂ કરેલ છે. હેવાલના વર્ષ દરમ્યાન આ મહાવિદ્યાલયમાં હિન્દી શિક્ષણ વિનિત અને હિન્દી શિક્ષણ વિશારદના વર્ગો ચલાવવામાં આવ્યા હતા. આ બંને વર્ગોમાં તાલીમાર્થીઓની સંખ્યા ૭૯ હતી. (વિનિત ૨૯ + વિશારદ ૫૦ = ૭૯)

પૂર્વ પ્રાથમિક અધ્યાપન મંદિર:

૬.૧૧. નીચેના કોઠા નં. ૬.૭ ઉપરથી જણાશે કે હેવાલના વર્ષ દરમ્યાન પૂર્વ પ્રાથમિક અધ્યાપન મંદિરોની સંખ્યા ૧૧ હતી; અને આ સંસ્થાઓમાં તાલીમાર્થીઓની સંખ્યા ૩૧મી માર્ચ ૧૯૭૦ના રોજ ૬૮૬ હતી.

કોઠા નં. ૬ (૭)

| | | | |
|---|---|---|---|
| સંસ્થાઓની સંખ્યા | ૧૧ | | |
| તાલીમાર્થીઓની સંખ્યા | પુરૂષ<br>૧૮ | સ્ત્રી.<br>૬૬૮ | કુલ.<br>૬૮૬ |
| શિક્ષકોની સંખ્યા. | ૨૯ | ૨૯ | ૫૮ |

પ્રત્યક્ષ ખર્ચ.

| | |
|---|---|
| સરકારી ફંડમાંથી. | ૧૩૦૩૯૨ |
| ફી. | ૭૫૩૧૧ |
| અન્ય સાધનોમાંથી | ૫૯૭૩૦ |
| કુલ રૂા. | ૨૬૫૪૩૩ |

**ચિત્રકામ શિક્ષકોની તાલીમ:**

૬.૧૨. હેવાલ હેઠળના વર્ષ દરમ્યાન સમગ્ર રાજ્યમાં ચિત્રકામ શિક્ષકોની તાલીમ સંસ્થાઓની સંખ્યા ૬ હતી તેમાં તાલીમ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬૫ હતી.

## વ્યવસાયિક અને ખાસ શિક્ષણ

### ૭.૧ વાણિજ્ય શિક્ષણ

ગુજરાત રાજ્યમાં વાણિજ્ય શિક્ષણ ત્રણ પ્રકારની સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે (૧) વાણિજ્ય કોલેજો તે યુનિ. સાથે જોડાયેલ છે. અને તેમાં માધ્યમિક તબક્કા પછી ચાર વર્ષનો અભ્યાસક્રમ હોય છે. આ અંગેની માહિતી પ્રકરણ ૫માં આપેલી છે. (૨) વાણિજ્ય અને બહુલક્ષી શાળાઓ સામાન્ય શિક્ષણની સાથોસાથ વાણિજ્ય શિક્ષણનુ પૂર્વ વ્યવસાય અંગેનું શિક્ષણ આપે છે. હેવાલનાં વર્ષના અંતે વાણિજ્ય વિષયનું શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓની સંખ્યા ૯૧ હતી. (૩) વાણિજ્ય સંસ્થાઓ લઘુલીપી, ટાઈપરાઈટીંગ, એકાઉન્ટન્સી, સેક્રેટરીયલ પ્રેક્ટીસનું શિક્ષણ આપે છે. હેવાલનાં વર્ષનાં અંતે આવી ૧૨૦ સંસ્થાઓ હતી. વર્ષ દરમ્યાન સહકારી વાણિજ્ય ડિપ્લોમા અને પ્રમાણપત્રની પરીક્ષામાં ૯,૫૬૧ ઉમેદવારો બેઠા હતા જેમાંથી ૪૦૬૨ ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા.

### સંગીત શિક્ષણ

૭.૨ હેવાલના વર્ષ દરમ્યાન સંગીત અને નૃત્યનું શિક્ષણ આપતી યુનિ. કક્ષાની બે સંસ્થાઓ હતી (૧) વડોદરાના મહારાજાની યુનિ. ખાતેની ભારતીય સંગતી નૃત્ય અને નાટય કોલેજ અને (૨) રાજકોટની સંગીત મહાવિદ્યાલય. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા હેવાલના વર્ષના અંતે ૫૫૨ હતી. વર્ષ દરમ્યાન આ સંસ્થાઓ ઉપર કુલ ખર્ચ રૂા. ૪,૧૫,૯૫૦/- થયું હતું.

હેવાલના વર્ષ દરમ્યાન રાજ્યમાં ૧૮ સંગીત અને નૃત્ય શાળાઓ હતી. આ બધી ખાનગી સંસ્થાઓ હતી. પરંતુ આ સંસ્થાઓને કાયમી ગ્રાન્ટ અંગે સરકારી ખર્ચ રૂા. ૯૧,૨૨૫નું થયું હતું.

આ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૭૩૫ હતી.

### ૭.૩ સમાજ વિજ્ઞાન માટેની ઉચ્ચ સંસ્થાઓ

ઉચ્ચત્તર કક્ષાએ સમાજ વિજ્ઞાનના અભ્યાસ માટેની જોગવાઈ વડોદરાના મહારાજા સયાજીરાવ યુનિ.ના સમાજ કાર્યની વિદ્યાશાખામાં (ફેકલ્ટી) હતી. આ વિદ્યાશાખા એક અનુસ્નાતક સંસ્થા તરીકે સમાજકાર્યની ડીગ્રી આપે છે. આ ડીગ્રીના અભ્યાસક્રમમાં વર્ગકામ, ક્ષેત્રકામ અને સંશોધનનો સમાવેશ થાય છે. પ્રત્યક્ષ તાલીમ તથા શૈક્ષણિક જ્ઞાનનો રોજબરોજના જીવનમાં ઉપયોગ કરવા પર મુખ્ય ભાર આપવામાં આવે છે. આ ઉપરાંત ગાંધી વિદ્યાપીઠ, વેડછીમાં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ ચાલે છે.

### સમાજ વિજ્ઞાન

૭.૪ હેવાલના વર્ષ અંતે સમાજ કાર્ય માટેની વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨ હતી.

### ગૃહ વિજ્ઞાન

૭.૫. આ વિદ્યાશાખામાં ગૃહ વિજ્ઞાનની ડિગ્રી માટેનો ચાર વર્ષનો અભ્યાસક્રમ મ. સ. યુનિવર્સિટી, વડોદરા ખાતે શીખવવામાં આવે છે. ગૃહવિજ્ઞાનના અનુસ્નાતક ડિગ્રીનો વધુ બે વર્ષનો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. ગૃહવિજ્ઞાન સ્નાતક ડિગ્રીના અભ્યાસક્રમમાં પ્રથમ બે વર્ષના અંતરંત અભ્યાસક્રમની (કોરકોર્સ) સમાવેશ થાય છે. જેમાં વિદ્યાર્થીની ગૃહવિજ્ઞાનના જુદા જુદા તબક્કાઓમાં ખ્યાલ આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના ક્ષેત્રમાં તદ્વીદ્ (સ્પેશ્યાલાઈઝ્ડ) થવાની તક મળે છે. વિજ્ઞાનના ચાર વિષયોને મુખ્ય તરીકે સ્વિકારવામાં આવે છે. જેવા કે ખોરાક, અને પોષણ બાલવિકાસ, ગૃહ સંચાલન, અને ગૃહ વિજ્ઞાન, શિક્ષણ અહેવાલના વર્ષ દરમ્યાન આ વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૪૪ હતી. તદૃઉપરાંત ગુજરાત યુનિ.ની સંલગ્ન એક કોલેજમાં ગૃહ વિજ્ઞાન શિખવાડવાની જોગવાઈ હતી. માધ્યમિક કક્ષાએ વિવિધલક્ષી શાળાઓમાં ગૃહવિજ્ઞાન એક વિષય તરીકે શિખવાડવામાં આવે છે. હેવાલના વર્ષ દરમ્યાન આવી ગૃહવિજ્ઞાન શીખવતી ૨૪ વિવિધલક્ષી શાળાઓ રાજ્યમાં હતી.

### ઉચ્ચ ગ્રામ સંસ્થા

૭.૬. રાજ્યમાં સણોસરાની લોકભારતી સંસ્થા એક માત્ર ગ્રામ સંસ્થા છે. આ સંસ્થા ભારત સરકારના ઉચ્ચગ્રામ શિક્ષણના રાષ્ટ્રિય પરિષદ સાથે જોડાયેલી છે. તે ગ્રામ સેવાના ત્રણ વર્ષના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે અને ખેતી વિજ્ઞાનના બે વર્ષના પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને તૈયાર કરે છે. અભ્યાસક્રમ ઉપરાંત લોકભારતી સંસ્થા પ્રાથમિક શાળા બુનિયાદી શિક્ષકો તાલીમ માટેની એક સંસ્થા કૃષિવિદ અભ્યાસક્રમ તેમજ સહાયક ફાર્મો માટેની એક યોજના તથા આસપાસના ગામોમાં શિક્ષણ વિસ્તરણ સેવા પ્રવૃત્તિ ચાલે છે. આ સાથે પ્રયોગ અને નિદર્શન માટેનું એક ફાર્મ પણ જોડાયેલું છે. હેવાલના વર્ષ દરમ્યાન આ સંસ્થામાં કુલ ૧૪૭ વિદ્યાર્થીઓ હતા. સંસ્થાનું કુલ ખર્ચ રૂા. ૧૨૩૩૮૫ થયું હતું.

સને ૧૯૬૭-૬૮ થી ગાંધી વિદ્યાપીઠ, વેડછીમાં સમાજશાખા મહાવિદ્યાલય શરૂ કરવામાં આવ્યું છે.

સને ૧૯૬૮-૬૯ થી સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડામાં લોક શિક્ષણ અને કૃષિ મહાવિદ્યાલય શરૂ થયું છે.

## પ્રકરણ—૮

## સમાજ શિક્ષણ

૮.૧. રાજ્યમાં સમાજ શિક્ષણના કાર્ય માટે ગુજરાત રાજ્ય સમાજ શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી છે. પરંતુ અમદાવાદ શહેર માટે અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ કામ કરે છે.

**૮.૨. સમાજ શિક્ષણનાં કાર્યો :**

સમાજ શિક્ષણનાં નીચે જણાવેલા કાર્યો જિલ્લાઓમાં પંચાયત હસ્તક થાય છે:—

૧. ગ્રામ્ય પુસ્તકાલયો ચલાવવા.

૨. મહિલા મંડળો ચલાવવા.

૩. યુવક મંડળો ચલાવવા.

૪. ખેડૂત મંડળો ચલાવવા.

૫. મનોરંજન કાર્યો ચલાવવા.

૬. ભજન મંડળ ચલાવવા.

૭. સંસ્કાર કેન્દ્રો ચલાવવા.

૮. સમાજ શિક્ષણ અંગેના શિબિર યોજવા.

૯. પ્રેરણા પ્રવાસ.

૧૦. પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવા.

નીચેના કોઠામાં ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ના વર્ગના સમાજ શિક્ષણ વર્ગો અંગેની તુલનાત્મક માહિતી આપી છે:—

| વર્ગોનો પ્રકાર | | વર્ગની સંખ્યા | | દાખલ થયેલા પ્રૌઢો | | અક્ષરજ્ઞાન પામેલ પ્રૌઢોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| પ્રવેશ શ્રેણી | | ૧૯૬૮–૬૯ | ૧૯૬૯–૭૦ | ૧૯૬૮–૬૯ | ૧૯૬૯–૭૦ | ૧૯૬૮–૬૯ | ૧૯૬૯–૭૦ |
| પુરૂષોનાં | | ૧૩૭૧ | ૬૩૪ | ૨૩૭૬૮ | ૧૪૬૯૯ | ૯૫૭૮ | ૬૫૬૮. |
| સ્ત્રીઓનાં | | ૬૦૯ | ૨૬૮ | ૧૩૦૫૬ | ૭૧૮૬ | ૫૨૧૩ | ૪૯૦૨ |
| | કુલ ... | ૧૯૮૦ | ૯૦૨ | ૩૬૮૨૪ | ૨૧૮૮૫ | ૪૧૭૯૧ | ૧૧૪૭૦ |
| પરિચય શ્રેણી: | | | | | | | |
| પુરૂષોનાં | | ૧૯૫ | ૧૮૦ | ૩૬૮૫ | ૩૮૪૫ | ૨૮૫૩ | ૨૬૯૮ |
| સ્ત્રીઓના | | ૧૨૯ | ૧૦૭ | ૨૭૨૪ | ૨૭૭૪ | ૨૭૫૪ | ૨૭૩૫ |
| | કુલ ... | ૩૨૪ | ૨૮૭ | ૬૪૦૯ | ૬૬૧૯ | ૫૬૦૭ | ૫૪૩૩ |

ઉપરના આંકડા ઉપરથી ૧૯૬૮–૬૯ના વર્ષની સરખામણીમાં હેવાલના વર્ષ દરમિયાન પ્રૌઢ વર્ગોનું કાર્ય ધીમું લાગે છે. પરંતુ આ વર્ષે દક્ષિણ ગુજરાતમાં રેલને લીધે કામ થઈ શક્યું નહોતું અને કાર્યકરો પણ રેલ રાહતના કાર્યમાં રોકાયા હતા. એટલે તેની અસર હેવાલના વર્ષમાં પડી છે.

## પ્રકરણ ૯

## વ્યાયામ શિક્ષણ

### શારીરિક શિક્ષણ

શારીરિક શિક્ષણ નિરીક્ષકની કચેરી, શિક્ષણ નિયામકશ્રીની કચેરીઓના એક ભાગ તરીકે એટલે કે સંલગ્ન કચેરી તરીકે કામ કરે છે. કચેરીનું સંચાલન વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારી દ્વારા થાય છે. જિલ્લા કક્ષાએ શારીરિક શિક્ષણનું કામ શારીરિક શિક્ષણ નિરીક્ષકો દ્વારા કરવામાં આવે છે. આવા નિરીક્ષકોની સંખ્યા ૨૦ની છે. અને તેઓ શિક્ષણાધિકારીની સીધી દેખરેખ નીચે કામ કરે છે. દરેક જિલ્લામાં એક નિરીક્ષક નીમવામાં આવેલ છે. અમદાવાદ જિલ્લો મોટો હોઈ તેમાં બે નિરીક્ષકો છે. તારીખ ૩-૧૦-૬૮ થી શારીરિક શિક્ષણ કચેરીનું વિભાજન કરવામાં આવ્યું અને રમતગમતની પ્રવૃત્તિ સરકારશ્રીના સીધા નિયંત્રણ હેઠળ લાવવામાં આવી. આગલા વર્ષના અહેવાલના જણાવ્યા પ્રમાણે શારીરિક શિક્ષણ નિરીક્ષકની કચેરીનું મહેકમ નીચે મુજબ છે.

| અનુ. નં. | જગ્યાનું નામ | સંખ્યા | પગાર-ધોરણ |
|---|---|---|---|
| | | | રૂા. |
| ૧. | શારીરિક શિક્ષણ નિરીક્ષક વર્ગ-૨ | ૧ | ૩૫૦--૮૫૦ |
| ૨. | સીનીયર ક્લાર્ક | ૧ | ૨૦૦--૩૧૦ |
| ૩. | જુનિયર ક્લાર્ક | ૧ | ૧૩૦--૨૪૦ |
| ૪. | પટાવાળા | ૧ | ૯૦--૧૧૦ |

### માધ્યમિક સંસ્થાઓ:

રાજ્યની માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણને એક ફરજીયાત વિષય તરીકે અન્ય વિષયોની જેમજ સ્થાન આપવામાં આવ્યું છે. તે માટેની કસોટીઓ વર્ષને અંતે લેવાય છે. ધો. ૮ થી ૧૧નો શારીરીક શિક્ષણનો અભ્યાસક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે અને તે મધ્યસ્થ સરકારના નેશનલ ફીટનેસ કોરના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખીને ઘડવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ રાજ્યની બધી માધ્યમિક શાળાઓ તેમજ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયોમાં ફરજીયાત દાખલ કરવામાં આવ્યું છે.

આ અભ્યાસક્રમ માટે ધોરણવાર નીચે પ્રમાણે તાસ ઠરાવવામાં આવ્યા છે.

| ધો. ૮ | ધો. ૯ | ધો. ૧૦ | ધો. ૧૧ |
|---|---|---|---|
| તાસ—૫ | ૪ | ૪ | ૧ |

પ્રાથમિક કક્ષાના ધોરણોમાં એક તાસ વ્યાયામ શિક્ષણ માટે આપવામાં આવ્યો છે. પ્રાથમિક શિક્ષકો માટેના તાલીમ અધ્યાપન મંદિરોમાં પણ શારીરિક શિક્ષણનો તાસ ફરજીયાત છે. આ માટેનો જુદો અભ્યાસક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે, કે જેથી કરીને આ શિક્ષકો પ્રાથમિક શાળામાં કામ કરવા જાય ત્યારે શારીરિક શિક્ષણના વિષયને યોગ્ય ન્યાય આપી શકે.

### નિરીક્ષણ કાર્યો

પ્રત્યેક જિલ્લાદીઠ શારીરિક શિક્ષણનુ કામ વ્યવસ્થિત રીતે થાય છે કે કેમ તે જોવા માટે ઓછામાં ઓછા એક તાલીમ પામેલ શારીરિક શિક્ષણ નિરીક્ષણ નીમવામાં આવેલ છે. આ નિરીક્ષક માધ્યમિક શાળાઓમાં અધ્યાપન મંદિરોમાં મુલાકાતો તેમજ નિરીક્ષણ દ્વારા જણાયેલ ત્રુટિઓ દૂર કરવા પ્રયત્નો કરે છે. અને યોગ્ય માર્ગદર્શન આપે છે.

### મેદાનો તેમજ સાધનો અને સુવિધા:

ખાતા દ્વારા એવું ઠરાવવામાં આવ્યું છે કે પ્રત્યેક માધ્યમિક શાળામાં ૨૫૦ વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછી એક એકર જમીન શાળાની નજીકમાં હોવી આવશ્યક છે. આ અંગે પ્રવર્તતી સ્થિતિ જોતાં લગભગ ૬૦૦ શાળાઓ મેદાનો તેમજ સાધનોની સુવિધા ધરાવે છે. મેદાનોનો પ્રશ્ન મોટા શહેરોમાં ખુબ કઠિન બન્યો છે. કેટલીક માધ્યમિક શાળાઓ પાસે સાધન સામગ્રી હોવા છતાં મેદાનો અંગેની મુશ્કેલીઓમાં હોવાનું જણાઈ આવી છે.

**દાકતરી તપાસ:**

ખાતાના ધોરણ મુજબ પ્રત્યેક વિદ્યાર્થીની શાળામાં પ્રવેશ સમયે દાકતરી તપાસ થવી જોઇએ. અને ફરીને આ તપાસ વિદ્યાર્થી શાળા છોડે ત્યારે થવી જોઇએ. તે રીતે ધોરણ ૫, ૮ અને ૧૧માં દાકતરી તપાસ કરવી જોઇએ. પ્રત્યેક શાળાએ આ કામગીરીની નોંધ ઠરાવેલા પત્રકમાં કરવાની હોય છે. અને તે માટેનો અનુવર્તી કાર્ય (ફોલોઅપવર્ક) પણ કરવા માટે તકેદારી રાખવી જરૂરી છે. મોટા ભાગની શાળાઓમાં ઉપરોકત કાર્ય થયેલું જણાય છે. પરંતુ જિલ્લા કક્ષાના શારીરિક શિક્ષણ નિરીક્ષકો અન્ય કામને લીધે આ કામની ચકાસણી કરી શકતા નથી.

**શારીરિક શિક્ષણની તાલીમી સંસ્થાઓ:**

આ હેવાલના વર્ષ દરમિયાન આ રાજ્યમાં શારીરિક શિક્ષણ પ્રમાણપત્ર અભ્યાસક્રમની છ તાલીમી સંસ્થાઓ હતી. તે પૈકી બે સંસ્થાઓ ફકત બહેનો માટે હતી. શારીરિક શિક્ષણના ડિપ્લોમાનો અભ્યાસક્રમ કરાવતી બે સંસ્થાઓ હતી જે પૈકી એક મિશ્ર ભાઈઓ તથા બહેનો માટે હતી. આ રીતે પ્રમાણપત્ર અને ડિપ્લોમા મળીને કુલ ૮ (આઠ) સંસ્થાઓ હતી.

રાણી લક્ષ્મીબાઇ કોલેજ ઓફ ફીઝીકલ એજ્યુકેશન ગ્વાલિયરમાં બી. પી. આઇ.નો અભ્યાસ કરતા ગુજરાતના છ વિદ્યાર્થીઓને પ્રત્યેકને રૂા. ૩૦૦-૦૦નું સ્ટાઇપેન્ડ આપવામાં આવ્યું છે.

**૨. રાષ્ટ્રીય ક્ષમતા દળ યોજના:- (એન. એફ. સી.)**

આ યોજના ૧૯૫૮થી અમલમાં આવી છે. આ રાજ્યમાં રાજ્ય કક્ષાના એન. એફ. સી. ઇન્સ્ટ્રકટરોનો નીચે પ્રમાણેનો સ્ટાફ આપવામાં આવ્યો છે.

જુનિયર પી. ટી. આઇ. ગ્રેડ--૨ ૭૩

આ પી. ટી. આઇઓને રાજ્યની જુદી જુદી માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણનું કામ કરવા નિયુકત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત મધ્યસ્થ સરકાર તરફથી પણ આ યોજના માટે એ જુદું દળ ઉભું કરવામાં આવ્યું છે તેમની સંખ્યા ૪૦૦ ઉપરાંતની છે. તેઓને પણ રાજ્યની જુદી જુદી શાળાઓમાં શારીરિક શિક્ષણનું કામ કરવા માટે નિયુકત કરવામાં આવ્યા છે.

**૩. સ્કાઉટીંગ અને ગાઈડીંગ:**

સ્કાઉટ અને ગાઇડ પ્રવૃત્તિ એ વિશ્વ પ્રવૃત્તિ છે. આ રાજ્યમાં ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ અને ગાઇડ સંઘ દ્વારા આ પ્રવૃત્તિનું સંચાલન કરવામાં આવે છે. આ સંસ્થાને સરકારશ્રી તરફથી (અ) સંસ્થાએ કરેલી ખરેખરી ખોટ અથવા (બ) માન્ય ખર્ચના ૭૫ ટકા વત્તા રૂા. ૧૦૦૦/-બ્લોક ગ્રાન્ટ આ બે પૈકી જે રકમ ઓછી હોય તે રીતે ગ્રાન્ટ તરીકે આપવામાં આવે છે. રાજ્ય સંઘની નીચે જિલ્લા સંઘો કામ કરી રહ્યા છે. વર્ષ દરમિયાન કુલ સ્કાઉટ અને ગાઇડની સંખ્યા ૨૧૨૦૩/- હતી. આ પ્રવૃત્તિને ખાતા તરફથી પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. અને પ્રત્યેક શાળામાં તેનું એક ગ્રૂપ મરજીયાત ધોરણે ઉભું કરવા સૂચનો આપવામાં આવ્યા છે.

આ ઉપરાંત જિલ્લા કક્ષાએ રેલીઓ યોજવા પ્રત્યેક જિલ્લાને રૂા. ૫૦૦/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વર્ષ દરમિયાન સાપુતારા મુકામે રાજ્ય કક્ષાનો એક સ્કાઉટ માસ્ટર્સ અને ગર્લ્સ ગાઇડ કેમ્પ યોજવામાં આવ્યો હતો અને તેમાં રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાંથી ૩૦ શિક્ષકો અને ૩૦ શિક્ષિકાઓએ તાલીમ લીધી હતી.

## પ્રકરણ ૧૦

### કન્યા કેળવણી

૧૦(૧) ૧૯૬૯-૭૦માં કન્યાઓ માટેની શિક્ષણ સંસ્થાઓની સંખ્યા ૧૭૬૯ હતી. નીચેનો કોઠો કન્યાઓ માટેની સંસ્થાઓ અને કન્યાઓની સંખ્યા દર્શાવે છે.

**કોઠા નં. ૧૦ (૧)**

| પ્રકાર | કન્યાઓ માટેની સંસ્થાઓની સંખ્યા | | બધી સંસ્થાઓમાં કન્યાઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | ૧૯૬૮--૬૯ | ૧૯૬૯--૭૦ | ૧૯૬૮--૬૯ | ૧૯૬૯--૭૦ |
| યુનીવર્સીટી ... ... | ... | ... | ૩૫૧ | ૬૬૧ |
| સંશોધન સંસ્થાઓ ... ... | ... | ... | ૧૦૦ | ૯૪ |
| વિનયન અને વિજ્ઞાન કોલેજો. ... | ૧૩ | ૧૪ | ૨૬૦૬૪ | ૨૯,૦૪૧ |
| વ્યવસાયી અને ખાસ કોલેજો ... ... | ... | ... | ૨૭૬૭ | ૩૭૫૮ |
| માધ્યમિક શાળાઓ ... ... | ૧૮૮ | ૨૦૨ | ૨,૨૨,૭૧૯ | ૨,૩૮,૫૯૫ |
| પ્રાથમિક શાળાઓ ... ... | ૧૦૧૭ | ૧૦૦૬ | ૧૨,૦૧,૬૦૫ | ૧૨,૩૨,૧૨૨ |
| સમાજ શિક્ષણ ... ... | ૭૩૮ | ૩૭૫ | ૧૫ ૭૮૦ | ૯,૯૬૦ |
| બીજી શાળાઓ ... ... | ૧૪૯ | ૧૭૨ | ૩૫,૮૭૭ | ૩૮,૪૪૮ |
| કુલ | ૨૧૦૫ | ૧૭૬૯ | ૧૫.૦૫૨,૬૩ | ૧૫,૫૨,૬૭૯ |

**નીચેના ફકરા શિક્ષણના જૂદા જૂદા તબક્કે કન્યા શિક્ષણ અને માહિતી આપે છે.**

૧૦(૨) ૧૯૬૯-૭૦માં પ્રાથમિક શાળાઓમાં કુલ ૩૩,૨૮,૨૭૧ વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પૈકી ૧૨,૩૨,૧૨૨ કન્યાઓ હતી એટલે ટકાવારી ૩૭ હતી. કુલ ૮૭,૩૫૬ પ્રાથમિક શિક્ષકો પૈકી સ્ત્રી. શિક્ષકોની સંખ્યા ૨૮,૦૭૭ હતી. તાલીમ પામેલી શિક્ષિકાઓની સંખ્યા ૨૩૨૧૦ હતી જે કુલ તાલીમ પામેલા શિક્ષકોના ૩૦.૫ ટકા હતી.

#### માધ્યમિક શિક્ષણ

૧૯૬૯-૭૦માં માધ્યમિક શાળાઓમાં કુલ ૭૪૭૦૨૫ વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પૈકી ૨,૩૮,૫૯૫ કન્યાઓ હતી. કન્યાઓની ટકાવારી ૩૨ હતી. ૨૭,૪૩૬ શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકોની સંખ્યા ૫૧૧૦ હતી.

#### ઉચ્ચ શિક્ષણ

૧૮(૪) ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ૧૯૬૯-૭૦માં કુલ ૧,૩૭,૯૪૩ વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પૈકી ૩૩૫૫૪ કન્યાઓ હતી. આમ કન્યાઓની ટકાવારી ૨૪.૧ હતી.

#### ખર્ચ

૧૦(૫) કન્યાઓ અને મહિલાઓના શિક્ષણ અંગે કુલ ખર્ચનો ચોક્કસ ખ્યાલ આપવાનું શકય નથી કારણ કે મોટા ભાગની કન્યાઓ સહ શિક્ષણ લેતી હતી.

**નીચેનો કોઠો કન્યાઓ માટેની અલગ સંસ્થાઓ પુરતું ખર્ચ બતાવે છે.**

| કોઠા નં. ૧૮(૨) | ૧૯૬૯-૭૦ |
|---|---|
| ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ. ... ... | ૩૦,૭૨,૩૪૫ |
| માધ્યમિક શાળાઓ ... ... | ૧,૭૧,૬૭,૮૦૧ |
| પ્રાથમિક શાળાઓ ... ... | ૨,૨૬,૪૭,૪૬૨ |
| સમાજ શિક્ષણ વર્ગો ... ... | ૮૧,૧૯૦ |
| બીજી શાળાઓ ... ... | ૩૨,૦૩,૯૨૪ |
| કુલ ... | ૪,૬૧,૭૨,૭૨૨ |

## પ્રકરણ ૧૧

# અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ

૧૧. હેવાલના આ પ્રકરણાં અગાઉના પ્રકરણોમાં નહિ જણાવેલી ખાતાની શૈક્ષણિક પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે આ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

(ક) પૂર્વ પ્રાથમિક શિક્ષણ.

(ખ) વ્યવસાયિક માર્ગદર્શન

(ગ) પ્રાચ્ય ભાષાનો અભ્યાસ

(ઘ) ગ્રંથાલય વ્યવસ્થા

(ચ) સાહિત્યને સરકારી આશ્રય.

(છ) પાઠય પુસ્તકો.

(જ) એન. સી. સી.

(ઝ) આશ્રમ શાળાઓ.

(ટ) મધ્યાહન ભોજન યોજના

(ઠ) શિષ્યવૃત્તિઓ.

(ડ) ચિત્રકામ અને હુન્નર શિક્ષણ.

(ઢ) રાજ્ય શિક્ષણ ભવન.

કોઠા નં. ૧૧.૧

(ક) પૂર્વ પ્રાથમિક શિક્ષણ.

| વ્યવસ્થા | ૧૯૬૮–૬૯ | | | ૧૯૬૯–૭૦ | | |
|---|---|---|---|---|---|---|
| | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શાળા દીઠ સરેરાશ બાળકો | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શાળાદીઠ સરેરાશ. બાળકો. |
| સ્થાનિક સંસ્થા | ૧૯૮ | ૧૨૫૬૫ | ૬૩ | ૨૧૯ | ૧૪૩૭૫ | ૬૬ |
| અનુદાન લેતી | ૪૬૦ | ૩૨૫૭૪ | ૭૧ | ૩૭૪ | ૨૭૫૦૪ | ૭૩ |
| અનુદાન ન લેતી | ૧૬૨ | ૯૩૧૮ | ૫૮ | ૧૬૧ | ૧૦૩૩૮ | ૬૪ |
| કુલ | ૮૨૦ | ૫૪૪૫૭ | ૬૬ | ૭૫૪ | ૫૨૨૧૭ | ૬૯ |

ઉપરોકત કોઠામાં દર્શાવ્યા અનુસાર ૧૯૬૮-૬૯માં પૂર્વ પ્રાથમિક શાળાઓ ૮૨૦ અને તેમાં ભણતાં બાળકો ૫૪૪૫૭ હતાં. તે હેવાલનાં વર્ષનાં અંતે પૂર્વ પ્રાથમિક શાળાઓ ૭૫૪ અને તે ભણતાં બાળકોની સંખ્યા ૫૨૨૧૭ થઈ છે. કોઠામાં શાળાઓ, બાળકો અને શાળાદીઠ સરેરાશ બાળકોની સંખ્યા બે વર્ષની સરખામણીમાં વ્યવસ્થા પ્રમાણે આપ્યા છે. આ માહિતીમાં સમાજ કલ્યાણ ખાતા હસ્તકની બાલવાડીઓ સમાવેશ થતો નથી.

ઉપરોક્ત શાળાઓ પૈકી ૩૯૮ શાળાઓ શહેરી વિસ્તારમાં હતી અને તેમાં ૩૧,૭૫૧ બાળકો હતાં. જ્યારે ગ્રામ વિસ્તારમાં ૩૫૬ શાળાઓ હતી અને તેમાં ૨૦,૪૬૬ બાળકો ભણતાં હતાં. શહેરી વિસ્તાર અને ગ્રામ વિસ્તારમાં શાળા દીઠ સરેરાશ બાળકોની સંખ્યા અનુક્રમે ૮૦ અને ૫૭ જેટલી થાય છે.

રાજ્ય સરકારે પૂર્વ પ્રાથમિક શિક્ષણની સીધી જવાબદારી સ્વીકારેલ નથી. આ તબક્કાના શિક્ષણનું કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચાલે છે. સ્વૈચ્છિક સંસ્થાઓને તે માટે નિયમાનુસાર ગ્રાન્ટ આપવામાં આવે છે. રાજ્ય સરકારે, શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ નં. પીપીએસ. ૧૦૬૬-૫૦૩૬૧-ક તા. ૨૩મી જુલાઈ, ૧૯૬૯ થી સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે જુના સૌરાષ્ટ્ર વિસ્તારના બાલમંદિરોને સૌરાષ્ટ્રના રિવાઈઝડ ગ્રાંન્ટ ઈન એઈડ કોડના રૂલ્સના નિયમ ૬૫(૧) મુજબ ખર્ચના ૫૦ ટકા અને ગુજરાતી વિસ્તારના બાલમંદિરોના મુંબઈના રીવાઈઝડ રૂલ્સ નિયમ ૧૪૧ મુજબ ખર્ચાના ૨૫ ટકા ગ્રાન્ટ સને ૧૯૬૫-૬૬ અને ત્યારબાદ શરૂ કરવામાં આવેલા બાલમંદિરોને શિક્ષણ અને મજુર વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક પી.પી.એસ-૧૫૬૪-૪૨૩૨૭-ક તારીખ ૧૬મી જુન, ૧૯૬૬ થી બહાર પાડેલ નિયમ મુજબ ગ્રાન્ટ આપવી. તેવું ઠરાવેલ છે.

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ૧ ૧૫૬૮-૮૪૫૦૫-ક તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૮ અનુસાર ગ્રામ વિસ્તારની પુર્વ પ્રાથમિક શાળાઓને બાલમંદિર ગ્રાન્ટ આપવાની હોય છે.

શિક્ષકો:—

નીચેના કોઠામાં પુર્વ પ્રાથમિક શાળાના શિક્ષકો અંગેની વિગતો આપી છે.

કોઠા નં. ૧૧(૨)

પૂર્વ પ્રાથમિક શાળાઓનાં શિક્ષકો (૧૯૬૯–૭૦)

| તાલિમ બધ્ધ શિક્ષકો | | | બિન તાલિમ શિક્ષકો | | | શિક્ષકોની કુલ સંખ્યા. | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧૨૯ | ૭૦૦ | ૮૨૯ | ૩૯ | ૩૮૦ | ૪૧૯ | ૧૬૮ | ૧૦૮૦ | ૧૨૪૮ |

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાશે કે પૂર્વ પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સંખ્યા ૧૨૪૮ હતી. તાલીમી શિક્ષકોની સંખ્યા ૮૨૯ જે કુલ સંખ્યાના ૬૬.૪ ટકા હતા. શિક્ષિકાઓની ટકાવારી ૮૪.૪ હતી.

ખર્ચ :

પૂર્વ પ્રાથમિક શાળાઓ અંગે સને ૧૯૬૮-૬૯માં રૂા. ૩૩,૩૩,૭૦૪નું થયું હતું જ્યારે સને ૧૯૬૯-૭૦માં ૩૩,૩૨,૮૮૭નું થયું જેની સાધનવાર વહેંચણી નીચેના કોઠામાં આપેલી છે.

કોઠા નં. ૧૧-(૩)

પૂર્વ પ્રાથમિક શાળાઓ અંગેનું ખર્ચ ૧૯૬૯-૭૦

| સાધન (૧) | ૧૯૬૮-૬૯ ખર્ચ (૨) | ૧૯૬૮-૬૯ કુલ ખર્ચની ટકાવારી (૩) | ૧૯૬૯-૭૦ ખર્ચ (૪) | ૧૯૬૯-૭૦ કુલ ખર્ચની ટકાવારી (૫) |
|---|---|---|---|---|
| સરકારી ફંડ. ... ... | ૩,૮૪,૭૭૧ | ૧૧.૫૪ | ૪,૯૫,૫૧૪ | ૧૪.૮૬ |
| સ્થાનિક બોર્ડ ... ... | ૭,૯૬,૫૯૬ | ૨૩.૮૯ | *૫,૨૨,૬૫૪ | ૧૫.૬૮ |
| ફી. ... ... | ૧૦,૪૫,૮૦૮ | ૩૧.૩૭ | ૧૧૨૯૦૦૦ | ૩૩.૮૮ |
| અન્ય ... ... | ૧૧,૦૬,૫૨૯ | ૩૩.૨૦ | ૧૧૮૫૭૧૯ | ૩૫.૫૮ |
| કુલ ... | ૩૩,૩૩,૭૦૪ | ૧૦૦.૦૦ | *૩૩,૩૨,૮૮૭ | ૧૦૦.૦૦ |

ઉપરની વિગત ઉપરથી જોઈ શકાશે કે ૧૯૬૮-૬૯માં પૂર્વ પ્રાથમિક શાળાઓ અંગેનું ૩૧.૩૭ ટકા ખર્ચ ફીમાંથી મેળવવામાં આવ્યું હતું અને સરકારી ફંડમાંનો ફાળો ૧૧.૫૪ ટકાં થયેલ છે. હતો, તે ૧૯૬૯--૭૦માં અનુક્રમે ૩૩.૮૮ ટકા અને ૧૪.૮૬ ટકા થયેલ છે.

**તાલીમ સંસ્થાઓ.**

પૂર્વ પ્રાથમિક તાલીમી સંસ્થાઓ અંગેની માહિતી પ્રકરણ-૬. " શિક્ષકોની તાલિમ "માં આપી છે.

**ખ. વ્યવસાયિક માર્ગદર્શન.**

ગુજરાત રાજ્યની શરૂઆતથી જ વ્યવસાયી માર્ગદર્શન કચેરી અસ્તિત્વમાં આવી છે. આ સંસ્થાની મુખ્ય કામગીરી નીચે મુજબ છે.

(૧) અભ્યાસ તેમજ તાલીમ વિષયક અને વ્યવસાયિક માહિતીનું એકત્રીકરણ તથા વિતરણ.

(૨) માનસ શાસ્ત્રીય કસોટીઓની મદદથી વૈજ્ઞાનિક ઢબે સલાહ કાર્ય.

(૩) સંશોધન શિક્ષણ શાસ્ત્રીના વિદ્યાર્થીઓને વ્યવસાયી માર્ગદર્શન અંગેના પ્રશ્નોના અન્વેષણ માટે સલાહસૂચન તેમજ ઉત્તેજન આપવા.

**ટપાલ અને મુલાકાત દ્વારા અપાયેલ માર્ગદર્શન.**

શાળા મહાશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસક્રમની પસંદગી તેમજ વ્યવસાયી આયોજનમાં મદદરૂપ થવા રૂબરૂ તેમજ પત્ર દ્વારા માહિતી આપવામાં આવે છે. હેવાલના વર્ષ દરમ્યાન ૪૦૧૩ વ્યકિતઓને રૂબરૂ અને ૬૦૫૫ વ્યકિતઓને ટપાલ દ્વારા વ્યવસાયી માર્ગદર્શન આપ્યાં હતાં.

**નવસંસ્કરણ અને અભિમુખ વર્ગો**

રાજ્યની માધ્યમિક શાળાઓમાં માર્ગદર્શનની પ્રવૃત્તિ સ્થપાય અને પાંગરે એ હેતુથી આચાર્યો માટે અમરેલી જિલ્લામાં જાફરાબાદ મુકામે અને મહેસાણા જિલ્લામાં હારીજ મુકામે બે દિવસના વર્ગો યોજવામાં આવ્યા હતા.

માર્ગદર્શન પ્રવૃત્તિ પ્રત્યે અભિમુખતા કેળવાય અને સમજ વધે એ હેતુથી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ભાગ શિક્ષણાધિકારીઓ માટે અંબાજી મુકામે અને બનાસકાંઠાની શાળાના તાલીમ પામેલા માધ્યમિક શિક્ષકો માટે પાલનપુર મુકામે પાંચ દિવસના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યની માધ્યમિક પ્રશિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ માટે મોડાસા, વિસનગર, મહેસાણા, ખેડા, ભાવનગર, રાજપીપળા, બીલીમોરા, અમદાવાદ, માંગરોળ, શેત્રુંજે ડેમ, વેડછી, સ્થળોએ પ્રવૃત્તિ અભિમુખ વાર્તાલાપ યોજવામાં આવ્યા હતા.

**વ્યવસાયી પ્રદર્શનો**

વર્ષ દરમિયાન જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે ૭૨ પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા.

**વ્યવસાય વિષયક વાર્તાલાપ.**

હેવાલના વર્ષ દરમિયાન ૧૧૪ વાર્તાલાપો યોજવામાં આવ્યા હતા.

**વાલી સંમેલન ફિલ્મ દર્શન**

માર્ગદર્શન સેવાના કાર્યક્રમોને જીવંત અને ઉપયોગી બનાવવા માટે ૩૦ જેટલા વાલી સંમેલનો અને ૨૫ જેટલાં ફિલ્મ દર્શનનાં કાર્યક્રમોનું આયોજન વર્ષ દરમિયાન કરવામાં આવ્યું હતું.

**શાળા સલાહકારોની કામગીરી.**

શાળા કક્ષાએ માર્ગદર્શન પ્રવૃત્તિ વ્યવસ્થિત કરી શકાય તે હેતુથી સરકારે, જામનગર, અગ્રામા, પાટણ, અને રાજકોટની શાળામાં શાળા સલાહકારોની નિમણૂક કરી છે.

**તાલીમી અભ્યાસક્રમો.**

માધ્યમિક શિક્ષકો માટેની તાલીમી સંસ્થામાં અભ્યાસ કરતાં બી. એડના તાલીમાર્થીઓ કે જેમણે વ્યવસાયી માર્ગદર્શન ઐચ્છિક વિષય તરીકે પસંદ કર્યું હોય તેમના માટે ટુંકા ગાળાના ( ૧૦ દિવસના) ત્રણ વર્ગો ખંભાત, અમદાવાદ અને અલિઆબાડા મુકામે યોજવામાં આવ્યા હતા.

**માર્ગદર્શન ત્રિમાસિક સમાચારપત્ર.**

ક્ષેત્રના કાર્યકરો સાથે જીવંત સંપર્ક રહી શકે, તે હેતુથી ગયા વર્ષથી ત્રિમાસિક સમાચારપત્ર શરૂ કર્યુ છે.

**ગ-પ્રાચ્ય ભાષાનો અભ્યાસ.**

૧૧. ૧૯૬૯-૭૦માં પ્રાચ્ય ભાષાના અભ્યાસ માટે ૨૯ પાઠશાળાઓ હતી. આ સંસ્થાઓ ઉપર રૂા. ૨,૭૩,૯૧૧ ખર્ચ થયું હતું. તે પૈકી રાજ્ય તરફથી રૂા. ૬,૩૭,૧૭૨ ખર્ચ થયું હતું.

રાજ્યમાં સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટેની બે સંસ્થાઓ હતી. (૧) ઓરીએન્ટલ ઈન્સ્ટીટ્યુટ, વડોદરા અને (૨) સંસ્કૃત મહાવિદ્યાલય વડોદરા. આ સંસ્થાઓ ઉપર કુલ રૂા. ૨,૮૭,૪૭૪ ખર્ચ થયું હતું. હેવાલના વર્ષ દરમ્યાન ૧૯૭૦ માર્ચની એસ. એસ. સી. પરીક્ષામાં ૫૪,૫૪૧ વિદ્યાર્થીઓ પ્રાચ્ય ભાષાના વિષય લઈ પરીક્ષામાં બેઠા હતા. તે પૈકી ૩૪૩૫૧ વિદ્યાર્થીઓ સફળ થયા હતા. ૫૨૧૭૮ વિદ્યાર્થીઓએ સંસ્કૃત લીધું હતું. અને ૨૩૫૦ વિદ્યાર્થીઓએ ફારસી અને અરબી ભાષાઓ લીધી હતી.

**ઘ-ગ્રંથાલય વ્યવસ્થા.**

ગુજરાત રાજ્યનું નિર્માણ થયું ત્યારે સને ૧૯૬૦માં ગુજરાત રાજ્યના ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીની કચેરી અસ્તિત્વમાં આવી. ત્યારથી આ કચેરી ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકશ્રીના તાબાની કચેરી તરીકે કામ કરતી આવી છે. આ કચેરીની કામગીરી ટુંકમાં નીચે પ્રમાણે છે.

(૧) જાહેર ગ્રંથાલયોને માન્યતા અને ગ્રાન્ટ આપવી.

(૨) જાહેર ગ્રંથાલયોની તપાસણી કરવી.

સાહિત્ય હરિફાઈ અંગેનું કામકાજ વિગેરે.

હાલ ગુજરાત રાજ્યમાં કુલ ૪૪૩૪ જાહેર પુસ્તકાલયો છે. ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી નીચે ત્રણ મદદ. ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીઓ કામ કરે છે. આ ત્રણ મદદનીશોની કચેરીઓ અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે છે. વડોદરાના મદદ. ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી વડોદરા, ભરૂચ, વલસાડ, સુરત, પંચમહાલ, અને ડાંગ એમ છ જિલ્લામાં આવેલા નગર કક્ષા-૧-૨ તેમજ મહિલા અને બાળ પુસ્તકાલયોનો કારોબાર સંભાળે છે. અમદાવાદના મદદ. ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી, અમદાવાદ, મહેસાણા, ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા, અને ગાંધીનગર એમ છ જિલ્લાઓમાં આવેલા આવાજ પ્રકારના ગ્રંથાલયોનો કારોબાર જુએ છે. જ્યારે રાજકોટના મદદ. ગ્રંથાલય વ્યવસ્થા અધિકારીના તાબામાં કચ્છ, જામનગર, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને રાજકોટના સાત જિલ્લાઓ છે.

**ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતેનું રાજ્ય મધ્યવર્તી પુસ્તકાલય.**

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ તરફથી ચલાવાતા ગ્રંથાલયને ગુજરાત રાજ્યના મધ્યવર્તી પુસ્તકાલય તરીકે તારીખ ૪થી નવેમ્બર, ૧૯૬૩થી જાહેર કરેલ છે. અને અહેવાલના વર્ષ દરમ્યાન તેણે રાજ્ય મધ્યવર્તી પુસ્તકાલય તરીકે કામ કરવાનું ચાલુ રાખ્યું હતું.

(ક) સદર પુસ્તકાલયના કામકાજની પ્રગતિ નીચેના પત્રકમાં આપેલી છે.

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ રાજ્ય મધ્યવર્તી પુસ્તકાલય, ૧૯૬૯-૭૦

ભાષાવાર ગ્રંથ સંખ્યા અંગે માહિતી આપતું પત્રક

| અનુ. | ભાષા | વિદ્યાપીઠ પુસ્તકાલયના ગ્રંથો | | કુલ | કોપી રાઈટ વિભાગના | | કુલ | આસન ૫-અને ૮નો સરવાળો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સને ૬૮-૬૯ ના અંતે | સને ૬૯-૭૦માં ઉમેરાયેલ | | ૬૮-૬૯ના ના અંતે. | ૬૯-૭૦ના વર્ષમાં ઉમેરાયેલ | | ૧૯૬૯-૭૦ના કુલ પુસ્તકો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | અંગ્રેજી | ૪૩૮૪૬ | ૧૦૪૮ | ૪૪૮૯૪ | ૧૦૧૩ | ૩૧૦ | ૧૩૨૩ | ૪૬૨૧૭ |
| ૨. | ગુજરાતી | ૨૬૬૭૪ | ૨૪૭૧ | ૨૯૧૪૫ | ૫૯૦૦૨ | ૧૩૯૨ | ૬૦૩૯૪ | ૮૯૫૩૯ |
| ૩. | હિન્દી. | ૧૬૮૦૬ | ૬૪૭ | ૧૭૪૫૩ | ૩૦૨ | ૬૩ | ૩૬૫ | ૧૭૮૧૮ |
| ૪. | મરાઠી | ૨૦૮૭ | ૯ | ૨૦૯૬ | ૨૧૦ | ૧૮ | ૨૨૮ | ૨૩૨૪ |
| ૫. | ઈતર | ૭૫૨૭ | ૨૮ | ૭૫૫૫ | ૪૧ | ૨૦ | ૬૧ | ૭૬૧૬ |
| | કુલ | ૯૬૯૪૦ | ૪૨૦૩ | ૧૦૧૧૪૩ | ૬૦૫૬૮ | ૧૮૦૩ | ૬૨૩૭૧ | ૧૬૩૫૧૪ |

(ખ) સને ૧૯૬૭ના પ્રેસ અને રજીસ્ટ્રેશન ઓફ બુકસ ધારા મુજબ માર્ચ-૭૦ સુધીમાં (ધારા મુજબ) આવેલ.

| | | કુલ પુસ્તકો |
|---|---|---|
| કોપી રાઈટ | | ૬૨,૩૭૧ |
| ગ્રંથાલયના | | ૧,૦૧,૧૪૩ |
| | કુલ | ૧૬૩૫૧૪ |

સને ૧૮૬૭ના પ્રેસ અને રજીસ્ટ્રેશન ઓફ બુકસ ધારા નીચે ગુજરાત રાજ્યમાં છપાતા દરેક ભાષાના પુસ્તકોની બે બે નકલો આ પુસ્તકાલયને મળતી રહે છે.

પુસ્તકોની ફેરણી.

| અનુ. અંક | ભાષા | | ફેરવેલા પુસ્તકોની સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી | | ૩૮,૨૪૭ |
| ૨. | અંગ્રેજી | | ૧૨,૩૯૩ |
| ૩. | હિન્દી | | ૧૦,૧૧૪ |
| ૪. | મરાઠી | | ... |
| ૫. | ઈતર | | ૧૪૧ |
| | | કુલ | ૬૦,૮૯૫ |
| અધ્યયન વિભાગમાં | | | |
| (અ) | વંચાયેલ પુસ્તકો | | ૧૩,૭૮૨ |
| (બ) | કોપી રાઈટના ખંડમાં | | ૧,૩૧૮ |
| | | કુલ | ૧૫,૧૦૦ |

સને ૬૯-૭૦માં કુલ ૪૭૨ સામયિકો મંગાવવામાં આવેલ, આ પૈકી ૨૫૦ ભેટ તેમજ ૨૨૨ ના લવાજમ ભરેલ છે.

**નોંધાયેલ સભ્યો**

અહેવાલના વર્ષ દરમ્યાન પુસ્તકાલયના નવા નોંધાયેલ સભ્યોની સંખ્યા ૮૯૩ હતી. હેવાલના વર્ષ દરમ્યાન પુસ્તકાલયને રૂા. ૮૯,૭૫૬ની વાર્ષિક ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.

(અ) સને ૧૮૬૭ના પ્રેસ અને રજીસ્ટ્રેશન ઓફ બુકસ એકટ નીચે ગુજરાત રાજ્યના મુદ્રકોને તેમને ત્યાં છપાયેલાં તમામ વર્તમાન પત્રોની એક એક નકલ ગુજરાત રાજ્યના ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી તરફ મોકલવા ઠરાવેલું છે, તે અનુસાર ઘણા ખરા છાપખાના-વાળાઓએ તેમને ત્યાં છપાયેલ વર્તમાન પત્રો નિયમિત રીતે મોકલેલ છે.

**મધ્યવર્તી પુસ્તકાલય વડોદરા**

વડોદરા ખાતેના મધ્યવર્તી પુસ્તકાલયમાં નીચે પ્રમાણે વિભાગો છે.

(૧) વાંચનાલય
(૨) આપ-લે.
(૩) બાળ
(૪) મહિલા
(૫) કોપીરાઈટ
(૬) અનુલય
(૭) વાંચન વર્તુલ
(૮) કચેરી

હેવાલના વર્ષે આ પુસ્તકાલય પાછળ રૂા. ૧,૨૩,૭૯૨/-નું ખર્ચ થયું હતું. જેમાં યોજના નીચે પુસ્તક ખરીદી માટે આપેલ રૂા. ૨૦,૦૦૦ની વિશિષ્ટ ગ્રાન્ટોનો સમાવેશ થાય છે.

નીચેના પત્રકો ઉપરથી આ પુસ્તકાલયની પ્રગતિનો ખ્યાલ આવશે.

(ક) પુસ્તકોની સંખ્યા

| અનુ. નંબર | ભાષા | ૩૧-૩-૬૯ના રોજ પુસ્તકોની સંખ્યા | ૬૯-૭૦ના વર્ષ દરમ્યાન વધારો | તા. ૩૧-૩-૭૦ના રોજ પુસ્તકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | અંગ્રેજી ... ... ... | ૫૬,૯૧૮ | ૪૯૪ | ૫૭૪૧૨ |
| ૨. | ગુજરાતી ... ... ... | ૫૭,૮૯૪ | ૯૬૬ | ૫૮૮૬૦ |
| ૩. | મરાઠી ... ... ... | ૪૧,૦૫૫ | ૭૧૩ | ૪૧૭૬૮ |
| ૪. | હિન્દી ... ... ... | ૮,૦૯૮ | ૩૧૯ | ૮૪૧૭ |
| ૫. | ઉર્દૂ ... ... ... | ૫,૨૫૯ | ૩૦૦ | ૫૫૫૯ |
| | કુલ ... | ૧,૬૯,૨૨૪ | ૨૭૯૨ | ૧,૭૨,૦૧૬ |

(ખ) ૧૮૬૭ના પ્રેસ અને રજીસ્ટ્રેશન ઓફ બુક ધારા નીચે આવેલા પુસ્તકો.

| | |
|---|---|
| માર્ચ ૧૯૭૦ સુધીમાં આવેલા. | ૫,૬૧૭ |
| ગ્રંથાલયના | ૧,૭૨,૦૧૬ |
| કુલ એકંદરે | ૧,૭૭,૬૬૩ |

પુસ્તકોની ફેરણી

| અનુ. નંબર. | વિભાગ | વાંચવા આપેલ પુસ્તકોની કુલ સંખ્યા. | વાંચવા આપેલ પુસ્તકોની દૈનિક સંખ્યા | દરરોજના વાંચકોની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | આપ-લે વિભાગ ... ... | ૧,૨૦,૭૧૦ | ૪૧૯ | ૨૧૦ |
| ૨. | મહિલા વિભાગ ... ... | ૧૯,૫૩૬ | ૬૮ | ૬૦ |
| ૩. | બાળ વિભાગ ... ... | ૪૮,૧૩૮ | ૧૬૭ | ૨૦૪ |
| ૪. | અનુલય વિભાગ ... ... | ૭,૨૨૨ | ૩૦ | ૨૫ |
| | કુલ | ૧,૯૫,૬૦૬ | ૬૮૪ | ૪૯૯ |

નોંધાયેલ સભ્યો:

| અનુ. નંબર. | વિભાગ | તા. ૩૧-૩-૬૯ના રોજ સભ્યોની સંખ્યા. | ૩૧-૩-૭૦ ના રોજ સભ્યોની સંખ્યા | વધારો. |
|---|---|---|---|---|
| ૧. | સામાન્ય વિભાગ ... ... ... | ૩૯૧૦ | ૪૧૯૪ | ૨૮૪ |
| ૨. | મહિલા વિભાગ ... ... ... | ૧૯૪ | ૨૧૩ | ૧૯ |
| ૩. | બાળ વિભાગ ... ... ... | ૯૯૨ | ૧૦૮૪ | ૧૯૨ |
| | કુલ | ૫૦૯૬ | ૫૪૯૧ | ૪૯૫ |

વડોદરાનું મધ્યવર્તી પુસ્તકાલય એ સરકાર સંચાલિત છે. તેથી સંપુર્ણપણે જાહેર પુસ્તકાલય છે. અને સભ્યોને પુસ્તકો વાંચવા લઈ જવા માટે કોઈપણ જાતનું લવાજમ આપવું પડતું નથી.

દરરોજ સરેરાશ ૭૭૫ વાંચકો વાંચનાલયનો લાભ લે છે. પ્રેસ અને રજીસ્ટ્રેશન ઓફ બુકસ એકટ ૧૮૬૭ નીચે આ પુસ્તકાલયને પણ ગુજરાત રાજ્યમાં છપાયેલ દરેક ભાષાના પુસ્તકોની એક નકલ મળતી રહી છે.

કલકત્તાની નેશનલ લાયબ્રેરીમાં મળતાં ગુજરાતી ભાષાના પુસ્તકોની માસિક ગ્રંથસૂચિ પ્રકાશિત કરવાની જવાબદારી ગુજરાત રાજ્યે સંભાળી છે. આ કામ વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલયને સોંપવામાં આવ્યું છે. અહેવાલના વર્ષ સુધીમાં ઓક્ટોબર. ૭૦ સુધીની આવી માસિક યાદીઓ બહાર પાડવામાં આવેલ.

**સરકારી પુસ્તકાલયો.**

વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલય ઉપરાંત સરકાર તરફથી ચલાવવામાં આવતા ગ્રંથાલયો નીચે મુજબ છે.

| પુસ્તકાલયનો પ્રકાર | સંખ્યા. |
|---|---|
| સરકારી જાહેર પુસ્તકાલય | ૧૦ |
| સરકારી (મહિલાઓ માટે) | ૨ |
| સમન્વિત ગ્રંથાલય સેવા (ઈન્ટીગ્રેટેડ લાયબ્રેરી સર્વીસ) | ૨ |
| કુલ | ૧૪ |

(૨) આ ઉપરાંત રાજકોટ વિભાગના પાંચ જિલ્લાઓના જે તે વિભાગની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તક સરકારશ્રીને ગ્રામ વિસ્તારોના ઉપયોગ માટેના ફરતા પુસ્તકાલયો, સ્ટાફ, અને વાહન સાથે સોંપ્યા છે. જેનું સંચાલન જિલ્લા શિક્ષણ સમિતિ કરે છે. આ ફરતા પુસ્તકાલયના એકમોનું કુલ રૂા. ૨૮૦૦૦/-ની ખાસ ગ્રાન્ટ પુસ્તકો તથા ફરનીચર ખરીદવા માટે આપવામાં આવેલ હતા.

**પુસ્તકોની સંખ્યા અને ખર્ચ**

અહેવાલના વર્ષ દરમ્યાન સદર ૧૪ સરકારી પુસ્તકાલયોમાં પુસ્તકો વાંચન સામગ્રી ઉપર રૂા. ૮૧,૫૮૬નો ખર્ચ થયો હતો. વર્ષ આખરે આ પુસ્તકાલયોમાં કુલ ૨,૯૧,૬૨૩ પુસ્તકો હતા.

**પુસ્તકોસી ફેરણી "વાંચકો"**

આ પુસ્તકાલયના વાંચકો વર્ષ દરમ્યાન ૪,૧૧,૩૮૨ પુસ્તકો વાંચવા લઈ ગયેલા. આ પુસ્તકાલયોના વાંચનાલયોમાં દૈનિક સરેરાશ વાંચકોની હાજરી ૫૫૯૯ હતી.

આ સિવાય સરકારી ગ્રાન્ટ મેળવતા વિવિધ કક્ષાના પુસ્તકાલયોની હકીકત નીચેના પ્રમાણે છે.

ગ્રામ પુસ્તકાલયો

ઉપર જણાવેલા જુદા જુદા પ્રકારના પુસ્તકાલયો ઉપરાંત અહેવાલના વર્ષ દરમ્યાન ૪૦૮૩ ગ્રામ ગ્રંથાલયો હતા. અને તેમને કુલ રૂા. ૨,૩૭,૮૭૫ તેમજ ૨૩ નવા પુસ્તકાલયો શરૂ કરવા ૯ જિલ્લામાં કુલ્લે રૂા. ૨૩૦૦૦/-ની ખાસ ગ્રાન્ટ આપવામાં આવેલી છે. પુસ્તકાલયોની જિલ્લાવાર સંખ્યા અને આપેલી ગ્રાન્ટની વિગતો નીચે પ્રમાણે છે.

| અનુ. નંબર | જિલ્લાનું નામ | ગ્રામ ગ્રંથાલયોની સંખ્યા. | આપેલી ગ્રાન્ટની રકમ. | |
|---|---|---|---|---|
| | | | નોર્મલ ગ્રાન્ટ | નવા પુસ્તકાલય શરૂ કરવા માટે |
| ૧. | ભરૂચ ... ... ... | ૩૯૭ | ૧૨૦૦૦ | ૧૦૦૦ |
| ૨. | મહેસાણા ... ... ... | ૯૦૨ | ૭૨૦૦૦ | ૧૦૦૦ |
| ૩. | ખેડા ... ... ... | ૪૦૮ | ૧૬૫૦૦ | ૩૦૦૦ |
| ૪. | અમરેલી ... ... ... | ૧૪૨ | ૧૦,૦૦૦ | ૨૦૦૦ |
| ૫. | કચ્છ ... ... ... | ૯ | ૨૫૦ | ... |
| ૬. | પંચમહાલ ... ... ... | ૩૧૯ | ૧૩૦૦૦ | ૨૦૦૦ |
| ૭. | બનાસકાંઠા ... ... ... | ૧૬૮ | ૧૦,૦૦૦૦ | ૩૦૦૦ |
| ૮. | સાબરકાંઠા ... ... ... | ૧૨૫ | ૮૦૦૦ | ૨૦૦૦ |
| ૯. | વડોદરા ... ... ... | ૭૭૬ | ૬,૫૦૦૦ | ૩૦૦૦ |
| ૧૦. | અમદાવાદ ... ... ... | ૬૩ | ૮૨૫ | ... |
| ૧૧. | ભાવનગર ... ... ... | ૪૬ | ૭૦૦ | ... |
| ૧૨, | સુરત ... ... ... | ૩૫૩ | ૧૨૦૦૦ | ૪૦૦૦ |
| ૧૩. | જામનગર ... ... ... | ૮ | ૨૦૦ | ... |
| ૧૪. | વલસાડ ... ... | ૨૪૧ | ૧૦૦૦૦ | ૩૦૦૦ |
| ૧૫. | સુરેન્દ્રનગર ... ... ... | ... | ... | ... |
| ૧૬. | રાજકોટ ... ... ... | ૮૬ | ૩૪૦૦ | ... |
| ૧૭. | જૂનાગઢ ... ... ... | ૩ | ૩૦૦ | ... |
| ૧૮. | ડાંગ ... ... ... | ... | ... | ... |
| ૧૯. | ગાંધીનગર ... ... ... | ૩૭ | ૩૭૦૦ | ... |
| | કુલ ... | ૪૦૮૩ | ૨,૩૭,૮૭૫ | ૨૩૦૦૦ |

ગ્રામ પુસ્તકાલયો તથા મધ્યસ્થ પુસ્તકાલય સિવાયના ગ્રાન્ટ લેતા પુસ્તકાલયોને સને ૧૯૬૯-૭૦નાં વર્ષની હકીકત દર્શાવતું પત્રક

| પુસ્તાલયનો પ્રકાર | પુસ્તકાલયની સંખ્યા | સને ૬૯-૭૦માં આપેલી કુલ ગ્રાન્ટ | | પુસ્તાલયનું કુલ ખર્ચ વર્ષ દરમ્યાન | પુસ્તકોની સંખ્યા | વાંચન સાહિત્ય પાછળ ખર્ચ | કેટલા પુસ્તકાલયને પોતાનું મકાન છે | વાચકોની સંખ્યા | દૈનિક હાજરી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ગ્રાન્ટ | ખાસ ગ્રાન્ટ | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| શહેર પુસ્તકાલયો | ૧૯ | ૮૯૨૯૨ | ૨૭૭૨૫ | ૨૭૮૬૮૭ | ૩૮૪૨૬૩ | ૧૧૪૮૯૩ | ૧૫ | ૪૮૯૨૧૧ | ૩૭૨૦ |
| શહેર શાખા પુસ્તકાલય | ૧૭ | ૨૨૮૨૪ | ૮૪૦૦ | ૧૩૪૬૦૮ | ૧૬૭૫૩૧ | ૫૯૧૪૩ | ૯ | ૨૩૦૦૪૦ | ૪૬૦૦ |
| નગર કક્ષા-૧ | ૧૧૩ | ૧૩૬૫૩૧ | ૩૫૩૫૦ | ૪૬૧૯૯૨ | ૬૬૫૨૬૩ | ૧૭૫૧૨૩ | ૮૯ | ૭૦૬૭૭૦ | ૧૭૬૦૪ |
| નગર કક્ષા-૨ | ૧૧૯ | ૯૦૦૧૨ | ૨૨૭૦૦ | ૨૨૯૬૧૫ | ૪૫૭૦૧૦ | ૧૧૯૨૩૪ | ૯૭ | ૩૩૮૨૬૪ | ૧૧૪૯૪ |
| મહિલા પુસ્તકાલયો | ૪૨ | ૧૯૩૫૭ | ૮૨૦૦ | ૫૮૯૧૪ | ૮૭૯૮૮ | ૨૪૧૦૮ | ૨૯ | ૯૩૦૩૭ | ૭૨૫૬ |
| બાળ પુસ્તકાલયો | ૩૪ | ૪૫૨૯ | ૩૬૨૫ | ૧૬૮૬૭ | ૭૩૩૭૫ | ૭૦૪૦ | ૨૮ | ૫૦૮૫૦ | ૮૪૭૨ |
| કુલ | ૩૪૪ | ૩૬૨૫૪૫ | ૧૦૬૦૦૦ | ૧૧૮૦૬૮૩ | ૧૮૩૫૪૩૦ | ૪૯૯૫૪૧ | ૨૬૭ | ૧૯૦૮૧૭૬ | ૫૩૧૪૬ |

તાલીમ પામેલ કર્મચારી

તાલીમ પામેલ કર્મચારી એ પુસ્તકાલયોની પ્રાથમિક જરૂરીયાતો પૈકી એક છે. અત્યારસુધી ગણ્યા ગાંઠયા પુસ્તકાલયોમાં તાલીમ પામેલ કર્મચારીઓ છે. ૧૯૫૧થી જે કોર્સ પાંચ અઠવાડિયાનો ચાલતો હતો તેને વિસ્તૃત કરી અહેવાલની સાલથી ચાર માસનો કરવામાં આવ્યો છે. આ માટે અમદાવાદ ખાતે ગુજરાત પુસ્તકાલય મંડળ તરફથી અને વલ્લભવિદ્યાનગર ખાતે સરદાર પટેલ યુનિ. તરફથી ગ્રંથપાલ તાલીમના એક વર્ષમાં બે વર્ગો ચલાવવામાં આવ્યા હતા. રાજ્ય પરીક્ષા બોર્ડ, અમદાવાદ તરફથી આ વર્ગની પરીક્ષા લેવામાં આવેલી તેમાં ૧૨૫ પરીક્ષાર્થીઓ બેઠા હતા તેમાંથી ૪૦ પાસ જાહેર થયા હતા.

પુસ્તકાલય મંડળ

અહેવાલના વર્ષમાં અમદાવાદ ખાતેના ગુજરાત પુસ્તકાલય મંડળને સરકાર તરફથી માન્યતા આપવામાં આવી હતી. આ મંડળને અહેવાલના વર્ષ દરમ્યાન ૩૪૧૪ રૂા. ની ગ્રાન્ટ આપવામાં આવી હતી. તદ્ઉપરાંત સને ૬૯-૭૦માં મંડળને રૂા. ૨૦૦૦/-ની પુસ્તક પ્રકાશન માટે વિશિષ્ટ સહાય આપવામાં આવી હતી. આ મંડળ તરફથી ગ્રંથાલયો, ગ્રંથપાલો માટેનો એક તાલીમ વર્ગ ચલાવવામાં આવ્યો હતો અને પ્રચારકો મારફતે પુસ્તકાલય પ્રવૃત્તિના વિકાસ માટે રાજ્યમાં પ્રચાર કરવામાં આવ્યો હતો તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએ કેટલીક પરીષદો યોજવામાં આવી હતી.

અહેવાલના વર્ષ દરમ્યાન ભાવનગર, રાજકોટ, મહેસાણા, હિંમતનગર, અમરેલી, ગોધરા, સાણંદ, ધિણોજ, ભીલોડા, ધાનેરા, ઠાસરા, ધરમપુર, ઝગડીયા અને રાંદેર કુલ ૧૪ જાહેર પુસ્તકાલયોમાં પુસ્તક પ્રદર્શન ભરવા કુલ્લે રૂા. ૪૦૦૦/-ની ખાસ સહાય આપવામાં આવેલી.

ચ. સાહિત્યને સરકારી સહાય

દર વર્ષે સાહિત્યને પ્રોત્સાહન આપવાના આશયથી રકમની જોગવાઈ કરવામાં આવે છે. લેખકોને સરકારી સહાય આપવાના આશયથી આ રકમમાંથી શૈક્ષણિક દૃષ્ટિએ ઉપયોગી પુસ્તકોની પ્રતો ખરીદવામાં આવે છે. જે પુસ્તકો એવા ટેકનિકલ કે વિશિષ્ટ પ્રકારના હોય જે ખરીદનારાની મોટી સંખ્યા ન હોય અથવા કિંમતની દૃષ્ટિએ ખૂબ કિંમતી હોય, એવા પુસ્તકો જ આ યોજના હેઠળ ખરીદવાના હોય છે, સરકારી સહાયની રીતે ખરીદાયેલા આવા પુસ્તકો સરકારી સંસ્થાઓમાં અને કેટલાક વિશિષ્ટ કિસ્સાઓમાં બિન સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં પુસ્તકાલયોના સંશોધન સંસ્થાઓમાં વહેંચવાના હોય છે. અહેવાલના વર્ષમાં ગવર્નમેન્ટ પેટ્રોનેજ ટુ લીટરેચર બજેટ હેડ હેઠળ સાહિત્યને પ્રોત્સાહન આપવાની દૃષ્ટિએ બજેટમાં રૂા. ૭૦,૦૦૦/-ની જોગવાઈ કરવામાં આવેલી તેમાંથી રૂા. ૩૪,૩૦૦/-નો ખર્ચ થયેલ. આ પુસ્તકો સરકારી અને બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં વહેંચવામાં આવેલ છે.

આ ખાતા હેઠળની સરકારી અને બિન સરકારી શૈક્ષણિક સંસ્થાઓને અભિરૂચિયુકત અન્ય પુસ્તકો અને સામયિકોની જાણ કરવામાં આવી હતી.

### છ પાઠય પુસ્તક

#### પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના પાઠય પુસ્તકો

પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ તેમજ તે હેઠળના નિયમો અન્વયે પ્રાથમિક શાળાઓ માટે પાઠય પુસ્તકો મંજૂર કરવાનો અધિકાર સરકારશ્રી હસ્તક છે. અને સરકારશ્રીએ અથવા શિક્ષણ નિયામકશ્રીએ જે પુસ્તકો મંજૂર ન કર્યા હોય તે પુસ્તકો સરકારી અથવા માન્ય પ્રાથમિક શાળાઓમાં ચલાવી શકાય નહિ.

ગુજરાત રાજયમાં માધ્યમિક શાળાઓમાં પણ મંજૂર થયેલા પાઠય પુસ્તકો ચલાવવા જોઈએ.

શાળાકીય પાઠય પુસ્તકો મંજૂર કરવા સંબંધિના પ્રશ્નનો નિર્ણય કરવામાં શિક્ષણ નિયામકશ્રીને સહાય કરવા સરકારી અને બિનસરકારી સભ્યોની ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, ઉર્દુ, મરાઠી અને સિંધી ભાષાના પાઠય પુસ્તકો માટેની રચવામાં આવેલ કુલ સ્કુલ બુક કમિટિઓ અહેવાલના વર્ષ દરમિયાન ચાલુ રહેલ નથી.

પાઠય પુસ્તકોની કિંમત નક્કી કરવા માટે બે સરકારી અને બે બિનસરકારી અને શિક્ષણ નિયામકશ્રી નીમે તે સચિવની એક કિંમત નિર્ણયક (Price Fixation) સમિતિ ચાલુ હતી.

નવા અભ્યાસક્રમ મુજબ ધો. ૧ થી ૪ ના ગુજરાતી માતૃભાષા તથા બીજી ભાષાના સને ૧૯૬૯-૭૦ના માટે પાઠય પુસ્તકોની ફરીથી કિંમત નક્કી કરવામાં આવી. ધો. ૧ થી ૪માં નવા અભ્યાસક્રમ અનુસાર લખાયેલા પાઠય પુસ્તકો ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષથી રાજયની બધી શાળાઓમાં દાખલ કરવામાં આવ્યા.

છેલ્લા થોડાં વર્ષો દરમિયાન દેશના કેટલાક રાજયોએ શાળાના પાઠય પુસ્તકોનું રાષ્ટ્રિયકરણ કરવાનું શરૂ કર્યું. એના પરિણામો સારાં આવતાં જણાયાં. મધ્યસ્થ પાઠય પુસ્તક મંડળે પણ રાજયોને પાઠય પુસ્તકોના રાષ્ટ્રિયકરણની ભલામણ કરેલી છે. આ અંગે રાજય સરકારે ૧૯૬૯ના મે માસમાં અત્યંત મહત્વનો નિર્ણય લઈ શાળા પાઠય પુસ્તકો તૈયાર કરી પ્રકાશિત કરવાની નીતિ નક્કી કરી. તે અનુસાર ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળની સ્થાપના કરવામાં આવી. આ મંડળ સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ નીચે તા. ૯ ઓકટોબર, ૧૯૬૯ના રોજ રજીસ્ટર કરવામાં આવ્યું.

ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળે ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષમાં ધો. ૫ ના પાઠય પુસ્તકો પ્રસિધ્ધ કરવાનું નક્કી કર્યું અને તેનો અમલ કરવા ઘટિત કાર્યવાહી હાથ ધરી અને નિયત કાર્યક્રમ મુજબ મંડળની કાર્યવાહી ચાલુ છે.

### જ—એન. સી. સી.

૧૯૬૮-૬૯નાં વર્ષથી કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે એન. સી.સી.ની તાલીમ મરજીયાત કરવામાં આવી છે. કેડેટોની સંખ્યા ૧૯૬૮-૬૯માં ૨૩૦૫૨ હતી. જે વધીને ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન ૨૭૩૩૭ થવા પામી. કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમજ શાળામાં ભણતા છોકરાઓ અને છોકરીઓ માટે એન. સી. સી.ની પ્રવૃત્તિ મરજીયાત હતી. કોલેજોમાં કન્યા કેડેટોની કુલ સંખ્યા ૩૮૭૩ તેમજ શાળાઓનાં છોકરા છોકરીઓની કેડેટોનાં કુલ સંખ્યા અનુક્રમે ૨૪૯૮૭ તથા ૩૧૭૧ હતી.

વાર્ષિક તાલીમ શિબિરોમાં છાત્રોની સંખ્યા ૬૦૬૫ હતી. ૧૭૬ એન. સી. સી. અધિકારીઓ અને ૬૦૬૫ છાત્રો માટે ૧૪ વાર્ષિક તાલીમ શિબિરો યોજવામાં આવ્યા હતા.

વર્ષ દરમિયાન એન. સી. સી. ઓફીસરોની જગ્યાઓ માટે ૨૦ વ્યકિતઓ પૂર્વ સનંદ તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા. ૭૧ એન. સી. સી. ઓફીસરોને ઓપ વર્ગમાં મોકલવામાં આવ્યા હતા.

વર્ષ દરમિયાન એન. સી. સી. પ્રવૃત્તિ અંગે રૂપિયા ૨૧,૩૦,૦૦૦નો ખર્ચ થયો હતો.

### ઝ આશ્રમ શાળાઓ

અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત વિસ્તારોના રહેવાસીઓના બાળકોના શિક્ષણનો પ્રશ્ન અસરકારક રીતે હલ કરવાના ઉદ્દેશની આશ્રમ શાળા યોજના સને ૧૯૫૩-૫૪ થી અમલમાં છે. આશ્રમશાળાઓ રહેઠાણ સાથેની સંસ્થાઓ તરીકે કામ કરે છે. તેમાં ભણતા બાળકોને જમવા અને રહેવાની સગવડ મફત આપવામાં આવે છે. તેમને બુનિયાદી શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થાઓનું સંચાલન સામાન્ય રીતે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરવામાં આવે છે. ૧૯૬૯-૭૦ના અંતે રાજયમાં ૧૧૭ આશ્રમ શાળાઓ હતી. તે પૈકી ૫ બુનિયાદી આશ્રમ શાળાઓ હતી.

આશ્રમશાળાઓની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવી છેઃ

૧૯૬૯–૭૦

| અ. નં. | શાળાઓનાં પ્રકાર | સંસ્થાની સંખ્યા | ભણતા બાળકોની રજીસ્ટર સંખ્યા | રાજ્ય સરકારે આપેલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વિચરતી જાતિઓ માટેની | ૫ | ૩૮૬ | ૨,૩૫,૦૦૦ |
| ૨ | વિમુક્ત જાતિઓ માટેની | ૧૦ | ૭૭૨ | ૩,૭૩,૦૦૦ |
| ૩ | અનુસૂચિત જાતિઓ માટેની | ૯૭ | ૧૦૩૯૩ | ૪૯,૬૫,૫૫૫ |
| ૪ | ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ | ૫ | ૪૬૬ | ૩,૫૬,૭૦૦ |
| | કુલ | ૧૧૭ | ૧૨૦૨૧ | ૫૯,૩૦,૨૫૫ |

આશ્રમશાળાઓનું સંચાલન વ્યવસ્થિત થાય અને તેમને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય કક્ષાના એક આશ્રમશાળા અધિકારી છે. તેમની કચેરી સુરતમાં રાખવામાં આવી છે. આશ્રમશાળાઓના નિરીક્ષણ વગેરેની કામગીરી આશ્રમશાળાધિકારીને સોંપવામાં આવેલ છે.

**૮. મધ્યાહ્ન ભોજન યોજના.**

ગુજરાત રાજ્યમાં કેર સંસ્થાની મદદથી મધ્યાહ્ન ભોજન યોજના ૧૯૬૫-૬૬ના વર્ષથી અમલમાં આવી. શરૂઆતમાં આ યોજનાનો વહીવટ રાજ્ય કક્ષાએ શિક્ષણ નિયામકશ્રી કરતા હતા. ત્યારબાદ નવેમ્બર ૧૯૬૮થી આ યોજના વિકાસ કમિશ્નરને તબદીલ થઈ છે.

સને ૧૯૬૯-૭૦ ના વર્ષ દરમિયાન અમેરીકન કેર સંસ્થા તરફથી ખાદ્યસામગ્રી મફત ભેટ તરીકે મળી હતી. જેની વિગત નીચે મુજબ છે.

| ખાદ્ય સામગ્રીનું નામ | જથ્થો (રતલમાં) | રૂા. |
|---|---|---|
| ૧. ઘઉંના ફાડા | ૨૪,૭૦,૨૫૦ | ૫૪,૬૬૩ |
| ૨. બાલાહાર | ૧૭,૮૦,૪૫૦ | ૧૫,૦૪,૮૮૨ |
| ૩. દૂધ પાવડર | ૨,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ |
| ૪. તેલ | ૧૧,૯૨,૧૯૦ | ૨૦,૮૬,૩૯૩ |
| ૫. ઘી | ૨,૫૦,૦૦૮ | ૨૦,૦૦,૦૬૪ |
| કુલ | ૫૮,૯૨,૮૯૮ | ૮૨,૪૬,૦૦૨ |

રાજ્યના ૩૧ આદિવાસી ઘટક વિસ્તારવાળા તાલુકાઓ પૈકી ૨૨ તાલુકાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. તદુપરાંત ૧૬ અન્ય તાલુકાઓમાં મળી કુલ ૩૮ તાલુકાઓમાં આ યોજના ચાલે છે. વર્ષ દરમિયાન યોજના હેઠળ ૩૭૪૪ પ્રાથમિક શાળાઓ ૧૦૭ બાલવાડીઓ અને ૩૬ આશ્રમ શાળાઓના બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. યોજના હેઠળ આવરી લેવાયેલ શાળાઓમાં સરાસરી હાજરી ૨,૧૦,૯૪૭ની છે. તે પૈકી ૧,૧૮,૫૯૭ બાળકોએ યોજનાનો લાભ લીધો હતો.

સને ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન આ યોજના હેઠળ રૂા. ૪,૦૨,૦૪૬ યોજનાના વ્યવસ્થા ખર્ચ પેટે પંચાયતોને ફાળવવામાં આવ્યા હતા. જ્યારે કેર સંસ્થાઓને વહીવટી ખર્ચ પેટે રૂા. ૪,૭૯,૦૦૦ આપવામાં આવ્યા હતા.

૮. શિષ્યવૃત્તિઓ

૧. આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓની ફી માફી :

આ યોજના હેઠળ જે વિદ્યાર્થીઓના વાલી કે માબાપની વાર્ષિક આવક રૂા. ૯૦૦થી વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તથા જેઓની વાર્ષિક આવક રૂા. ૧૨૦૦થી વધુ હોય તેવા માધ્યમિક શાળાઓમાં ફી માફી આપવામાં આવે છે. તદુપરાંત જે વાલીઓની વાર્ષિક આવક રૂપિયા ૧૨૦૦થી વધુ અને રૂા. ૧૮૦૦ થી ઓછી હોય તેઓના બાળકોને અર્ધી ફી માફી આપવામાં આવી છે. માધ્યમિક શાળાઓમાં ધો. ૮ થી ૧૧ માં કન્યાઓને ફી માફી આપવાનું સને ૧૯૬૮-૬૯ થી ઠરાવવામાં આવ્યું છે. તેમાં આવકનું ધોરણ રાખવામાં આવેલ નથી. બેકાર મીલ કામદારોનાં બાળકોને પણ આવકના ધોરણે ફી માફી આપવાનું નક્કી કરેલ છે.

છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે કોઠામાં આપી છે:—

| વર્ષ | લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | વાર્ષિક ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|
| | મા. શાળા | કોલેજ | કુલ | મા. શાળા | કોલેજ | કુલ |
| ૧૯૬૮-૬૯ | ૧૮૪૨૨૦ | ૨૧૫૦૭ | ૨૦૫૭૨૭ | ૧૨૮૩૭૧૩૬ | ૪૩૫૫૩૫૦ | ૧૭૧૯૨૪૮૬ |
| ૧૯૬૯-૭૦ | ૧૮૫૬૫૦ | ૨૩૬૬૫ | ૨૦૯૩૧૫ | ૧૩૧૯૪૦૩૦ | ૪૭૨૯૭૬૦ | ૧૭૯૨૩૭૯૦ |

૨. રાજકીય ક્ષેત્રે સહન કરનાર વ્યક્તિઓના બાળકોને શૈક્ષણિક સવલતો.

ભારતમાં રાષ્ટ્રીય આઝાદીની ચળવળમાં ભાગ લીધો હોય અને એ અંગે જેઓને સહન કરવું પડયું હોય તેવી વ્યક્તિઓના બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે સને ૧૯૬૩-૬૪ થી શિષ્યવૃત્તિ, વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) તથા પુસ્તકો અંગે નાણાકીય મદદ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા તથા ખર્ચના આંકડા નીચે પ્રમાણે છે:—

| વર્ષ | વિદ્યાર્થીઓ | | | ખર્ચ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) | પુસ્તકો | શિષ્યવૃત્તિ ફી માફી | વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) | પુસ્તકો | શિષ્યવૃત્તિ ફી માફી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૯૬૮-૬૯ | ૪૬૦ | ૪૬૦ | ૪૬૦ | ૮૩૮૨૫ | ૧૪૯૬૫ | ૩૧૨૧૦ | ૧૩૦૦૯૦ |
| ૧૯૬૯-૭૦ | ૨૧૨ | ૨૧૨ | ૨૧૨ | ૭૮૦૯૦ | ૧૪૭૪૦ | ૩૨૫૦૫ | ૧૨૫૫૩૫ |

૩. સુવર્ણકારોના બાળકોને શૈક્ષણિક સવલતો

આ યોજના ૧૯૬૩-૬૪થી શરૂ કરવામાં આવી છે. આ યોજના નીચે સુવર્ણકારોના બાળકોને ફી માફી, બુકગ્રાન્ટ વિગેરે આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા તથા ખર્ચના આંકડા નીચે પ્રમાણે છે:—

| વર્ષ | લાભ લેનારની સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૧૯૬૮-૬૯ | ૧૭૮ | ૧૦૦૯૯ |
| ૧૯૬૯-૭૦ | ૮૫ | ૩૬૮૮ |

૪-બર્મા, સિલોન, પોર્ટુગીઝથી પાછા ફરેલા હિન્દીઓના બાળકોને શૈક્ષણિક સવલતો.

આ યોજનાની છેલ્લા બે વર્ષની માહિતી નીચે પ્રમાણે છે :—

| વર્ષ | લાભ લેનારની સંખ્યા | | ખર્ચ |
|---|---|---|---|
| ૧૯૬૮--૬૯ | બર્મા હિજરતી | ૯૮ | ૧૪૨૯૪ |
| ૧૯૬૯--૭૦ | ,, | ૧૨૧ | ૧૭૫૬૬ |
| ૧૯૬૮--૬૯ | સિલોન | ... | ... |
| ૧૯૬૯--૭૦ | ,, | ... | ... |
| ૧૯૬૮--૬૯ | પોર્ટુગીઝ | ... | ... |
| ૧૯૬૯--૭૦ | ,, | ૧૫ | ૩૦૪૫ |

બેકાર મીલ કામદારોનાં બાળકોની ફી માફી.

| | સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૧૯૬૮--૬૯ બીજા સત્રથી | ૧૨૨૮ | ૧૦૧૭૯૯ |
| ૧૯૬૯--૭૦ | ૧૫૯૮ | ૧૮૨૮૩૧ |

૬. બીનસરકારી કોલેજોમાં ફી માફી યોજના

બીન સરકારી કોલેજોમાં અપાતી ૮૩૩ ફી માફી યોજના તા. ૨૭-૧૦-૬૯ના સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. એસસીએચ-૧૭૬૯-લ-થી રદ કરી સને ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષથી ૨ાા ટકા થી માફી યોજના આર્ટસ, સાયન્સ, અને કોમર્સ કોલેજ માટે મંજૂર કરવામાં આવી છે. આ ફી માફી નક્કી કરવા માટે દરેક કોલેજમાં એક સમિતિ હોય છે. અને તે સમિતિ નક્કી કરે તેટલાં વિદ્યાર્થીઓને ફી માફી મળે છે. ફી માફી આપવાનું જે વિદ્યાર્થી તેમના માતા પિતા અથવા વાલી સામાન્ય રીતે ગુજરાત રાજ્યના નિવાસી હોય તેવા વિદ્યાર્થીઓ પુરતું જ મર્યાદિત રાખવાનું, અને જેમના માતાપિતા/વાલીની આવક રૂા. ૪૮૦૦ થી વધુ હોય તેવા કોઈપણ વિદ્યાર્થીઓ આ ફી માફી માટે પાત્ર રહેશે નહીં તેવું સરકારી ઠરાવમાં નક્કી કરેલ છે.

| | લાભ લેનારની સંખ્યા | ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧૯૬૯--૭૦ | ૧૯૫૫ | ૫૭૩૮૩૭ |

૭. ઈન્ટર સ્ટેટ સ્કોલરશીપ આંતર રાજ્ય શિષ્યવૃત્તિ.

ગુજરાત રાજ્ય તરફથી સને. ૧૯૬૩-૬૪થી આ યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના વતની હોય અને ગુજરાત રાજ્ય બહારના અન્ય પ્રાંતમાં ઉચ્ચ અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે છે. આ યોજનાની માહિતી નીચે પ્રમાણે છે.

| વર્ષ | લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૧૯૬૮--૬૯ | ૩૦ | ૩૫૧૦૦ |
| ૧૯૬૯-૭૦ | ૩૦ | ૩૩૦૦૦ |

૮. ઉચ્ચ અભ્યાસ માટે અપાતી શિષ્યવૃત્તિ

| વર્ષ | શિષ્યવૃત્તિની સંખ્યા | | | ખર્ચ |
|---|---|---|---|---|
| | જુના | નવા | કુલ | |
| ૧૯૬૮--૬૯ | ૯૩૮ | ૫૦૨ | ૧૪૪૦ | ૩,૧૬,૩૩૦ |
| ૧૯૬૯-૭૦ | ૯૯૮ | ૫૦૨ | ૧૫૦૦ | ૩,૧૯,૮૯૦ |

૯. રાષ્ટ્રિય શિષ્યવૃત્તિ, રાષ્ટ્રીય લોન, અને શિક્ષકોના બાળકોને મળતી શિષ્યવૃત્તિ.

| શિષ્યવૃત્તિનું નામ | વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા. | | | ખર્ચ |
|---|---|---|---|---|---|
| | | જુના | નવા | કુલ | રૂા. |
| (૧) રાષ્ટ્રિય શિષ્યવૃત્તિ | ૧૯૬૮--૬૯ | ૧૦૩૨ | ૨૪૩ | ૧૨૭૫ | ૮૬૬૮૪૧ |
| | ૧૯૬૯--૭૦ | ૧૦૪૭ | ૨૯૯ | ૧૩૪૬ | ૧૦૨૦૦૦૦ |
| (૨) રાષ્ટ્રિય લોન | ૧૯૬૮--૬૯ | ૨૩૧૮ | ૬૯૭ | ૩૦૧૫ | ૨૧૯૩૨૮૫ |
| | ૧૯૬૯--૭૦ | ૨૭૫૨ | ૯૬૩ | ૩૭૧૫ | ૨૫૭૪૧૧૧ |
| (૩) શિક્ષકોના બાળકો માટે નેશનલ શિષ્યવૃત્તિ | ૧૯૬૮--૬૯ | ૧૦૮ | ૨૦ | ૧૨૮ | ૧૦૪૯૧૩ |
| | ૧૯૬૯--૭૦ | ૧૨૭ | ૨૦ | ૧૪૭ | ૧૧૯૬૨૭ |

ડ—ચિત્રકામ અને હુન્નર શિક્ષણ.

રાજ્ય પરીક્ષા બોર્ડ અસ્તિત્વમાં આવતા ગુજરાત રાજ્યની હાયર આર્ટ અને ચિત્રકામ કક્ષા પરીક્ષાનું સંચાલન તે કચેરીથી કરવામાં આવે છે. આ પરીક્ષા અંગે ટેકનીકલ સલાહ તેમજ સહાય નિરીક્ષક ચિત્રકામ અને હુન્નરકળા તરફથી આપવામાં આવે છે.

હેવાલનાં વર્ષ દરમિયાન નિરીક્ષક ચિત્રકામ અને હુન્નર કળા અને મદદનીશ નિરીક્ષક, મળીને રાજ્યની માધ્યમિક શાળાઓ અને રાજ્યની ડી. ટી. સી. સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

હેવાલના વર્ષ દરમિયાન ચિત્રકામ અને ઈતર પરીક્ષામાં બેઠેલા અને ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા નીચેના કોઠામાં દર્શાવી છે.

ચિત્રકામ અને હુન્નર શિક્ષણ

| નં. | પરીક્ષા | ઉપસ્થિત | સંખ્યા | ઉત્તિર્ણ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | ૧૯૬૮--૬૯ | ૧૯૬૯--૭૦ | ૧૯૬૮--૬૯ | ૧૯૬૯--૭૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | પ્રાથમિક કક્ષા ... ... | ૨૭૪૮૬ | ૨૫૫૬૩ | ૧૫૮૩૨ | ૧૫૦૧૮ |
| ૨. | માધ્યમિક કક્ષા ... ... | ૧૨૭૯૪ | ૧૧૯૯૫ | ૭૭૨૩ | ૮૮૩૦ |
| ૩. | ડી. ટી. સી. ... ... | ૩૪૩ | ૩૧૫ | ૨૬૬ | ૨૩૭ |
| ૪. | ડી. એમ. ... ... | ૯૩ | ૧૧૭ | ૪૬ | ૩૯ |
| ૫. | એ. એમ. ... ... | ૧૦૪ | ૧૦૭ | ૧૯ | ૨૬ |
| ૬. | એલી. પેઈન્ટીંગ ... | ૨૬૨ | ૨૪૫ | ૧૮૨ | ૩૬ |
| ૭. | ઈન્ટર „ ... ... | ૮૨ | ૭૨ | ૩૬ | ૧૬ |
| ૮. | એડવા. „ ... ... | ૪૭ | ૪૬ | ૩૨ | ૨૬ |
| ૯. | ડીપ્લોમા આર્ટ ... ... | ૩૪ | ૩૬ | ૨૪ | ૧૫ |
| ૧૦. | એલી. કોમર્શી ... ... | ૭૯ | ૮૩ | ૩૦ | ૬૧ |
| ૧૧. | ઈન્ટર કોમર્શી. ... ... | ૨૪ | ૩૫ | ૧૧ | ૨૮ |

| ૧ | ૨ | | | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨. | અડવા. કોમર્શી | ... | ... | ૧૮ | ૧૨ | ૧૨ | ૬ |
| ૧૩. | ડીપ્લોમા „ | ... | ... | ૨૦ | ૨૦ | ૧૧ | ૧૬ |
| ૧૪. | એલી. મોડે. | ... | ... | ૭ | ૬ | ૪ | ૪ |
| ૧૫. | ઈન્ટર „ | ... | ... | ૧ | ૫ | ... | ૩ |
| ૧૬. | એડવાન્સ | ... | ... | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧૭. | ડીપ્લોમા „ | ... | ... | ૫ | ૩ | ૨ | ૩ |

ઢ. રાજ્ય શિક્ષણ ભવન.

છેલ્લા છ વર્ષોથી રાજ્ય શિક્ષણ ભવન શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાની દિશામાં કાર્ય કરી રહ્યું છે. તેની મુખ્યત્ત્વે શૈક્ષણિક પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે:—

(૧) તાલીમ વર્ગો (નિરીક્ષકો અને અધ્યાપન મંદિરના અધ્યાપકો માટે)

(૨) પરિસંવાદો અને કાર્યશિબિરો

(૩) વિજ્ઞાન શિક્ષણ સુધારણા

(૪) અભ્યાસ અને સંશોધન કાર્ય

(૫) પ્રકાશન

(૬) સેવા વિસ્તરણ કેન્દ્ર.

વર્ષ દરમિયાન રાજ્યમાં વલસાડ, ભરૂચ, પંચમહાલ, વડોદરા, ખેડા, મહેસાણા, સાબરકાંઠા, જૂનાગઢ, સુરત, જિલ્લાઓમાં નિરીક્ષકો અને પ્રાથમિક શાળાઓના આચાર્યો તેમજ શિક્ષકોની શૈક્ષણિક ચર્ચા સભા ગોઠવવામાં આવી હતી. આદિવાસી વિસ્તાર માટે સુરત જિલ્લામાં સોનગઢમાં અને વડોદરા જિલ્લામાં બે ચર્ચા સભાઓ યોજી હતી. મોટા ભાગના શિક્ષકો ઉપરાંત સ્થાનિક કાર્યકરોએ પણ આ ચર્ચાઓમાં ભાગ લીધો હતો. રાજ્યના છ વિભાગોમાં નવા અભ્યાસક્રમના પાયાના ખ્યાલો અને અભિનવ શિક્ષણ પ્રવૃત્તિઓ તથા પ્રયોગોથી શિક્ષકોને વાકેફ કરવાના આશયથી શિક્ષણભવને અભિસ્થાપન વર્ગોની વિશિષ્ટ પ્રવૃત્તિ હાથ ધરી હતી.

ઉપર જણાવ્યા ઉપરાંત શિક્ષણના વિકાસ અને સુધારણામાં ઘણી જ અગત્યની ગણી શકાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી તેમાંની કેટલીક નીચે પ્રમાણે છે.—

(૧) જુદી જુદી અભ્યાસક્રમ સમિતિઓ.

(૨) શિક્ષણની સ્ટેન્ડીંગ કમિટી.

(૩) સેવા વિસ્તરણ કેન્દ્ર હેઠળની શાળાઓમાં અક્ષર સુધારણા, ઉચ્ચાર શુધ્ધિ અને સ્વચ્છતાઓને આવરી લેતો પ્રોજેક્ટ.

પ્રકરણ-૧૨

# ટેકનિકલ શિક્ષણ

૧. તંત્ર રચના.

૧.૧. ૧૯૪૮ પહેલાં ટેકનિકલ શિક્ષણનો વહીવટ અંશત: શિક્ષણ સંચાલક અને અંશત: ઉદ્યોગ સંચાલકના નિયંત્રણ હેઠળ હતો. ટેકનિકલ શિક્ષણ એક મહત્ત્વનું શિક્ષણ હોવાથી અને દેશના ઝડપી ઔદ્યોગિકરણ માટે તેને જોઈતું પ્રાધાન્ય મળી રહે તે માટે તે ખાતાની અલગ સ્થાપના ૧૯૪૮ના જૂન માસથી કરવામાં આવી.

૧.૨ મુંબઇ રાજ્યનું વિભાજન થતાં ગુજરાત રાજ્યે ટેકનિકલ શિક્ષણ ખાતાની કચેરી અમદાવાદ મુકામે તા. ૧લી મે ૧૯૬૦થી શરૂ કરી અને ઇજનેરી, ઔદ્યોગિક તથા ધંધાકીય શિક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરી.

૧.૩ ટેકનિકલ શિક્ષણ વહીવટી શાખાના વડાને નિયામકનો હોદ્દો અપાયેલ છે. તેમને પાંચ ગુજરાત શૈક્ષણિક સેવા વર્ગ-૧ અને સાત વર્ગ-૨ના અધિકારીઓ સહાય કરે છે.

૧.૪ ટેકનિકલ શિક્ષણ ખાતાને સહાય કરવા માટે સરકાર તરફથી નીચેની ચાર પરિષદો અને એક બોર્ડની રચના કરવામાં આવેલી છે:—

અ. રાજ્ય ટેકનિકલ શિક્ષણ પરિષદ.

બ. રાજ્ય વ્યવસાયિક તાલીમ પરિષદ.

ક. રાજ્ય એપ્રેન્ટીસશીપ પરિષદ.

ડ. ઉદ્યોગ સંપર્ક બોર્ડ (ઇન્ડસ્ટ્રીયલ લાયઝન બોર્ડ).

ઇ. ટેકનિકલ પરીક્ષા બોર્ડ.

૧.૫ રાજ્ય ટેકનિકલ શિક્ષણ પરિષદ રાજ્યમાં ચાલતા ડિપ્લોમા તથા સર્ટિફિકેટ અભ્યાસક્રમો નક્કી કરે છે. પરીક્ષા લેવાના તથા ઇતર સંબંધિત કાર્યો હાથ ધરે છે. તેમજ સંબંધિત બાબતોમાં રાજ્ય સરકારને સલાહ સૂચન આપે છે.

૧.૬. રાજ્ય વ્યવસાયિક તાલીમ પરિષદ તથા રાજ્ય એપ્રેન્ટીસશીપ પરિષદના કાર્યક્ષેત્રો સંબંધિત રાષ્ટ્રીય પરિષદ સાથે સંકળાયેલ હોય છે અને તે સંબંધિત તાલીમ બાબતોમાં રાજ્ય સરકારને સલાહ સૂચન આપે છે.

૧.૭. રાજ્યમાં ચાલતા ડિપ્લોમા તથા સર્ટિફિકેટ અભ્યાસક્રમની પરીક્ષા ટેકનિકલ પરીક્ષા બોર્ડ લે છે. તદ્ઉપરાંત તેને લગતા અભ્યાસક્રમ તૈયાર કરે છે.

૧.૮ ઔદ્યોગિક એકમો એ સાધેલ પ્રગતિને ધ્યાનમાં લઇ ખૂબ જ આવશ્યક ગણેલ ટેકનિકલ શિક્ષણના ઉત્કર્ષ માટે આવશ્યક વાતાવરણ ઉભું કરવા માટે ટેકનિકલ સંસ્થાઓના અને ઉદ્યોગોના પ્રતિનિધિઓ સાથે મળી ડિગ્રી તેમજ ડિપ્લોમા કક્ષાએ ટેકનિકલ શિક્ષણના વિકાસને લગતા કાર્યક્રમોની દરખાસ્ત તૈયાર કરે તે આપવા માટે તેમજ સલાહ સૂચનો આપવા માટે સરકારશ્રીએ ઉદ્યોગ સંપર્ક બોર્ડ (ઇન્ડસ્ટ્રીયલ લાયઝન બોર્ડ)ની સ્થાપના કરી છે. આ સ્થાપના સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નંબર જીઆરસી-૩૦૬૭-૭૭૮૬૭-ધ. તા. ૨૨મી જાન્યુઆરી ૧૯૭૦ થી કરેલ છે.

૨. શિક્ષણ પ્રકાર

શિક્ષણ પ્રકાર નીચે પ્રમાણે છે :—

| | |
|---|---|
| ૧. કોલેજો | અ. અનુસ્નાતક<br>બ. સ્નાતક. |
| ૨. પોલિટેકનિકો ડિપ્લોમા અભ્યાસક્રમો. | અ. એસ. એસ. સી. વિદ્યાર્થીની અને વિદ્યાર્થીનીઓ માટે. |
| ૩. માધ્યમિક શિક્ષણ સંસ્થાઓ. | અ. ટેકનિકલ શાળાઓ.<br>બ. જુનિયર ટેકનિકલ શાળાઓ. |

| | |
|---|---|
| ૪. હુન્નર તાલીમ સંસ્થાઓ સર્ટિફીકેટ અભ્યાસક્રમો. | અ. જુદા જુદાં વ્યવસાયો માટેના તાલીમ વર્ગો.<br>બ. બહેનો માટેના શિક્ષણ વર્ગો. |
| ૫. ઉદ્યોગો માટે જોઇતા કારીગરોની તાલીમ સંસ્થાઓ. | અ. ઔદ્યોગિક તાલીમ વર્ગો.<br>બ. ઔદ્યોગિક કામદારો માટે ખંડ સમયના વર્ગો.<br>ક. એપ્રેન્ટિસ યોજના ૧૯૬૧ના એપ્રેન્ટિસ ધારા મુજબ. |
| ૬. પ્રકીર્ણ પ્રવૃત્તિઓ. | અ. શિષ્યવૃત્તિ પ્રદાન.<br>બ. બિન સરકારી સંસ્થાઓને અનુદાન વગેરે. |

૩. સંસ્થાઓ, અભ્યાસક્રમો અને વિગતો

૩.૧. અનુસ્નાતક અભ્યાસક્રમ.

અનુસ્નાતક અભ્યાસક્રમો રાજયની ઇજનેરી કોલેજોમાં ચાલે છે. ૧૭ જુદા જુદા વિષયોમાં અભ્યાસક્રમો ચાલે છે. કુલ પ્રવેશ શકિત ૧૩૫ છે. આ ઉપરાંત ફાર્મસીમાં અમદાવાદ અનુસ્નાતક અભ્યાસક્રમ માટે ૨૦ વધુ પ્રવેશ શકિત છે.

૩.૨. સ્નાતક અભ્યાસક્રમ.

સ્નાતક અભ્યાસક્રમો રાજયમાં જુદી જુદી છ ઇજનેરી કોલેજોમાં ચાલે છે. અમદાવાદ, આણંદ, મોરબી, વડોદરા, સુરત અને નડિયાદ જુદા જુદા નવ અભ્યાસક્રમોની જોગવાઇ કરવામાં આવી છે.

૩.૨. અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ.

આ ઉપરાંત અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ માટે અને અનુ-ડિપ્લોમા અભ્યાસક્રમ માટે વડોદરા મુકામે સંસ્થામાં અનુક્રમે ૧૦ અને ૫ની પ્રવેશ શકિત છે. સિવિલ મિકેનિકલ ઇલેકટ્રીકલ કે મિકેનિકલ એન્જીનીયર ટેક્ષટાઇલ ટેકનોલૉજી ટેક્ષટાઇલ એન્જીનીયરીંગ આર્કીટેકચર, ઇલેકટ્રોનિકસ અને મેટલરજી કુલ પ્રવેશ શકિત ૧૬૬૦ છે. ઉપરાંત અમદાવાદમાં ફાર્મસી કોલેજ ચાલે છે. અને તેની કુલ પ્રવેશ શકિત ૭૫ની છે. સ્કૂલ ઓફ આર્કીટેકચર અમદાવાદમાં ચાલે છે. અને તેની પ્રવેશ શકિત ૩૦ની છે. આથી કુલ શકિત ૧૭૬૫ની છે.

૩.૩ અમદાવાદ મુકામે એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગમાં ખંડ સમયના સ્નાતક અભ્યાસક્રમો ઓકટોબર ૧૯૬૮ થી શરૂ કરવામાં આવ્યા છે. જેની પ્રવેશ શકિત ૧૦૦ ની છે.

૩.૪ પોલિટેકનિકો

ચાલુ ડિપ્લોમા અભ્યાસક્રમો.

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા | ૧૨ |
| પ્રવેશ સંખ્યા | ૨૭૪૫ |
| સંસ્થાઓની સંખ્યા | ૧૮ |

૩.૪. સંસ્થાઓ

ડિપ્લોમા અભ્યાસક્રમો ૧૮ સંસ્થાઓમાં ચાલે છે. અમદાવાદ ૩, પાટણ, મોરબી, રાજકોટ—૨, ભાવનગર, પોરબંદર, આદીપુર, દાહોદ, વડોદરા, સુરત, ભરૂચ, વલસાડ, વલ્લભવિદ્યાનગર, આણંદ અને નડિયાદ.

૩. ૫ ચાલુ અભ્યાસક્રમો

પોલિટેકનિકોમાં જુદા જુદા ૧૨ ચાલુ અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવી છે. સિવિલ, મિકેનિકલ, ઈલેકિટ્રકલ, એન્ડ રેડિયો એન્જિનિયરીંગ, ઇલેકટ્રોનિકસ એન્ડ સાઉન્ડ એન્જિનિયરીંગ, ઓટોમોબાઈલ, ટેક્ષટાઇલ, મેન્યુફેકચર, ટેક્ષટાઇલ કેમિસ્ટ્રી ટેક્ષટાઈલ, ટેકનોલોજી, મેટલર્જી, ફાર્મસી ટેકનિશિયન, ઈનકેમિકલ ઇન્ડસ્ટ્રી. અભ્યાસક્રમની કુલ પ્રવેશ શકિત ૨૭૦૦ ની છે.

૩.૬. વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમોની માહિતી. (Diversified Course)

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા | ૫ |
| પ્રવેશ શકિત | ૩૧૦ |
| સંસ્થાની સંખ્યા | ૭ |

૩.૭. વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમો.

જૂન ૧૯૬૯ના વર્ષથી વૈવિધ્યકરણ ડિપ્લોમા અભ્યાસક્રમો હાલની સાત પોલિટેકનિકમાં શરૂ કરવામાં આવેલ છે. ૫ જુદા જુદા અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવેલ છે :—

૧. ટેકનિશિયન ઈન મીકેનીકલ ઈન્ડસ્ટ્રીઝ

૨. કન્સ્ટ્રકશન એન્ડ સ્ટ્રકચર.

૩. મેન–મેઈડ ફાઈબર્સ ફેબ્રીકસ

૪. મેન–મેઈડ ફાઈબર્સવિટ પ્રોસેસીંગ.

૫. પ્રોડકશન એન્જિનિયરીંગ.

૩.૮. ખંડ સમયના અભ્યાસક્રમો.

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા | ૩ |
| પ્રવેશ શકિત | ૪૨૫ |
| સંસ્થાની સંખ્યા | ૮ |

૩.૯. સંસ્થાઓ

ખંડ સમયના ડિપ્લોમા અભ્યાસક્રમો જુદા જુદા ૮ સંસ્થાઓમાં ચાલે છે. અમદાવાદ, વડોદરા, ભાવનગર, સુરત, ભરૂચ, દાહોદ, રાજકોટ, અને વલસાડ. અમદાવાદ અને વડોદરામાં ખંડ સમયના અભ્યાસક્રમો ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન શરૂ થયેલ હતા. જ્યારે ભાવનગર, સુરત, ભરૂચ, દાહોદ, રાજકોટ અને વલસાડમાં ખંડ સમયના અભ્યાસક્રમો ઓગસ્ટ ૧૯૬૯ થી શરૂ કરવામાં આવેલ છે.

૩.૧૦. અભ્યાસક્રમો

સિવિલ, મિકેનિકલ અને અને ઈલેકટ્રીકલ ડિપ્લોમા ખંડ સમયના અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવેલ છે.

૩.૧૧. કન્યા પોલિટેકનિક:–

| | |
|---|---|
| અભ્યાસક્રમોની સંખ્યા | ૩ |
| પ્રવેશ શકિત | ૧૮૦ |
| સંસ્થાની સંખ્યા | ૨ |

૩.૧૨. સંસ્થાઓ

અમદાવાદ અને સુરત મુકામે કન્યા પોલિટેકનિક ચાલે છે.

### ૩.૧૩. અભ્યાસક્રમો

ત્રણ જુદા જુદા અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવી છે.

૧. સેક્રેટરીઅલ પ્રેકટીસ ઈન બીઝનેસ.
કોરસ્પોન્ડસ અને સ્ટેનોગ્રાફી.

૨. ઈલેકટ્રોનીકસ અને રેડિયો એન્જિનિયરીંગ.

૩. આર્કિટેકચરલ આસીસ્ટન્ટશીપ

### ૩.૧૪. ટેકનિકલ શાળાઓ

રાજ્યમાં વિવિધલક્ષી અને ટેકનિકલ શાળાઓની સંખ્યા (ટેકનિકલ અભ્યાસક્રમ સાથેની (સને ૧૯૬૯–૭૦ ના વર્ષમાં ૪૪ની હતી. અને તેમાં ૧૦૦૯૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. ઘણા ખરા કેન્દ્રમાં સરકાર જે ટેકનિકલ શાળાઓ ચલાવે છે તેમાં સ્થાનિક સ્કૂલોના વિદ્યાર્થીઓ એસ.સી.સી ના ટેકનિકલ વિષયો શીખવા માટે આવે છે

#### જુનિયર ટેકનિકલ શાળા

વલ્લભવિદ્યાનગર ખાતે એક જુનિયર ટેકનિકલ શાળા ૬૦ વિદ્યાર્થીઓની પ્રવેશ શકિત સાથે ચાલે છે. સને ૧૯૬૬–૬૭ માં ભાવનગર અને કડી મુકામે જુનિયર ટેકનિકલ શાળા શરૂ કરવામાં આવી. જેની દરેકની પ્રવેશ શકિત ૬૦ ની છે. આ યોજનાના મુલ્યાંકન અભ્યાસ માટે એક કમિટી નીમવામાં આવેલ હતી. આ કમિટીની ભલામણ મુજબ હાલની જુનિયર ટેકનિકલ શાળાઓ બંધ કરવામાં આવનાર છે.

### ૩.૧૫. હુન્નર તાલીમ

જુદા જુદા વ્યવસાયો માટે તાલીમ આપતી ૧૭૪ સંસ્થાઓ છે. આ સંસ્થાઓમાં જુદા જુદા વિષયોમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને તાલીમ અપાય છે. આ પૈકી પ્રમાણિત ઈજનેરી અભ્યાસક્રમો માટે ૪૦ સંસ્થાઓ ૨૭૧૩ વિદ્યાર્થીઓને તાલીમ આપવાની પ્રવેશ શકિત ધરાવે છે અને બાકીની ૧૩૪ સંસ્થાઓમાં ૨૭૧૫ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ શિવણ અને ભરતગુંથણ વગેરે વર્ગોમાં તાલીમ લઈ રહ્યા છે. આ અભ્યાસક્રમ રાજ્ય ટેકનિકલ શિક્ષણ પરિષદે માન્ય કરેલ છે.

૧૯૬૮ ના વર્ષથી અંધજનો માટે અંધશાળા, અમદાવાદમાં ચાલતા સુથારી, આર્મેચર વાઈન્ડીંગ હેન્ડ અને પાવરલુમ વિવિંગ અને મિકેનિકસના વર્ગો ચલાવવામાં આવે છે. આ વર્ગોની પ્રવેશશકિત ૪૦ ની છે.

### ૩.૧૬. ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો

રાજ્યમાં ૧૮ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો નીચે બતાવેલ જગ્યાએ ચાલે છે:—

૧. અમદાવાદ ૨. આદીપુર ૩. વડોદરા ૪. જુનાગઢ ૫. દાહોદ ૬. ગોધરા ૭. જામનગર ૮. રાજકોટ ૯. સુરત ૧૦. ભાવનગર ૧૧. સુરેન્દ્રનગર ૧૨. પાલનપુર ૧૩. અમરેલી ૧૪. મોડાસા ૧૫. વિસનગર ૧૬. બીલીમોરા ૧૭. અંકલેશ્વર ૧૮. ગોંડલ.

ઉપરની સંસ્થાઓમાં તાલીમાર્થીઓને સતત એક અને બે વર્ષની તાલીમ આપવામાં આવે છે. સને ૧૯૬૯–૭૦ના વર્ષમાં ૧૮ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોની પ્રવેશશકિત ૫૯૦૪ તાલીમાર્થીઓની હતી. અને તેમાં નીચેના જુદા જુદા વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવી હતી:—

૧. લુહારી કામ. ૨. સુથારી કામ. ૩. કલોક એન્ડ વોચ રીપેરીંગ ૪. ક્રાફટમેન મિકેનિક ૫. ક્રાફટમેન સિવિલ. ૬. ઇલેકિટ્રશીયન ૭. ઈલેકટ્રોપ્લેટર. ૮. ફીટર. ૯. મશીનીસ્ટ. ગ્રાઈન્ડર. ૧૦. મિકેનિક ઈન્સ્ટ્રુમેન્ટ મોટર. ૧૧. મિકેનિક ડીઝલ. ૧૨. મિકેનિક મોટર. ૧૩. મશીનીસ્ટ. ૧૪. મોલ્ડર. ૧૫. પર્ટન મેકર. ૧૬. પેઈન્ટર. ૧૭. પ્લમ્બર ૧૮. રેડિયો મેકેનિક. ૧૯, રેફ્રિજરેશન મિકેનિક. ૨૦. સર્વેયર. ૨૧. શીટ મેટલ વર્કર. ૨૨. ટર્નર. ૨૩. વેલ્ડર ગેસ અને ઈલે. ૨૪. વાયરમેન. ૨૫. મકાન બાંધકામ. ૨૬. મશીનીસ્ટ. ૨૭. ટુલમેકર. ૨૮. ફ્રુટવેર.

આ ઉપરાંત ઔદ્યોગિક કામદારોનાં ટેકનિકલ જ્ઞાનમાં વધારો થાય એ હેતુથી બે વર્ષની મુદતના ખંડ સમયના વર્ગો અમદાવાદમાં (૨૦૦ બેઠકો), રાજકોટ (૬૦ બેઠકો), જામનગર (૧૦૦ બેઠકો), અને સુરત (૬૦ બેઠકો), મુકામે શરૂ કરવામાં આવ્યા છે.

૧૯૬૧ના એપ્રેન્ટિસશીપ ધારાની જોગવાઈને અનુલક્ષીને જુદા જુદા કારખાનાઓમાં ટુંકી તેમજ લાંબી મુદતની તાલીમ ૫૯૫૫ તાલીમાર્થીઓ વર્ષ દરમિયાન લઈ રહ્યા હતા. ઉપરાંત ઔદ્યોગિક તાલીમ ભારત સરકારના સહયોગથી યોજાઈ છે અને એ પ્રકારની તાલીમની વ્યવસ્થા આખા દેશમાં સરખા ધોરણે અપાઈ રહી છે.

૩.૧૭. સમીક્ષા કોઠો

જુદી જુદી ટેકનિકલ શૈક્ષણિક કક્ષાએ પ્રાપ્ય સગવડોનો કેટલા વ્યાપક પ્રમાણમાં લાભ લેવાયો છે તેનું દર્શન નીચે આપેલા ૧૯૬૯–૭૦ના આંકડાઓ પરથી આપોઆપ થશે.

| સંસ્થાના પ્રકાર | સંસ્થાની સંખ્યા | અભ્યાસક્રમનો પ્રકાર | અને સંખ્યા | પ્રવેશ-શકિત |
|---|---|---|---|---|
| ઈજનેરી કોલેજો | ૩ | અનુસ્નાતક | ૧૭ | ૧૩૫ |
| | ૬ | સ્નાતક | ૯ | ૧૬૬૦ |
| | ૧ | ખંડ સમયના | ૧ | ૨૦ |
| ઈતર સ્નાતક કક્ષાની કોલેજો | ૧ | સ્નાતક | ૩ | ૧૦૦ |
| ઈતર સ્નાતક કક્ષાની સંસ્થાઓ | ૨ | સ્નાતક | ૨ | ૧૦૫ |
| | ૧ | અનુસ્નાતક ડિપ્લોમા | ૧ | ૧૦ |
| | ૨ | અનુ-ડિપ્લોમા | ૧ | ૫ |
| પોલિટેકનિકો | ૧૮ | ડિપ્લોમા | ૧૨ | ૨૭૪૫ |
| | ૮ | ખંડ સમયના ડિપ્લોમા | ૩ | ૪૨૫ |
| | ૨ | ડિપ્લોમા બહેનો માટે | ૩ | ૧૮૦ |
| | ૮ | વૈવિધ્યપૂર્ણ ડિપ્લોમા | ૫ | ૩૧૦ |
| માધ્યમિક ટેકનિકલ શાળાઓ. | ૪૪ | એસ. એસ. સી.ના ટેકનિકલ વિષયો. | ... | ૧૦૦૯૭ |
| જુનિયર ટેકનિકલ શાળાઓ. | ૩ | ટેકનિકલ તથા બીજા વિષયો | ... | ક્રમશ: બંધ કરવામાં આવે છે. |
| હુન્નર તાલીમ સંસ્થાઓ. | ૪૦ | જુદા જુદા વિષયો | | ૨૭૧૩ |
| સર્ટિફિકેટ અભ્યાસક્રમો માટે. | ૧૩૪ | શિવણ વર્ગો | | ૨૭૧૫ |
| ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ. | ૧૮ | તાલીમ વ્યવસાય | ૨૮ | ૫૯૦૪ |
| ખંડ સમયના ઔદ્યોગિક કામદારો માટેનાં વર્ગો. | ૪ | ઔદ્યોગિક તાલીમ. | ૫ | ૪૨૦ |
| એપ્રેન્ટિસશીપ યોજના. | ૧૮૯૪ | જુદા જુદા વ્યવસાયો. | ૫૪ | ૩૭૫૨ |

૪. ખર્ચ

| | ૨૮–એજ્યુકેશન, | ૩૮–લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ | કુલ |
|---|---|---|---|
| સરકારી સંસ્થાઓ | ૧,૨૧,૩૮,૯૮૩ | ૫૧,૩૩,૭૫૩ | ૧,૭૨,૭૨,૭૩૬ |
| બીન સરકારી સંસ્થાઓ | ૨૬,૧૩,૯૫૫ | ... | ૨૬,૧૩,૯૫૫ |
| | ૧,૪૭,૫૨,૯૩૮ | ૫૧,૩૩,૭૫૩ | ૧,૯૮,૮૬,૬૯૧ |

૫. પ્રકીર્ણ પ્રવૃત્તિઓ

૫.૧. આ ઉપરાંત ખાતા તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ આપવાનું કામ કરવામાં આવે છે, રાજ્યમાં જે ટેકનિકલ અભ્યાસક્રમોની જોગવાઈ કરવામાં આવી નથી તેવા અભ્યાસક્રમો માટે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે કુલ ૯ શિષ્યવૃત્તિઓ મંજૂર કરવામાં આવે છે. તેમાં સ્નાતક અભ્યાસક્રમો માટે રૂા. ૧૨૦ અને ડિપ્લોમા અભ્યાસક્રમ માટે રૂા. ૭૫ માસિક કુલ રકમ મંજૂર કરવામાં આવે છે.

૫.૨. બિન સરકારી સંસ્થાઓને ગ્રાન્ટ-ઈન-એઈડના નિયમો જે આધીન રહી અનુદાન આપવામાં આવે છે.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.